દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 68 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 March 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૦ માર્ચ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સીએએનો અમલ રોકવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


ગુજરાતમાં રાજીનામાનું નાટક ૯

નવી દિલ્હીઃ પાકિસ્તાન, બંગલાદેશ અને અફઘાનિસ્તાનમાંના ત્રાસથી કંટાળીને ત્યાંથી નાસીને ભારત આવેલા ત્યાંની લઘુમતી કોમ (હિન્દુ, જૈન, બૌદ્ધ, પારસી, શીખ અને ખ્રિસ્તી)ના લોકોને ભારતીય નાગરિકતા આપતા નાગરિકત્વ સુધારા ધારા (સીએએ)નો અમલ અટકાવવાનો સર્વોચ્ચ અદાલતે મંગળવારે ઈનકાર કર્યો હતો અને સીએએને પડકારતી ૨૩૭ અરજીનો જવાબ આપવા કેન્દ્ર સરકારને ત્રણ અઠવાડિયાં (આઠ એપ્રિલ) સુધીનો સમય આપ્યો હતો.

આ કાયદા અંતર્ગત પાકિસ્તાન, બંગલાદેશ અને અફઘાનિસ્તાનથી નાસીને ભારત આવેલા ત્યાંની લઘુમતી કોમ (હિન્દુ, જૈન, બૌદ્ધ, પારસી, શીખ અને ખ્રિસ્તી)ના લોકો ભારતનું નાગરિકત્વ માગી શકશે.

સરકાર વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ મામલે કોઈપણ પ્રકારનું નિવેદન કરવાનું નકારી કાઢ્યા બાદ વરિષ્ઠ વકીલ કપિલ સિબલ અને ઈંદિરા જયસિંહે વિનંતી કરતા કોર્ટે જણાવ્યું હતું કે આઠ એપ્રિલ અગાઉ જો આ કાયદા અંતર્ગત કોઈને ભારતનું નાગરિકત્વ આપવામાં આવશે તો તેવા સંજોગોમાં અરજકર્તાઓ તેને કોર્ટમાં પડકારી શકશે.

અગાઉ તુષાર મહેતાએ આ અરજીઓ અંગે પ્રતિક્રિયા આપવા ચાર અઠવાડિયાના સમયની માગણી કરી હતી.

૨૩૭ અરજીની યોગ્યતાના આધારે અમારે એ અંગે વિગતવાર સોગંદનામું દાખલ કરવું પડશે એમ જણાવતાં તુષાર મહેતાએ કોર્ટને કહ્યું હતું કે વચગાળાની ૨૦ અરજીઓ દાખલ કરી દેવામાં આવી છે અને બીજી અનેક અરજીઓ દાખલ કરવાની તૈયારીમાં હોવાને કારણે અમને ચાર અઠવાડિયાના સમયની જરૂર છે. મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે આ કેસની સુનાવણી કરી હતી. અરજકર્તાઓએ કેરળસ્થિત રાજકીય પક્ષ ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ, વિપક્ષના નેતા જયરામ રમેશ (કોંગ્રેસ) અને ટીએમસીના માહુઆ મોઈત્રાને પણ સામેલ કર્યા હતા.

આ કેસની આગામી સુનાવણી માટે નવ એપ્રિલ મુકરર કરવામાં આવી છે.

આ કાયદો મુસ્લિમ સમુદાયની વિરુદ્ધમાં હોવાનુ જણાવી અરજકર્તાઓએ ભેદભાવયુક્ત સીએએનો અમલ રોકી દેવાની માગણી કરી હતી.

જોકે અરજકર્તાઓએ કહ્યું હતું કે સીએએના નિયમો હજુ નૉટિફાય કરવામાં ન આવ્યા હોવાને કારણે સરકાર આ માટે વધુ સમય માગી રહી છે તેનો અમે વિરોધ નહીં કરીએ. સમસ્યા એ છે કે જાહેરનામું ચાર વર્ષ બાદ બહાર પાડવામાં આવ્યું હતું.

સરકારે આ માટે વધુ સમય માગ્યો હોવાની વિનંતી કરી હોવાનું કોર્ટે જણાવ્યા

(જુઓ પાનું ૨) ▸▸


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 60,210/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
આજે સોનુ ખરીદી કરવાનો શુભ દિવસ
પુષ્ય નક્ષત્ર અમૃત યોગ
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


# સેન્સેક્સમાં ૭૩૬નો કડાકો

## બૅન્ક ઑફ જાપાને ૧૭ વર્ષ બાદ પહેલી વખત વ્યાજદરમાં વધારો કર્યો, એશિયાઇ બજારોમાં નરમાઇનો ઝટકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૅન્ક ઑફ જાપાને ૧૭ વર્ષના લાંબા સમયગાળા બાદ નકારાત્મક વ્યાજદરના ચલણને બ્રેક મારતા વ્યાજદર વધાર્યા હોવાથી એશિયાઇ બજારોમાં આવેલી નબળાઇ સાથે સ્થાનિક બજારમાં ખરડાયેલા માનસ વચ્ચે વેચવાલીનું જોર વધતા સેન્સેક્સમાં ૭૩૬ પોઇન્ટનો કડાકો બોલી ગયો અને રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૪.૮૬ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે.

## રોકાણકારોના ₹ ૪.૮૬ લાખ કરોડનું ધોવાણ

મંદીવાળા મંગળવારે બજાર પર ફરી હાવી થઇ ગયા હતા અને સાર્વત્રિક વેચવાલીનો હાહાકાર મચાવીને નિફ્ટીને ૨૨,૦૦૦ની નીચે ધકેલી દીધો હતો. સેન્સેક્સ પણ ૭૨,૦૦૦ની નીચે જઇને માંડ એ સપાટીની ઉપર પાછો ફરી શક્યો હતો.

એકંદર મંદીના માહોલમાં જોરદાર વેચવાલીના મારા વચ્ચે બીએસઇમાં લિસ્ટેડ શેરોના બજાર મૂલ્યમાં ભારે ધોવાણ જોવા મળ્યું હતું. બજારના કુલ ટ્રેડેડ શેરોની માર્કેટ કેપિટલમાં રૂ. ૪,૮૬,૭૭૭.૯૮ કરોડનો કડાકો બોલાઇ ગયો હતો અને અંતે એમકેપ રૂ. ૩,૭૩,૯૨,૫૪૫.૪૫ કરોડના સ્તરે પહોંચ્યું હતું.

એશિયાઇ બજારોમાં સિઓલ, શાંઘાઇ અને હોંગકોંગ શેરબજારો નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા અને ટોકિયોમાં સુધારો જોવા મળ્યો હતો. એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૮૪૮.૫૬ કરોડની ઇક્વિટી ખરીદ્યા બાદ સોમવારે રૂ. ૨૦૫૧.૦૯ કરોડની વેચવાલી નોંધાવી હતી.

એ બાબત નોંધવી રહી કે, એફઆઇઆઇએ માર્ચ

(જુઓ પાનું ૨) ▸▸

# મુંબઈના માજી પોલીસ અધિકારી પ્રદીપ શર્માને જનમટીપ

મુંબઈઃ મુંબઈમાં વર્ષ ૨૦૦૬માં ગેન્ગસ્ટર છોટા રાજનના નિકટના સાથીદાર મનાતા રામનારાયણ ગુપ્તાના કરેલા બનાવટી ઍન્કાઉન્ટરને મામલે બૉમ્બે હાઈ કોર્ટે મુંબઈના માજી પોલીસ અધિકારી પ્રદીપ શર્માને મંગળવારે દોષી જાહેર કરી જનમટીપની સજા આપી હતી.

ન્યાયાધીશ રેવતી મોહિતે ડેરે અને ગૌરી ગોડસેની ડિવિઝન બૅન્ચે શર્માને નિર્દોષ જાહેર કરતા સેસન્સ કોર્ટના વર્ષ ૨૦૧૩ના ચુકાદાને તરંગી અને ટકી ન શકે તેવો લેખાવી રદ કર્યો હતો. શર્મા વિરુદ્ધ ઉપલબ્ધ પુરાવાઓને ટ્રાયલ કોર્ટે અવગણ્યા હતા એમ જણાવતાં બૉમ્બે હાઈ કોર્ટે કહ્યું હતું કે ઉપલબ્ધ પુરાવાઓ બનાવટી ઍન્કાઉન્ટમાં પ્રદીપ શર્માની સંડોવણી પુરવાર કરે છે.

ડિવિઝન બૅન્ચે શર્માને ત્રણ અઠવાડિયાની અંદર સંબંધિત સેસન્શ કોર્ટને શરણે જવાનો આદેશ આપ્યો છે. પોલીસ અધિકારી સહિત ૧૩ વ્યક્તિને દોષી જાહેર કરતા અને

(જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાત રેબઝેબ

## કચ્છ-પોરબંદરમાં યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની ગરમીની શરૂઆત થઇ છે. રાજ્ય હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાઇ વિસ્તારમાં ગરમ પવનો ફૂંકાવાની અને કચ્છ અને પોરબંદરમાં હીટવેવની આગાહી સાથે બન્ને જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્ય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક

(જુઓ પાનું ૨) ▸▸

# દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની

નવી દિલ્હીઃ બિહારનું બેગૂસરાય વિશ્વનો સૌથી પ્રદૂષિત મેટ્રોપોલિટન વિસ્તાર બની ગયો છે જ્યારે દિલ્હીને સૌથી ખરાબ હવાની ગુણવત્તા ધરાવતા રાજધાની શહેર તરીકે જાહેર કરવામાં આવી છે. એક નવા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. સ્વિસ સંસ્થા આઇક્યૂ એર દ્વારા જાહેર કરવામાં આવેલા વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ ૨૦૨૩ અનુસાર, સરેરાશ વાર્ષિક ૫૪.૪ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની પીએમ ૨.૫ સંદ્રતા સાથે ભારત ૨૦૨૩માં ૧૩૪ દેશોમાંથી ત્રીજો સૌથી ખરાબ હવા ગુણવત્તા ધરાવતો દેશ છે. તે પહેલા બંગલાદેશ (૭૯.૯ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટર) અને પાકિસ્તાન (૭૩.૭ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટર) હતા.

૨૦૨૨માં ભારત આઠમો સૌથી પ્રદૂષિત

(જુઓ પાનું ૨) ▸▸

# પશુપતિ પારસનું મોદી કેબિનેટમાંથી રાજીનામું

નવી દિલ્હીઃ એલજેપીના વડા પશુપતિ કુમાર પારસે મંગળવારે કેન્દ્રિય કેબિનેટ પ્રધાન પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેઓ મોદી સરકારમાં ફૂડ એન્ડ પ્રોસેસિંગ પ્રધાન હતા. બિહારમાં એનડીએની બેઠકોની વહેંચણી બાદ તેઓ નારાજ હતા.

તેમણે કહ્યું હતું કે અમારી પાર્ટી સાથે અન્યાય થયો છે. અમે એનડીએની ઈમાનદારીથી સેવા કરી છે. પશુપતિ પારસે કહ્યું હતું કે ''વડા પ્રધાન મોદી દેશના મહાન નેતા છે, પરંતુ અમારી પાર્ટી અને અમને વ્યક્તિગત રીતે અન્યાય કરવામાં આવ્યો છે. તેથી હું ભારત સરકારના કેબિનેટ પ્રધાન પદેથી રાજીનામું આપું છું.'' આ પછી તેમણે કોઈ સવાલનો જવાબ ન આપ્યો નહોતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેઓ મહાગઠબંધનનો ભાગ બની શકે છે અને

(જુઓ પાનું ૨) ▸▸

# રામદેવને હાજર થવા સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે આયુર્વેદિક કંપની પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડાયરેક્ટર આચાર્ય બાલકૃષ્ણ અને યોગ ગુરુ રામદેવને આગામી સુનાવણીની તારીખે કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો હતો. વાસ્તવમાં બિમારીઓની સારવાર પર ભ્રામક જાહેરખબરોને લઇને સુપ્રીમ કોર્ટે પતંજલિ અને બાલકૃષ્ણને અવમાનનાની નોટિસ મોકલી જવાબ માંગ્યો હતો પરંતુ તેમણે જવાબ આપ્યો ન હતો.

જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેન્ચે કંપની અને બાલકૃષ્ણની કોર્ટ દ્વારા અગાઉ જાહેર કરાયેલી નોટિસનો જવાબ દાખલ કરવામાં નિષ્ફળ રહેવા

(જુઓ પાનું ૨) ▸▸

# ભાજપમાં સામેલ થયા સીતા સોરેન

રાંચીઃ જેએમએમના વડા શિબુ સોરેનના મોટા પુત્રવધૂ સીતા સોરેન ભાજપમાં જોડાઈ ગયા છે. ઝારખંડમાં ભાજપના રાજ્ય પ્રભારી અને રાજ્યસભાના સાંસદ લક્ષ્મીકાંત વાજપેયી અને પાર્ટીના રાષ્ટ્રીય સચિવ વિનોદ તાવડેએ તેમનું સ્વાગત કર્યું હતું અને તેમને પાર્ટીનું સભ્યપદ અપાવ્યું હતું. સીતા સોરેને ભાજપમાં જોડાવાના થોડા કલાકો પહેલા જ જેએમએમ છોડી દીધું હતું.

(જુઓ પાનું ૨) ▸▸


# સુપ્રીમ કોર્ટે અજિત પવારને 'ઘડિયાળ' ચિહ્ન વાપરવાની પરવાનગી આપી

નવી દિલ્હીઃ લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગયા બાદ મહારાષ્ટ્રના પવાર વિરુદ્ધ પવારના સંઘર્ષ પર બધાની નજર હતી. બંને જૂથને ક્યા-ક્યા નામ અને ચિહ્ન મળે છે તેના પર આગામી ચૂંટણીનો આધાર રહેલો છે. મંગળવારે સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી થઈ હતી. આ પ્રસંગે સુપ્રીમ કોર્ટે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને મોટી રાહત આપી હતી. ચૂંટણી પંચની જેમ જ ઘડિયાળનું ચિહ્ન અને પાર્ટીનું નામ વાપરવાની પરવાનગી આપી હતી. જોકે, તેમણે અજિત પવારને લેખિતમાં ખાતરી આપવાનું જણાવ્યું હતું કે પાર્ટી ફક્ત મહારાષ્ટ્રમાં જ નહીં, આખા દેશમાં ક્યાંય પ્રચારમાં પોસ્ટર-હોર્ડિંગ પર શરદ પવારનો ફોટો ઉપયોગમાં લેશે નહીં.

સુપ્રીમ કોર્ટે શરદ પવાર દ્વારા ચૂંટણી પંચના નિર્ણયના વિરુદ્ધ કરવામાં આવેલી પિટિશન પર સંખ્યાબંધ નિર્દેશ મંગળવારે આપ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને

(જુઓ પાનું ૨) ▸▸

## અંક પ્રગટ થઈ ચૂક્યો છે




# ગઢચિરોલીમાં ચાર નક્સલવાદી ઠાર

ગઢચિરોલીઃ લોકસભાની ચૂંટણીમાં ખલેલ પહોંચાડવાના આયોજનના ભાગરૂપે નક્સલવાદીઓ તેલંગણા સરહદ પાર કરીને ગઢચિરોલીમાં પ્રવેસેલા ચાર નામચીન નક્સલવાદી મહારાષ્ટ્ર પોલીસ સાથેની અથડામણમાં ઠાર મરાયા હતા.

ભારતમાં થોડા દિવસોમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ યોજાવાની છે. નક્સલવાદીઓ લોકસભા ચૂંટણી દરમિયાન મોટી ખલેલ પહોંચાડવાની તૈયારી કરી રહ્યા છે. આ ક્રમમાં ગઢચિરોલીમાં મહારાષ્ટ્ર

(જુઓ પાનું ૨) ▸▸

# દેશની પ્રથમ બુલેટ ટ્રેન ૨૦૨૬માં સુરતથી દોડશે

નવી દિલ્હીઃ ભારતની પ્રથમ બુલેટ ટ્રેન વર્ષ ૨૦૨૬માં પાટા પર દોડતી થશે. તે ગુજરાતના સુરત સ્ટેશન પરથી પ્રથમ વખત પાટા પર દોડશે. એક ખાનગી કાર્યક્રમમાં બોલતા કેન્દ્રિય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ જાણકારી આપી હતી.

રેલવે પ્રધાને જણાવ્યું હતું કે બે વર્ષ પછી દેશમાં બુલેટ ટ્રેન વાસ્તવિકતા બનશે. અમારી તૈયારીઓ ખૂબ જ ઝડપથી ચાલી રહી છે અને બુલેટ ટ્રેન વર્ષ ૨૦૨૬માં શરૂ થશે. ભારતીય રેલવેમાં આવી રહેલા ફેરફારો તરફ ઈશારો કરતા

(જુઓ પાનું ૨) ▸▸




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પશુપતિ પારસ સાથે કોમેડી થઈ ગઈ કે ટ્રેજેડી?

**રાજકારણમાં** ક્યારેક એવી ઘટનાઓ બનતી હોય છે કે તેમને કોમેડી કહેવી કે ટ્રેજેડી કહેવી એ ખબર જ ના પડે. બિહારમાં ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ દ્વારા લોકસભાની ૪૦ બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા જાહેર કરવામાં આવી તેમાં કેન્દ્રીય પ્રધાન પશુપતિનાથ પારસ સાથે એવું જ થઈ ગયું. એનડીએના નેતાઓ દ્વારા કરાયેલી જાહેરાત પ્રમાણે, બિહારની ૪૦ લોકસભા બેઠકોમાંથી ભાજપ ૧૭ બેઠકો પર અને જેડીયુ ૧૬ બેઠકો પર ચૂંટણી લડશે જ્યારે ચિરાગ પાસવાનની પાર્ટી એલજેપી (આર)ને પાંચ બેઠક આપવામાં આવી છે.

જીતન રામ માંઝીની પાર્ટી હિંદુસ્તાની અવામ મોરચા (હમ)ને એક અને ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી આરએલએમને પણ એક-એક બેઠક અપાઈ છે પણ ચિરાગના કાકા પશુપતિ પારસની રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીને એક પણ બેઠક આપવામાં આવી નથી. એનડીએના નેતાઓ દ્વારા બેઠકોની વહેંચણી અંગેની જાહેરાત કરવા બોલાવાયેલી પ્રેસ કોન્ફરન્સમાં પણ પશુપતિ પારસના પક્ષો કોઈ નેતા હાજર નહોતો એ જોતાં પશુપતિ પારસનું પત્તુ કપાઈ ગયું છે એવું કહી શકાય.

પશુપતિનાથ પારસ કેન્દ્રની મોદી સરકારમાં પ્રધાન છે અને ચિરાગ પાસવાન ભાજપનો સાથ છોડીને જતા રહ્યા ત્યારે પણ પશુપતિ ભાજપ સાથે જ રહેલા. આ સંજોગોમાં ભાજપે ચિરાગ પાસવાન અને પશુપતિ વચ્ચે પસંદગી કરવાની આવે તો ભાજપ પશુપતિની પસંદગી કરશે એવું મનાતું હતું પણ પશુપતિ પારસનો પોપટ થઈ ગયો. ભાજપે પશુપતિ પારસનું પત્તું સાવ કાપી નાંખ્યું અને ચિરાગ પાસવાનને લીલા તોરણે પોંખીને પાંચ બેઠકો પણ આપી દીધી. પશુપતિ પારસની રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીના લોકસભામાં પાંચ સાંસદ છે જ્યારે ચિરાગની પાર્ટીમાં ચિરાગ એકલો છે છતાં ભાજપે ચિરાગને મહત્ત્વ આપ્યું. પશુપતિ માટે આ કોમેડી કહેવાય કે ટ્રેજેડી કહેવાય એ જ ખબર પડતી નથી.

ભાજપે પશુપતિ પારસને બદલે ચિરાગ પાસવાન પર કળશ ઢોળ્યો એ માટે પાસવાન વોટબૅન્ક પર ચિરાગની પકડ કાકા પશુપતિ પારસ કરતાં વધારે હોવાનું કારણ જવાબદાર મનાય છે. આ ઉપરાંત ભૂતકાળમાં ચિરાગે નીતીશ કુમારને કદ પ્રમાણે વેતરવામાં કરેલી મદદને પણ કારણભૂત માનવામાં આવે છે.

બિહારમાં દલિતોની વસતી ૧૬ ટકા છે. નીતીશ કુમારે ચાલાકી બતાવીને દલિતોમાં મહાદલિતનો ફાંટો પડાવી દીધો હતો. મહાદલિતોના મત માટે તેમણે જીતનરામ માંઝીને મુખ્ય પ્રધાન પદે પણ બેસાડી દીધા હતા. નીતીશે બિહારની ૨૩ દલિત જ્ઞાતિઓમાંથી ૨૧ જ્ઞાતિને મહાદલિત જાહેર કરાવીને રામવિલાસ પાસવાનની મત બૅન્કમાં મોટું ગાબડું પાડ્યું હતું કેમ કે પહેલાં બધા દલિતો એક જ ગણાતા પણ નીતીશના આ દાવ પછી પાસવાન અને દુસાધ બે જ જ્ઞાતિ દલિતમાં રહી ગઈ હતી.

જો કે પાસવાન સમુદાયની વસતી છ ટકાની આસપાસ હોવાથી પાસવાનનો ગરાસ સાવ લૂંટાયો નહોતો. રામવિલાસ પાસવાનના નિધન પછી યોજાયેલી ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં પાસવાનની પાર્ટીને ૫.૬ ટકા મત મળ્યા હતા પણ કોઈ બેઠક નહોતી મળી. આ પરિણામો પછી ચિરાગ પાસવાન અને કાકા પશુપતિ પારસ ઝઘડ્યા ત્યારે ભાજપે પશુપતિ પારસનો પક્ષ લઈને તેમનું પ્રધાન પદ નહોતું છિનવ્યું પણ ચિરાગ પાસવાનને બાજુ પર મૂકી દીધેલો. હવે ભાજપને ચિરાગ પાસવાન પર હેત ઉભરાયું તેનું કારણ તેનો પાસવાન મતબૅન્ક પરનો પ્રભાવ અકબંધ હોવાની ભાજપની માન્યતા હોઈ શકે છે.

ચિરાગ પાસવાને ભાજપ તરફ બતાવેલી વફાદારી પણ કારણભૂત હોઈ શકે છે. કેન્દ્રમાં ગમે તેની સરકાર આવે, આ સરકારમાં ગોઠવાઈ જવાનું કૌશલ્ય બતાવનારા પાસવાનને લાલુ પ્રસાદ યાદવે મૌસમ વિજ્ઞાની ગણાવ્યા હતા. પાસવાનની દલિત મતો પરની પકડના કારણે એ લોકસભા અને વિધાનસભા બંનેની ચૂંટણીમાં ચોક્કસ બેઠકો લઈ આવતા હતા. આ કૌશલ્યના કારણ પાસવાન ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલાં જ ભાજપ સાથે ગોઠવાઈ ગયેલા ને ભાજપના વફાદાર બનીને રહ્યા.

ભાજપના ઈશારે રામવિલાસ અને ચિરાગ નીતીશ કુમારની મેથી માર્યા કરતા હતા. ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચૂંટણી પહેલાં નીતીશ કુમાર સામે બગાવતી તેવર બતાવીને રામવિલાસ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (એલજેપી) નીતીશકુમારની જનતા દળ યુનાઈટેડ (જેડીયુ)નીના નેતૃત્વ હેઠળની સરકારમાંથી અલગ પણ થઈ ગઈ હતી. નીતીશને કોરાણે મૂકીને ભાજપ એકલા હાથે બિહારની સત્તા કબજે કરે એ માટેના પ્લાનના ભાગરૂપે એલજેપીએ જેડીયુ સામે મોરચો માંડી દીધેલો એવું કહેવાય છે. નીતીશને અંકુશમાં રાખવા માટે ભાજપે જ ચિરાગને નીતીશ સામે ઊભો કરી દીધો હોવાની વાતો ચાલી હતી.

આ માન્યતા ખોટી પણ નહોતી. ચિરાગ પાસવાને લાંબા સમયથી નીતીશ કુમાર સામે મોરચો માંડેલો પણ ભાજપ ચિરાગને પંપાળીને સાચવી લેતો હતો. બિહારની ચૂંટણી આવતાં જ ભડકો થઈ ગયો ને પાસવાને નીતીશને રામ રામ કરી નાંખ્યા પણ ભાજપ સાથેના સબંધોનો અંત ના આણ્યો તેના કારણે આ વાત સાચી લાગતી હતી. ચિરાગે વિધાનસભાની ચૂંટણીમાં પણ જેડીયુ સામે ઉમેદવારો ઊભા રાખેલા પણ ભાજપ સામે ઉમેદવારો નહોતા ઊભા રાખ્યા. તેના કારણે ભાજપ અને ચિરાગ પાસવાન વચ્ચે અંદરખાને સાંઠગાંઠ હોવાની વાતો સાચી લાગતી હતી.

જો કે વિધાનસભાની ચૂંટણીમાં ચિરાગે કશું ઉકાળ્યું નહોતું. ચિરાગે જેડીયુને નુકસાન કર્યું પણ ચિરાગ પોતાની સામે ઉમેદવારો ઊભા ના રાખે તો ૧૦૦ બેઠકોનો આંકડો પાર કરવાની ભાજપની મનસા ના ફળી તેથી ભાજપે છેવટે નીતીશ કુમારની શરણાગતિ સ્વીકારવી પડેલી. ભાજપે બિહારમાં સત્તાથી દૂર ના રહેવું પડે એટલે તાસકમાં ધરીને મુખ્ય પ્રધાનપદ નીતીશને આપી દેવું પડેલું. ભાજપે સત્તાની લ્હાયમાં નીતીશને સર્વોચ્ચ નેતા તરીકે સ્વીકારવા પડેલા. ભાજપનો ઉદ્દેશ ભલે સફળ ના થયો પણ ચિરાગે પૂરી તાકાતથી મદદ કરેલી તેની ભાજપે કદર કરી હોય એવું લાગી રહ્યું છે.

ભાજપે ચિરાગને ગમે તે કારણે સાચવ્યો પણ આ જોડાણે ચિરાગ પણ તેના બાપાની જેમ સાવ નાક વિનાનો છે એ સાબિત કરી દીધું છેં. ચિરાગ પાસવાને ડંકે કી ચોટ પર કહ્યું હતું કે, ભાજપમાંથી કાળો ચોર ચાલશે ને ભાજપ જે આલિયા, માલિયા, જમાલિયાને મુખ્ય પ્રધાન પદ માટે આગળ કરે તેને અમે લીલા તોરણે પોંખીશું પણ નીતીશ ધોળે ઘરમેય ના ખપે. પાસવાન ભાજપ સાથેનું જોડાણ ચાલુ રાખવાનું પણ જેડીયુ સાથે કોઈ કાળે જોડાણ નહીં કરીએ એવું એલાન કરેલું.

હવે એ જ ચિરાગ નીતીશ કુમારની પંગતમાં બેસી ગયા છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), બુધવાર, તા. ૨૦-૩-૨૦૨૪, આમલકી એકાદશી (આમલા)

- ભારતીય દિનાંક ૩૦, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૧મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૨-૩૭ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૯-૧૪, રાત્રે ક. ૨૨-૦૯
- ઓટઃ બપોરે ક. ૧૫-૦૮, મધ્યરાત્રે ક. ૦૪-૨૮ (તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - એકાદશી. આમલકી એકાદશી (આમલા), શનિ પૂર્વમાં ઉદય થાય છે. સૂર્ય સાયન મેષમાં સવારે ક. ૦૮-૩૮. ઉત્તર ગોલારંભ, વિષુવદિન, ભદ્રા બપોરે ક. ૧૩-૨૦થી ક. ૨૬-૨૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ બુધ-શનિ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન તથા વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, સર્વ શાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવા વસ્રો, આભૂષણ, વાસણ, દસ્તાવેજ, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડી, પશુ લે-વેંચ, બાળકને પ્રથમ વખત અન્નપ્રાશન, દેવદર્શન, નિત્ય થતાં દુકાન વેપારના કામકાજ, સુવર્ણ ખરીદી. પરદેશગમનનું પસ્તાનું, પ્રાણી પાળવા.
- આચમનઃ સૂર્ય-ગુરુ અર્ધત્રિકોણ પ્રસિદ્ધિ મેળવશો.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ગુરુ અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર.

## પહેલા પાનાનું ચાલુ

### સીએએનો અમલ

બાદ સિબલે કહ્યું હતું કે કાયદા અંતર્ગત નિયમો છ મહિનાની અંદર નૉટિફાય કરવામાં આવવા જોઈતા હતા. હવે સમસ્યા એ છે કે જો કોઈને નાગરિકત્વ આપી દેવામાં આવશે તો તે પાછું ખેંચી લેવાનું અશક્ય હશે.

સીએએના અમલ અંગે ઊભા થયેલા પડકારનું સમાધાન ન થાય ત્યાં સુધી તેનાં પર સ્ટે આપવાની માગણી કરતા સિબલે કોર્ટને કહ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં સરકારે નિયમો નૉટિફાય નહોતા કર્યા તેથી સ્ટેને મંજૂરી આપવામાં નહોતી આવી. અગાઉ નિયમો નહોતા ઘડી કાઢવામાં આવ્યા એટલે સ્ટેની જરૂર નહોતી.

વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ સરકારે આ કાયદાના અમલમાં વિલંબ કર્યો હોવાના કૉંગ્રેસ સહિત અન્ય વિપક્ષની દલીલનો ઉલ્લેખ કરતા તેમણે સવાલ કર્યો હતો કે શા માટે સરકારે ચાર વર્ષની રાહ જોઈ?

સરકારને જોઈએ તેટલો સમય આપો, પરંતુ એ સમયગાળા દરમિયાન કોઈને ભારતનું નાગરિકત્વ આપવામાં ન આવે એવી દલીલ તેમણે કરી હતી.

આ કાયદાની જોગવાઈ અંતર્ગત ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ અગાઉ પાકિસ્તાન, બંગલાદેશ અને અફઘાનિસ્તાનમાંથી ભારત આવેલા લઘુમતી કોમ (હિન્દુ, જૈન, બૌદ્ધ, પારસી, શીખ અને ખ્રિસ્તી)ના લોકોને ભારતનું નાગરિકત્વ મેળવવાને પાત્ર ગણવામાં આવશે.

કાયદાના અમલના સમયને મામલે વિપક્ષે સરકાર પર આક્રમક પ્રહાર કર્યા હતા. વિપક્ષનું કહેવું છે કે ચાર વર્ષના વિલંબ બાદ લોકસભાની ચૂંટણી અગાઉ જ સરકારે લોકસભામાં આ કાયદાને મંજૂરી અપાવી તેને અમલમાં મૂકવાનો નિર્ણય લીધો હતો.

ખાસ કરીને પ. બંગાળ અને આસામને ધ્યાનમાં રાખીને જ સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

ટીએમસીનાં વડાં અને પ.બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ આ કાયદાની કાયદેસરતા અંગે શંકા વ્યક્ત કરી હતી અને સ્થાનિક લોકોનું નાગરિકત્વ ખૂંચવી લેવાનું કેન્દ્ર સરકારનું આ કાવતરું હોવાને આક્ષેપ કર્યો હતો.

ભાજપના નેતાઓ કહે છે કે આ કાયદો તમને અધિકાર આપે છે, પરંતુ જે ક્ષણે તમે નાગરિકત્વ માટે અરજી કરો છો ત્યારે તમે ગેરકાયદે સ્થળાંતરી બની જાઓ છો અને તમે તમારો અધિકાર ગુમાવી દ્યો છો. તમે અધિકાર ગુમાવી દેતાં જ તમને ડિટેન્શન સેન્ટરમાં લઈ જવામાં આવશે અને એટલે જ અરજી કરતા પહેલા વિચાર કરજો, એમ તેમણે કહ્યું હતું.

સીએએ ગેરબંધારણીય ન હોવાનું જણાવતાં કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ જુઠ્ઠાણાનું રાજકારણ કરી રહ્યો છે.

સીએએના અમલ સામે વિપક્ષે ઉઠાવેલા સવાલ અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૯ના ચૂંટણીઢંઢેરામાં જ ભાજપે સ્પષ્ટ કર્યું હતું કે તે સીએએનો અમલ કરશે અને પાકિસ્તાન, બંગલાદેશ અને અફઘાનિસ્તાન એમ ત્રણ દેશમાંથી ભારત આવેલા લઘુમતી કોમ (હિન્દુ, જૈન, બૌદ્ધ, પારસી, શીખ અને ખ્રિસ્તી)ના લોકોને ભારતનું નાગરિકત્વ આપશે.

આપેલા વચન અંતર્ગત ભાજપ તેના એજન્ડા અંગે સ્પષ્ટ હતો. સીએએને લગતો ખરડો વર્ષ ૨૦૧૯માં જ સંસદના બંને ગૃહમાં મંજૂર થઈ ગયો હતો, પરંતુ કોરોનાને કારણે તેનો અમલ થઈ શક્યો નહોતો. તેમણે કહ્યું હતું કે લઘુમતી કોમના લોકોએ સીએએથી ગભરાવાની જરૂર નથી કેમ કે આ કાયદામાં કોઈનો અધિકાર છીનવી લેવાની જોગવાઈ નથી. (એજન્સી)

### મુંબઈના માજી પોલીસ

જનમટીપની સજા ફરમાવતા ટ્રાયલ કોર્ટના આદેશને પણ બૉમ્બે હાઈ કોર્ટે માન્ય રાખ્યો હતો. ૧૩ પોલીસ અધિકારી સહિત બાવીસ વ્યક્તિ સામે હત્યા અંગેનું આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૩માં સેસન્સ કોર્ટે પ્રદીપ શર્માને નિર્દોષ જાહેર કરી બાકીના ૨૧ આરોપીને જનમટીપની સજા આપી હતી. ૨૧ આરોપીમાંથી બે આરોપીનું કસ્ટડી દરમિયાન મૃત્યુ થયું હતું.

આરોપીઓએ તેમને દોષી જાહેર કરતા અને સજા ફરમાવતા ચુકાદાને પડકારતી અરજી હાઈ કોર્ટમાં કરી હતી.

મૃતક આરોપીના ભાઈ રામપ્રસાદ ગુપ્તાએ પ્રદીપ શર્માને નિર્દોષ જાહેર કરતા ચુકાદા વિરુદ્ધ કોર્ટમાં અપીલ કરી હતી.

વિશેષ સરકારી વકીલ રાજીવ ચવ્હાણે દલીલ કરી હતી કે વર્તમાન કેસમાં કાયદો અને વ્યવસ્થાના રખેવાળ અધિકારીઓ જ ઠંડે કલેજે કરવામાં આવેલા બનાવટી ઍન્કાઉન્ટરમાં સંડોવાયેલા હતા.

કેસને મામલે શર્માને દોષી જાહેર કરવાની માગણી કરનાર વકીલે દલીલ કરી હતી કે ભૂતપૂર્વ પોલીસ અધિકારી પ્રદીપ શર્મા જ આ બનાવટી ઍન્કાઉન્ટર તેમ જ અપહરણ અને હત્યાના સંપૂર્ણ ઑપરેશનના મુખ્ય કાવતરાખોર હતા.

રાજન ગેન્ગનો સભ્ય હોવાની શંકાને આધારે ૧૧ નવેમ્બર ૨૦૦૬ના રોજ પોલીસ ટુકડીએ ગુપ્તા ઉર્ફે લખન ભૈયાનું મિત્ર અનિલ ભેદા સાથે વાશીથી અપહરણ કર્યું હતું અને તે જ દિવસે સાંજે વર્સોવા પરાં વિસ્તારમાં નાનાનાની પાર્ક નજીક બનાવટી ઍન્કાઉન્ટરમાં ગુપ્તાની હત્યા કરી હતી. (એજન્સી)

### રામદેવને હાજર થવા

પર વાંધો ઉઠાવ્યો હતો. ખંડપીઠે રામદેવને કારણ બતાવો નોટિસ પણ જાહેર કરી છે કે શા માટે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ.

અગાઉ સુપ્રીમ કોર્ટે યોગગુરુ રામદેવની પતંજલિ આયુર્વેદ પર તેના ઉત્પાદનો વિશે કોર્ટને આપવામાં આવેલી અગાઉની ખાતરીઓનું ઉલ્લંઘન કરવા અને દવાઓની અસરકારકતા અંગે ખોટા દાવા કરવા બદલ સખત ઠપકો આપ્યો હતો. જસ્ટિસ હિમા કોહલી અને એ અમાનુલ્લાહની બેન્ચે પતંજલિ આયુર્વેદ અને તેના મેનેજિંગ ડિરેક્ટરને નોટિસ પાઠવીને પૂછ્યું હતું કે શા માટે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ના વરિષ્ઠ વકીલ પીએસ પટવાલિયાએ અરજીમાં કહ્યું હતું કે પતંજલિએ દાવો કર્યો હતો કે યોગ અસ્થમા અને ડાયાબિટીસનો 'સંપૂર્ણપણે ઈલાજ' કરી શકે છે. ગયા વર્ષે નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ભ્રામક જાહેરાતો અંગે સલાહ અને માર્ગદર્શિકા જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. બેન્ચે પતંજલિ આયુર્વેદ અને તેના અધિકારીઓને મીડિયામાં (પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક બંન્નેમાં)માં કંઈપણ ખોટું કહેવા સામે ચેતવણી આપી હતી. કંપનીએ અગાઉ કોર્ટ સમક્ષ પોતાના સોગંદનામામાં આમ ન કરવાની વાત કરી હતી. ગયા વર્ષે ૨૧ નવેમ્બરના રોજ કંપનીનું પ્રતિનિધિત્વ કરતા વકીલે સર્વોચ્ચ અદાલતને ખાતરી આપી હતી કે હવેથી કાયદાનું ઉલ્લંઘન થશે નહીં.

### સેન્સેક્સમાં

મહિનામાં અત્યાર સુધી રૂ. ૪૦,૦૦૦ કરોડથી વધુની લેવાલી નોંધાવી છે. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૦ ટકા ઘટીને ૮૬.૫૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

સ્થાનિક બજારમાં વ્યાપક વેચવાલી વચ્ચે નિફ્ટી અને સેન્સેક્સ ૨૧,૮૦૦ પોઇન્ટ અને ૭૨,૦૦૦ પોઇન્ટની ઇન્ટ્રાડે નીચી સપાટીને અથડાયા હતા. સત્રને અંતે સેન્સેક્સ ૭૩૬.૩૭ પોઈન્ટ્સ અથવા ૧.૦૧ ટકા ઘટીને ૭૨,૦૧૨.૦૫ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૨૩૮.૨૦ પોઈન્ટ્સ અથવા ૧.૦૮ ટકા ઘટીને ૨૧,૮૧૭.૫૦ સપાટી પર સ્થિર થયો હતો.

નિફ્ટીમાં સૌથી વધુ ઘટનારા શેરોમાં ટીસીએસ, બીપીસીએલ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટાટા કન્ઝ્યુમર અને નેસ્લે ઈન્ડિયાનો સમાવેશ હતો, જ્યારે બજાજ ફાઈનાન્સ, બજાજ ઓટો, કોટક મહિન્દ્રા બેંક, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલનો સૌથી વધુ વધનારા શેરોમાં સમાવેશ હતો. હેલ્થકેર, આઈટી, એફએમસીજી, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, પાવર સેગમેન્ટમાં એકથી બે ટકાના ઘટાડા સાથે તમામ સેક્ટરલ ઇન્ડેક્સ રેડ ઝોનમાં બંધ રહ્યાં હતા.

### દિલ્હી વિશ્વની

દેશ બન્યો હતો. આ સિવાય બેગૂસરાયને વૈશ્વિક સ્તરે સૌથી પ્રદૂષિત મેટ્રોપોલિટન વિસ્તાર ગણવામાં આવ્યો છે. ૨૦૨૨ના રેન્કિંગમાં પણ શહેરનું નામ આવ્યું નહોતું.

૨૦૧૮થી સતત ચાર વખત દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની બની છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં અંદાજિત ૧.૩૬ અબજ લોકો પીએમ ૨.૫ સાંદ્રતામાં રહે છે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ભલામણ કરાયેલ ૫ માઇક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની વાર્ષિક માર્ગદર્શિકા સ્તર કરતાં વધી જાય છે.

આઇક્યૂ એરએ જણાવ્યું હતું કે આ રિપોર્ટ બનાવવા માટે વપરાતો ડેટા ૩૦,૦૦૦થી વધુ હવા ગુણવત્તા મોનિટરિંગ સ્ટેશનો અને સંશોધન સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સુવિધાઓ, બિન-સરકારી સંસ્થાઓ દ્વારા સંચાલિત હવા ગુણવત્તા સેન્સરના વૈશ્વિક નેટવર્કમાંથી એકત્રિત કરવામાં આવ્યો છે.

૨૦૨૨ના વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટમાં ૧૩૧ દેશો અને પ્રદેશોના કુલ ૭,૩૨૩ સ્થળોનો ડેટા સામેલ કરાયો હતો. જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા વધીને ૧૩૪ દેશો અને પ્રદેશોના કુલ ૭,૮૧૨ સ્થાનો પર પહોંચી ગઈ છે. વિશ્વભરમાં દર નવમાંથી એક મૃત્યુ માટે હવા પ્રદૂષણ જવાબદાર હોવાનો અંદાજ છે. ડબ્લ્યુએચઓ અનુસાર, વાયુ પ્રદૂષણ વિશ્વભરમાં દર વર્ષે અંદાજિત સાત મિલિયન મૃત્યુ માટે જવાબદાર છે. હવા પ્રદૂષણના કારણે અસ્થમા, કેન્સર, સ્ટ્રોક અને ફેફસાના રોગ સહિત અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે.

### પશુપતિ પારસનું

તેઓ લાલુ પ્રસાદ યાદવને મળી શકે છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં એનડીએમાં બેઠકોની વહેંચણીની જાહેરાત કરવામાં આવી છે. ભાજપના ખાતામાં સૌથી વધુ ૧૭ બેઠકો આવી છે. એલજેપીના વડા પશુપતિ પારસને ગઠબંધનમાં કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું અને તેમને એક પણ બેઠક આપવામાં આવી ન હતી. જ્યારે જેડીયુના ખાતામાં ૧૬ બેઠકો આવી છે.

અન્ય સહયોગીઓની વાત કરીએ તો, ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ને પાંચ બેઠકો, જીતન રામ માંઝીની પાર્ટી હમને એક બેઠક અને ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી રાષ્ટ્રીય લોક જનતા દળને એક બેઠક મળી છે.

### ગુજરાત રેબઝેબ

દિવસથી મહત્તમ અને લઘુતમ તાપમાનમાં વધારો થતાં બપોરે અને રાત્રે પણ ગરમીનો અનુભવ થઇ રહ્યો છે હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં કંડલા અને પોરબંદરમાં હિટવેવની શક્યતા દર્શાવી છે. પોરબંદરમાં તાપમાન ૩૮ ડિગ્રી નોંધાયું છે. જ્યારે કંડલામાં ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અહીં હીટવેવની સાથે આગામી પાંચ દિવસમાં એકથી બે ડિગ્રી તાપમાન વધી શકે છે. અહીં ગરમ પવનો ફૂંકાવવાની આગાહી કરી છે.

ઉપરાંત આગામી પાંચ દિવસ એટલે કે તા.૨૦મીથી તા.૨૪મી માર્ચ દરમિયાન રાજ્યના બે જિલ્લા કચ્છ અને પોરબંદરમાં હીટવેવની શક્યતા છે. દરમિયા રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનની વાત કરીએ તો, ૩૯.૮ ડિગ્રી સાથે રાજકોટમાં સૌથી વધુ તાપમાન નોંધાયુ છે. જ્યારે લઘુતમ તાપમાન ૨૯.૬ ડિગ્રી દ્વારકામાં નોંધાયુ છે. અમદાવાદમાં ૩૬. ૬ ડિગ્રી અને ગાંધીનગરમાં ૩૬.૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

### સુપ્રીમ કોર્ટે

ઘડિયાળના ચિહ્નનો ઉપયોગ કરવાની છૂટ આપી હતી. જ્યારે અજિત પવારને લેખિતમાં બાંયધરી આપવા જણાવ્યું હતું કે પાર્ટી પ્રચારના સાહિત્ય પર શરદ પવારનો ફોટો ક્યાંય નહીં છાપે.

કોર્ટે વધુમાં ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો હતો કે એનસીપી-શરદ પવાર પાર્ટીને 'રણશિંગુ ફૂંકી રહેલો વ્યક્તિ'નું ચિહ્ન ફાળવવું. આ પાર્ટીનું નામ નેશનલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)-શરદચંદ્ર પવાર રહેશે. આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી માટે આ બંને નિર્દેશો લાગુ રહેશે.

ચૂંટણી પંચને એવો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં આ બંને પક્ષના નામ અને ચિહ્ન અન્ય કોઈ પાર્ટીને ન આપવાનો નિર્દેશ પણ આપ્યો હતો. આ આદેશનું પાલન મહારાષ્ટ્ર ચૂંટણી પંચે પણ કરવાનું રહેશે.

સુપ્રીમ કોર્ટે અજિત પવાર જૂથને નિર્દેશ આપ્યો હતો કે તેમણે હિન્દી, મરાઠી અને અંગ્રેજી અખબારોમાં જાહેર નોટિસ આપવી જેમાં એવો સ્પષ્ટ ખુલાસો કરવો કે ઘડિયાળના ચિહ્ન અંગેની બાબત અત્યારે ન્યાયાધીન છે અને આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પૂરતું આ ચિહ્ન તેમની પાર્ટીને મળ્યું છે. આ ચિહ્નનો નિર્ણય સુપ્રીમ કોર્ટના અંતિમ નિર્ણયને આધીન રહેશે. કોર્ટે ચાર સપ્તાહમાં સોગંદનામું દાખલ કરવાનો અને બે અઠવાડિયામાં રિજોઈન્ડર દાખલ કરવાનો આદેશ આપ્યો હતો.

### ગઢચિરોલીમાં

પોલીસની કમાન્ડો ટીમ અને નક્સલવાદીઓ વચ્ચે એક મોટી અથડામણ થઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, લોકસભાની ચૂંટણીમાં ખલેલ પહોંચાડવાના આયોજનના ભાગરૂપે નક્સલવાદીઓ તેલંગાણા સરહદ પાર કરીને ગઢચિરોલીમાં પ્રવેશ કરી રહ્યા હતા.

દરમિયાન મહારાષ્ટ્ર પોલીસના સી ૬૦ કમાન્ડોને ગઢચિરોલીના જંગલમાં આ અંગેની માહિતી મળી હતી. તપાસ દરમિયાન કમાન્ડો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર નક્સલવાદી માર્યા ગયા હતા. માર્યા ગયેલા નક્સલવાદીઓ પર ૩૬ લાખ રૂપિયાનું ઈનામ હતું. એન્કાઉન્ટર બાદ જંગલમાંથી ૪ નક્સલીના મૃતદેહ કબજે કરવામાં આવ્યા છે. તેમની પાસેથી એક એકે ૪૭ કાર્બાઈન, બે દેશી પિસ્તોલ અને નક્સલવાદી સાહિત્ય પણ મળી આવ્યું છે. સુરક્ષા દળો દ્વારા હજુ પણ જંગલમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

### ભાજપમાં સામેલ

તેમણે દાવો કર્યો હતો કે ઝારખંડના શાસક પક્ષમાં તેમની અવગણના કરવામાં આવી રહી છે તેથી તેઓ જેએમએમ સાથે છેડો ફાડી રહ્યા છે. સીતાના પતિ દુર્ગા સોરેનનું અવસાન થયું છે. તેમના પરિવારના હેમંત સોરેન ઝારખંડના સીએમ રહી ચૂક્યા છે. ૩૧ જાન્યુઆરીએ ઊંઉએ હેમંત સોરેનની જમીન કૌભાંડ સંબંધિત કેસમાં ધરપકડ કરી હતી. તે પછી, ઉંખખએ તેમના સ્થાને ચંપાઈ સોરેનને વિધાનસભ્ય દળના નેતા તરીકે ચૂંટ્યા અને તેમણે નવા મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા.

સીતા સોરેન ભાજપમાં જોડાયા બાદ વિનોદ તાવડેએ કહ્યું હતું કે, ઝારખંડના નેતા અને બહેન સીતા સોરેન ભાજપમાં જોડાયા છે. તેમના ભાજપમાં જોડાવાથી પાર્ટીની તાકાત વધી છે. લોકસભા ચૂંટણી બાદ તેની અસર જોવા મળશે. ઝારખંડમાં આપણે શક્તિશાળી બની રહ્યા છીએ. અમે તેમનું સ્વાગત કરીએ છીએ. તે આદિવાસી કાર્યક્રમમાં પોતાની તમામ તાકાત લગાવશે. તો ભાજપના લક્ષ્મીકાંત વાજપેયીએ કહ્યું હતું કે, જેએમએમમાં રહીને પણ સીતાએ ભ્રષ્ટાચાર સામે લડત આપી હતી. તેમણે દિલ્હી સુધી અવાજ ઉઠાવ્યો છે. તેઓ આદિવાસી બહેનો સંઘર્ષનો પર્યાય છે.

ભાજપમાં જોડાયા બાદ પીએમ મોદીની પ્રશંસા કરતા સીતા સોરેને જણાવ્યું હતું કે, આજે હું વિશાળ પરિવાર સાથે જોડાઈ રહી છું. નરેન્દ્ર મોદીની વિચારસરણી સમગ્ર ભારત અને વિશ્વને દેખાઇ રહી છે, રોજેરોજ વિકાસના કામો થઈ રહ્યા છે. સૌ સાથે મળીને દેશના વિકાસમાં ફાળો આપી રહ્યા છે. આજે દરેક વ્યક્તિ આ પરિવારમાં જોડાઈ રહી છે. મેં ઝારખંડમાં ઘણા સંઘર્ષો લડ્યા છે. હું ૧૪ વર્ષ સુધી ઝારખંડ મુક્તિ મોરચામાં રહી. મારા સસરા શિબુ સોરેન અને પતિ દુર્ગા સોરેનના નેતૃત્વમાં અલગ રાજ્યની રચના કરવામાં આવી. રાજ્યના વિકાસના કામો માટે તેઓ લડ્યા. મારા પતિનું સ્વપન માત્ર સ્વપન જ રહી ગયું. તેમનું સપનું પૂરું કરવા માટે હું જેએમએમનો વિધાનસભ્ય બની, પરંતુ જે લક્ષ્ય પ્રાપ્ત કરવું જોઈતું હતું તે પ્રાપ્ત થઈ શક્યું નથી. ઝારખંડ હજુ પણ વિકાસથી દૂર છે. આપણે ઝારખંડ બચાવવું છે અને ન્યાય મેળવવો છે, તેથી જ હું મોદીજીના પરિવાર સાથે જોડાઇ છું.

### દેશની પ્રથમ

રેલવે પ્રધાને કહ્યું કે મોદી સરકારનો સૌથી મોટો ઉદ્દેશ્ય મુસાફરોની સુરક્ષા છે. પ્રથમ ધ્યેય સલામત મુસાફરી અને પછી સુવિધાઓનું વિસ્તરણ છે. રેલવે પ્રધાને કહ્યું કે બુલેટ ટ્રેનના ૨૮૪ કિલોમીટરના ટ્રેકનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ આંકડો ૧૦-૧૨ દિવસ પહેલાનો છે, જ્યારે મેં સમીક્ષા કરી હતી. અન્ય દેશોમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પૂરો કરવામાં ૨૦ વર્ષ લાગે છે, પરંતુ તમે ભારતમાં જોઇ શકો છો.

રેલવે પ્રધાને કહ્યું કે બુલેટ ટ્રેન શરૂ થયા બાદ તે દેશનો સૌથી મજબૂત સિંગલ ઈકોનોમિક ઝોન બની જશે. આ ટ્રેન મુંબઈથી અમદાવાદ જશે અને મુંબઈ, થાણે, વાપી, સુરત, વડોદરા, આણંદ અને અમદાવાદ શહેરોના લોકો આ રૂટ પર મુસાફરી કરી શકશે. આ તમામ શહેરોની અર્થવ્યવસ્થાને એક ઝોન સાથે જોડવામાં આવશે. તમે વડોદરામાં સવારે નાસ્તો કરશો. પછી તમે ટ્રેન પકડીને એક કલાકમાં મુંબઈ પહોંચી ગયા હશો. કામ પૂર્ણ કરીને સાંજે પરત આવી બાળકો સાથે જમશો. તમે પરિવાર અને બિઝનેસ બંનેને પૂરો સમય આપી શકશો.

તેમણે કહ્યું કે અન્ય દેશોમાં ૧૯૮૦માં જ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન ટેક્નોલોજી લાગુ કરવામાં આવી રહી હતી. તત્કાલીન સરકારે તેને ભારત લાવવા માટે કોઈ પ્રયાસ કર્યો ન હતો. આ દિશામાં કોઈ રોકાણ કરવામાં આવ્યું નહીં. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને ૨૦૧૬માં રજૂ કર્યું હતું અને તેને દેશમાં લાગુ કર્યું હતું. ત્યારથી ભારતીય રેલવે કેટલી આધુનિક બની છે.

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર ૫૦૮ કિલોમીટરના અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. તે ૨૦૨૬માં શરૂ થશે. પ્રારંભિક તબક્કામાં ટ્રેન ગુજરાતમાં સુરત-બીલીમોરા વચ્ચે દોડશે. વર્ષ ૨૦૨૮માં સંપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ થવાની અપેક્ષા છે.

૨૦૨૨માં કેન્દ્ર સરકારે સંસદમાં જણાવ્યું હતું કે હાલમાં સાત કોરિડોર પર વિચારણા ચાલી રહી છે. જેમાં દિલ્હી-વારાણસી (૮૧૩ કિમી), દિલ્હી-અમદાવાદ (૮૭૮ કિમી), મુંબઈ-નાગપુર (૭૬૫ કિમી), મુંબઈ-હૈદરાબાદ (૬૭૧ કિમી), ચેન્નઈ- બેંગલુરું-મૈસુર (૪૩૫ કિમી), દિલ્હી-ચંડીગઢ-અમૃતસર (૪૫૯ કિમી), અને વારાણસી-હાવડા (૭૬૦ કિમી)નો સમાવેશ થાય છે.

# હોળીના રંગોમાં રંગાઈ જતાં પહેલાં ધ્યાન રાખજો

## નૈસર્ગિક કલર્સને નામે પ્રકૃતિપ્રેમીઓને છેતરવામાં આવી રહ્યા છે

## પ્લાસ્ટિકની થેલીઓ અને ફુગ્ગાઓ પણ બજારમાં આસાનીથી ઉપલબ્ધ



**રંગીન:** હોળી–ધુળેટીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે બજારમાં રંગબેરંગી રંગો વેચાવા લાગ્યા છે. (અમય ખરાડે)

મુંબઈ: પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધારવાની સાથે સાથે વિવિધ પર્યાવરણીય સંસ્થાઓ, વિદ્વાનો અને તજજ્ઞો જનજાગૃતિ ફેલાવી રહ્યા છે, જેથી તહેવારો અને ઉજવણી પર્યાવરણને અનુકૂળ રીતે કરી શકાય, પણ બજારમાં હાલમાં ઉપલબ્ધ હોળી રમવા માટેના કલર્સ નૈસર્ગિક નહીં, પણ કેમિકલયુક્ત છે. પર્યાવરણવાદીઓના જણાવવા અનુસાર પ્રકૃતિપ્રેમીઓને છેતરવામાં આવી રહ્યા છે. શહેરમાં ઈકો ફ્રેન્ડલી નહીં, પણ રાસાયણિક રંગની હોળી મનાવવામાં આવી રહી હોવાનું પર્યાવરણપ્રેમીઓનું કહેવું છે.

આજના સમયમાં ધૂળનું સ્વરૂપ બદલાઈ ગયું છે. નૈસર્ગિક કલર્સની જગ્યા રાસાયણિક પ્રક્રિયાથી તૈયાર કરવામાં આવેલા કલર્સે લીધી છે. બે અઠવાડિયાંથી પ્લાસ્ટિકની થેલીઓ, ફુગ્ગાઓ અને વિવિધ રંગન ગુલાલ વેચાઈ રહ્યા છે. રસ્તે ચાલતા રાહદારીઓ પર પ્લાસ્ટિકની થેલીઓ કે પછી ફુગ્ગાઓ ફેંકવાનું પ્રમાણ સતત ચાલી રહ્યું છે. જોકે મુંબઈ પોલીસે આવી વ્યક્તિઓ પર કાર્યવાહી કરવાની શરૂ કરી દીધી છે.

રાસાયણિક કલર્સને કારણે આંખમાં ચળ આવવી, આંખ લાલ થઇ જવી, અંધત્વ આવી જવું, આંખમાં ડાઘ થવો, ખુજલી આવવી, શ્વાસમાં તકલીફ થવી, ઉધરસ આવવી, જુલાબ કે પછી ઊલટી થવી જેવી મુશ્કેલીઓ ઊભી થાય છે.

વેચનાર તો કંઇ પણ વેચશે, પણ ખરીદનારે એ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે કે એ જે કલર્સ લઇ રહ્યો છે એ ખરેખર પર્યાવરણને અનુરૂપ છે કે નહીં. બીજા લોકો પર લગાવવામાં કલર ક્યાંક તેના સ્વાસ્થ્યને તો નુકસાન નથી પહોંચાડતોને. ડોક્ટર પાસે જવું પડે તેના કરતાં આ ઉત્સવને આનંદથી મનાવવાની જવાબદારી નાગરિકોની છે, એવું પર્યવારણ નિષ્ણાતે જણાવ્યું હતું. ■

### આ ઘટકોમાંથી બને છે કુદરતી કલર્સ

ગલગોટાના પીળા ફૂલમાંથી કે પછી હળદમાંથી બનતો પીળો રંગ. ગુસબેરી પલ્પમાંથી બનતો કાળો રંગ. ગુલાબી કાંદાની છાલમાંથી બનતો ગુલાબી રંગ. ઓરેન્જ મેરીગોલ્ડ ફ્લાવરમાંથી, જાંબુનાં બીજ, જાંબુળી રંગ તેમ જ ગુલાબનાં ફૂલમાંથી બનતો નારિયેળી રંગ. સોનેરી રંગના કાંદાની છાલમાંથી બનતો સોનેરી રંગ. ટોમેટો અને લાલ ચંદનથી બનતો લાલ રંગ. પાલક, કોથમીર કે પછી ફુદીનાનાં પાનથી બનતો લીલો રંગ. બ્રાઉન મેરીગોલ્ડમાંથી બનતો તપખીરી રંગ. કોર્ન ફ્લાવર અને ચોખાના લોટમાંથી બનતો સફેદ રંગ. ■

## ડોમ્બિવલી સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર એકથી પાંચને જોડતો નવો ફૂટ ઓવરબ્રિજ

ડોમ્બિવલી: ડોમ્બિવલી રેલવે સ્ટેશન પર વધતી ભીડને ધ્યાનમાં રાખીને, સેન્ટ્રલ રેલવે એડમિનિસ્ટ્રેશને ડોમ્બિવલી રેલવે સ્ટેશનમાં પ્લેટફોર્મ નંબર એક થી પાંચને જોડતા ફૂટઓવર બ્રિજનું બાંધકામ શરૂ કર્યું છે. આ સીડીના કારણે ડોમ્બિવલીથી દિવા તરફના મુસાફરો માટે બે બ્રિજ ઉપલબ્ધ થશે. આ નવો બ્રિજ તૈયાર થયા બાદ મુસાફરો માટે સ્ટેશન પર ચોથો બ્રિજ ઉપલબ્ધ થશે. અગાઉ, એક કલ્યાણ બાજુથી, બીજો ડોમ્બિવલી ઈસ્ટમાં લક્ષ્મી હૉસ્પિટલથી વેસ્ટમાં વૃંદાવન હોટેલ સુધી, ત્રીજો દ્વારકા હોટેલથી રામનગર રેલવે ટિકિટ કાઉન્ટર આમ ત્રણ બ્રિજ પહેલેથી જ છે. હવે રેલવે પ્રશાસને દિવા બાજુ વડરકા હોટેલ પાસે ચોથો ફૂટઓવર બનાવવાની કામગીરી પૂર્વ બાજુએ રામનગર રેલવે ટિકિટ બારી સુધી શરૂ કરી દીધી છે. આ નવો બ્રિજ પ્લેટફોર્મ નંબર એક એ, ત્રણ, ચાર અને પાંચ પર સીડી સાથે જોડવામાં આવશે.■

## સાંસદો નારાજ નથી, શિંદે પર વિશ્વાસ: શેવાળે

મુંબઈ: ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવાયા બાદ હવે બેઠકોની વહેંચણી અંગે ઝડપથી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે અને જેના ઉપર સૌથી વધુ નજર રાખવામાં આવી રહી છે તેવી મહારાષ્ટ્રની મહાયુતિમાં પણ બેઠકોની વહેંચણીનો ફેંસલો ટૂંક સમયમાં લેવામાં આવી શકે છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે યોજવામાં આવેલી બેઠક બાદ મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષ રાહુલ શેવાળેએ જણાવ્યું હતું કે આજે સવારે અગિયાર વાગ્યે મુખ્ય પ્રધાને સાંસદો સાથે બેઠક બોલાવી હતી અને પરિસ્થિતિનો તકાજો લીધો હતો. હવે વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ બેઠકોની વહેંચણી અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે, એમ શેવાળેએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે કોઇપણ સાંસદો નારાજ નથી. તેમને મુખ્ય પ્રધાન ઉપર વિશ્વાસ છે. ■




## માટુંગા - માહિમની રેલવેની ૪૭.૫ એકરની મોકાની જમીન ધારાવી પ્રોજેક્ટને સોંપાઈ

મુંબઈ: માટુંગા – માહિમ વચ્ચે પથરાયેલી રેલવેની ૪૭.૫ એકર મોકાની જમીન હવે ધારાવી સ્થિત એશિયાના સૌથી વિશાળ ઝુંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટનો હિસ્સો બની જશે. ગયા અઠવાડિયાના અંતે આ જમીન અદાણી જૂથના નેતૃત્વમાં આકાર લઈ રહેલા ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ (ડીઆરપીપીએલ)ને સોંપી દેવામાં આવી હતી. સોમવારથી ડીઆરપીપીએલ દ્વારા ૬૦૦ એકરની ઝૂંપડપટ્ટીમાં રહેતા પાત્ર રહેવાસીઓને નિર્ધારિત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ગયા અઠવાડિયાના અંત ભાગમાં રેલવે મંત્રાલયમાં ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન થયું હતું. આ બેઠકમાં રેલવેની જમીન ૯૯ વર્ષ માટે લીઝ પર આપવાની રૂપરેખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. વરિષ્ઠ રેલવે અધિકારીઓએ આપેલી જાણકારી અનુસાર રેલવેની મોકાની જગ્યા લીઝ પર આપવા સામે રેલવે તંત્રના કેટલાક હિસ્સામાં વિરોધ નોંધાવવામાં આવ્યો એ પછી જમીન હસ્તાંતરણ પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી. ■

## પતિએ પત્નીની હત્યા કરી મૃતદેહ જર્જરિત મકાનમાં દાટ્યો

થાણે: શંકાશીલ પતિએ ગળું દબાવી પત્નીની કથિત હત્યા કર્યા બાદ મૃતદેહને ભિવંડીના જર્જરિત મકાનમાં દાટી દીધો હોવાની ઘટના સામે આવી હતી. આરોપીની કબૂલાત પછી મહિલાનો કોહવાયેલો મૃતદેહ જમીનમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે જે. જે. હૉસ્પિટલમાં લઈ જવાયો હતો.

ગણેશપુરી પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ધર્મરાજ સોનકેએ જણાવ્યું હતું કે અંબરનાથમાં રહેતી જ્યોત્સ્ના શેલાર (૨૭) પાંચમી માર્ચે અચાનક ગુમ થઈ ગઈ હતી. પરિવારજનોએ શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં તેની મિસિંગની ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન જ્યોત્સ્ના ભિવંડી પરિસરમાં આવ્યા પછી ગુમ થઈ હોવાનું પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું. તપાસ દરમિયાન મળેલી કેટલીક કડીને આધારે પોલીસે જ્યોત્સ્નાના પતિ દિગંબર શેલાર (૨૯)ને તાબામાં લીધો હતો. આકરી પૂછપરછમાં દિગંબરે પત્નીની હત્યા કરી મૃતદેહને ભિવંડી તાલુકાના આનગાંવ સ્થિત એક અવાવરુ ઘરમાં જમીનમાં ખાડો ખોદી દાટી દીધો હોવાની કબૂલાત કરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ લગ્ન પછી શેલાર દંપતી અમુક મહિના સાથે રહ્યું હતું. જોકે બાદમાં દિગંબર પત્નીના ચારિત્ર્ય પર શંકા કરી તેની સાથે ઝઘડા કરવા લાગ્યો હતો. વારંવારના ઝઘડાથી કંટાળી પત્ની અંબરનાથમાં પિયરમાં રહેવા જતી રહી હતી.

પાંચમી માર્ચે આરોપી પત્નીને મળ્યો હતો અને તેની સાથે ભિવંડી સ્થિત વતનના ઘરે સાથે આવવા પત્નીને મનાવી લીધી હતી. ભિવંડીમાં આવ્યા પછી ગળું દબાવી હત્યા કર્યા બાદ આરોપીએ પત્નીના મૃતદેહને જમીનમાં દાટી દીધો હતો.

આરોપીએ આપેલી માહિતી પછી કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી ઘટનાના ૧૨ દિવસ બાદ જ્યોત્સ્નાના મૃતદેહને જમીનમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ પ્રકરણે આરોપી વિરુદ્ધ હત્યા અને પુરાવાનો નાશ કરવાના પ્રયાસ બદલ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

## પાલઘરમાં ટ્રક સાથે કાર ટકરાતાં વૃદ્ધાનું મોત: ચાર જણ ઘાયલ

પાલઘર: પાલઘર જિલ્લામાં ચારોટી ટોલ પ્લાઝા નજીક ટ્રક સાથે કાર ટકરાતાં ૬૦ વર્ષની વૃદ્ધાનું મોત થયું હતું, જ્યારે ચારને ગંભીર ઇજા પહોંચી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ સોમવારે વહેલી સવારે આ અકસ્માત થયો હતો. કારમાં પાંચ પ્રવાસી હતા, જેઓ રાજસ્થાનથી નવી મુંબઈ આવી રહ્યા હતા ત્યારે મુંબઈ–અમદાવાદ હાઇવે પર દહાણુ તહેસીલમાં ચારોટી નાકા ખાતે તેમની કારને અકસ્માત નડ્યો હતો.

અકસ્માતમાં ઘટનાસ્થળે મૃત્યુ પામેલી વૃદ્ધાની ઓળખ પિસ્તાદેવી અજિતકુમાર પોકરાણા (૬૦) તરીકે થઇ હતી, જ્યારે કાર હંકારી રહેલા સતીષકુમાર દિનેશચંદ્ર બાફના (૩૯), તેની પત્ની સિલ્કુ બાફના (૩૯), પુત્ર કીર્તિ બાફના (૧૨) તેમ જ મૃતક પિસ્તાદેવીના પતિ અજિતકુમાર પોકરાણા (૬૫) ગંભી રીતે ઘવાયાં હતાં.

ટોલ પ્લાઝા ખાતે હાજર ટ્રાફિક પોલીસ અને ત્યાંના સ્ટાફે ઘાયલોને કારમાંથી બહાર કાઢ્યાં હતાં અને તેમને સારવાર માટે કાસા ખાતેની હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં. બાદમાં તેમને સિલવાસાની વિનોબા ભાવે હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. દરમિયાન પોલીસે આ પ્રકરણે કારચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

દરમિયાન પાલઘર જિલ્લામાં નેશનલ હાઇવે પર રવિવારે સવારે ટ્રકે કારને અડફેટમાં લેતાં બે જણ ઘાયલ થયા હતા. ઘાયલોમાં ઝહીર મયાર (૫૯) અને ફારુક દિવાન (૫૫)નો સમાવેશ હોઇ તેમને પ્રથમ કાસાની હોસ્પિટલ અને બાદમાં ગુજરાતની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ■

## મહારાષ્ટ્રમાં નવો હાઈવે બનાવવામાં આવશે

### માલશેજ ઘાટમાં એક વિશાળ ટનલ બનશે

મુંબઈ: ભારતમાં હાઈવેની માયાજાળ પ્રસરી રહી છે એમાં હવે એકનો ઉમેરો થવાની સંભાવના છે. મહારાષ્ટ્રમાં રાજ્ય માર્ગ વિકાસ નિગમ અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા વિવિધ હાઈવે બનાવવામાં આવી રહ્યા છે. રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા રાજ્યમાં કલ્યાણ અને લાતુર વચ્ચે નવો માર્ગ વિકસાવવામાં આવશે. આ હાઇવે કોંકણ અને મરાઠવાડાના બે મહવના વિસ્તારોને જોડશે. હાલમાં, કલ્યાણથી લાતુર સુધી ૪૫૦ કિમીની મુસાફરી કરવામાં ૧૦ કલાકથી વધુ સમય લાગે છે. મુસાફરીનું અંતર ઘટાડવા માટે કલ્યાણથી લાતુર સુધીનો નવો હાઇવે બનાવવાનો વિચાર પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. આ રુટ કલ્યાણથી શરૂ થઇ આગળ માલશેજ ઘાટમાં પ્રવેશ કરશે. માલશેજ ઘાટમાં આ પ્રોજેક્ટ હેઠળ આઠ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવશે. આ ટનલ દ્વારા અહમદનગર પહોંચી શકાશે. ત્યાંથી હાઈવે બીડ, માંજરસુમ્બા, અંબેજોગાઈ થઈને લાતુર શહેર અને ત્યાંથી મહારાષ્ટ્ર–કર્ણાટક સરહદ પાસે પૂર્ણ થશે. આ રુટ કલ્યાણથી લાતુર સુધીની મુસાફરી ચાર કલાકમાં પૂર્ણ કરશે,એટલે કે મુસાફરીમાં છ કલાકની બચત થશે. ■

## બે ટ્રેનો સામસામે આવે તો લાગશે ઓટોમેટિક બ્રેક

### લાંબા અંતરની ટ્રેનોમાં સુરક્ષા માટે ‘કવચ’

મુંબઈ: પશ્ચિમ રેલવેએ લાંબા અંતરની ટ્રેનોમાં સુરક્ષા હેતું કવચ સિસ્ટમ લગાવાનો નિર્ણય લીધો છે. જેને લઈ ટેન્ડર બહાર પાડીને સર્વેનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આ ટેકનોલોજી પર અંદાજીત ૬૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જાણવા મળ્યું છે કે ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં મુંબઈ સેન્ટ્રલથી વિરારની વચ્ચે કવચ સિસ્ટમ લગાવી દેવામાં આવશે.

મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુર અનુસાર મુંબઈ સેન્ટ્રલથી લઈ વિરાર વચ્ચે સ્લો લાઈન છોડીને તમામ લાઈન પર કવચ લગાવવામાં આવશે. લોકલ ટ્રેનોની સુરક્ષા માટે પહેલાથી જ ઓક્સીલરી વોર્નિંગ સિસ્ટમ અસ્તિત્વ ધરાવે છે. જો કે કવચ સિસ્ટમ એડવાંસ છે અને લાંબા અંતરની દુરીની ટ્રેનો માટે હોય છે. ભારતમાં તૈયાર થયેલી આ ટેકનોલોજી ટ્રેનોની સામેની ટક્કરને રોકવા માટે સક્ષમ છે. જ્યારે બે ટ્રેનો સામ-સામે આવી જાય તો તેમની સ્પીડ ઓછી કરીને ઓટોમૈટિક બ્રેક લાગી જાય છે. આનાથી દુર્ઘટના રોકી શકાય છે. પશ્ચિમ રેલવેમાં પહેલાથી કવચ પર કામ ચાલી રહ્યું છે અને રતલામથી મુંબઈ સુધીનું કામ જૂન ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આના માટે રેલવેએ ત્રણ અલગ અલગ ચરણમાં કોન્ટ્રેક્ટ આપ્યા છે. લગભગ ૭૩૫ રૂટ કિમી અને ૯૦ લોકોમોટિવ એંજિન માટે ૨૦૨૨માં કામ શરૂ થઈ ગયુ છે. ૩૩૬ રૂટ કિમી માટે વિરાર-સુરત-વડોદરા, ૯૬ રૂટ કિમી વડોદરા-અમદાવાદ સેક્શન અને ૩૦૩ રૂટ કિમી વડોદરા-નાગદા-રતલામ સેક્શન પર કામ ચાલી રહ્યુ છે. આના પછી હવે વિરારથી મુંબઈ સેન્ટ્રલ સુધીનું કામ થવાનું છે. ધુમ્મસ જેવી પરિસ્થિતિમાં ટ્રેનોને સુરક્ષિત ચલાવવા, ટ્રેનોની ઓવર સ્પીડિંગને રોકવા અને સિગ્નલ પાસે એટ ડેંજર જેવી સ્થિતિમાં દુર્ઘટનાને રોકવા માટે આ ટેકનોલોજી લોકો પાયલટને મદદગાર સાબિત થાય છે. આ ટેલનોલોજી અલ્ટ્રા હાઈ ફ્રિક્વંસી પર રેડિયો ટેકનોલોજી સાથે કામ કરે છે. આને ટ્રેકની આસપાસ લગાવવામાં આવે છે અને સંપૂર્ણ ખર્ચ મળાવીને ૫૦ લાખ રૂપિયા પ્રતિ કિમી જેટલો થાય છે. એંજિન પર લગાવા માટે લગભગ ૭૦ લાખ રૂપિયા પ્રતિ એંજિન ખર્ચ આવે છે. ■
















# ઈન્ટરવલ



# સિલિકોન ચિપ

## ચર્ચાના ચગડોળ પર સવાર સેમિકન્ડક્ટર છે શું?

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**સિલિકોન ચિપના ઉપયોગ અને ઉપયોગીતા જાણી આંખો પહોળી થઇ જશે! જાણીને આશ્ચર્ય થશે કે સેમિકન્ડક્ટર્સ માત્ર ઈલેક્ટ્રિક અને ઇલેક્ટ્રોનિક ઉદ્યોગ માટે જ ઉપયોગી નથી, પરંતુ દેશને પાંચ ટ્રિલિયનની ઈકોનોમી બનાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. રોજગારીમાં વધારો કરવા સાથે આયાત અવલંબન અને આયાત ખર્ચ ઘટાડીને વ્યાપાર ખાધ નીચી લાવવામાં પણ તેનું યોગદાન રહેશે.**

સેમિકન્ડક્ટર હબ બનવાની દિશામાં દેશ આગળ વધી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો અને આશરે રૂ. ૧.૨૫ લાખ કરોડના સેમિકન્ડક્ટર પ્રોજેક્ટનો પાયો નાખ્યો હતો. કેન્દ્રીય કેબિનેટે તેની છેલ્લી બેઠકમાં ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટની સ્થાપનાને મંજૂરી આપી હતી.

આ ત્રણ પ્લાન્ટમાંથી બે પ્લાન્ટ ગુજરાતમાં ધોલેરા અને સાણંદમાં અને એક સેમિકન્ડક્ટર પ્લાન્ટ આસામના મોરીગાંવમાં સ્થાપવામાં આવશે. ટૂંકમાં તાજેતરમાં સેમિકન્ડક્ટર શબ્દ ચર્ચાને ચગડોળે ચઢ્યો છે. પરંતુ શું તમે જાણો છો કે સેમિકન્ડક્ટર શું છે અને તેનો ક્યાં ઉપયોગ થાય છે?

તો જાણી લો કે, સેમિકન્ડક્ટર એ સિલિકોન ચિપ છે, જેનો ઉપયોગ ઇલેક્ટ્રોનિક ઉપકરણોમાં થાય છે. સેમિકન્ડક્ટર વાહનો, સ્માર્ટફોન, કમ્પ્યુટર, એટીએમ, કાર, ડિજિટલ કેમેરા, એસી અને રેફ્રિજરેટરમાં જોવા મળે છે. આ ઉપરાંત ઘણી મિસાઇલોમાં પણ સેમિકન્ડક્ટર ચિપ્સની જરૂર પડે છે.

સેમિકન્ડક્ટર ચિપ કોઈપણ ઉત્પાદનના નિયંત્રણ અને મેમરી કાર્યોનું સંચાલન કરે છે. એટલું જ નહીં, હાઇટેક કારના સેન્સર, ડ્રાઇવર સપોર્ટ સિસ્ટમ, પાર્કિંગ રિયર કેમેરા, એરબેગ અને ઇમરજન્સી બ્રેકિંગમાં પણ સેમિકન્ડક્ટરની જરૂર પડે છે.

હવે એ જાણીએ કે નવા પ્લાન્ટ સ્થાપવાથી ભારતને શું ફાયદો થશે? તાજેતરના સમયમાં, ભારતે સેમિકન્ડક્ટર્સના ઉત્પાદન તરફ ઝડપી પગલાં લીધાં છે. વિશ્વભરમાં આ ચિપ્સની માગ છે અને સામે પુરવઠો મર્યાદિત રહે છે. આ જણસની ઉપયોગીતા ધ્યાનમાં લઇને ભારત પણ તેના ઉત્પાદનની દિશામાં ઘણાં સમયથી મથામણ કરી રહ્યું છે.

ગુજરાત અને આસામમાં ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટના નિર્માણથી એક તરફ ભારતની અન્ય દેશો પરની નિર્ભરતા ઓછી થશે. આયાતમાં ઘટાડો થતાં વિદેશી હૂંડિયામણની પણ બચત થશે. બીજી તરફ ઈલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમ્યુનિકેશન જેવાં ક્ષેત્રોમાં પણ રોજગારીની તકો ઊભી થશે. આ સાથે સેમિકન્ડક્ટર પ્લાન્ટ પાંચ ટ્રિલિયન અર્થતંત્રના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત અને આસામમાં જે ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો છે, તેનું નિર્માણ કાર્ય ૧૦૦ દિવસમાં શરૂ થશે અને એ રીતે ભારતમાં સેમિકન્ડક્ટર ચિપનું ઉત્પાદન શરૂ થશે. આ ત્રણેય પ્લાન્ટ્સમાં સેમિકન્ડક્ટરના ઉત્પાદન પછી ડિજિટલ અર્થતંત્ર ઝડપથી વધવાની અપેક્ષા છે.

આ ઉપરાંત, સંરક્ષણ, અવકાશ અને ઇલેક્ટ્રિક વાહનોના ક્ષેત્રોને પણ મજબૂત બનાવવામાં આવશે. આ સેમિકન્ડક્ટરનો ઉપયોગ ભારતમાં

(જુઓ પાનું ૬) ▶▶

ગુજરાત ડાયરી_મનોજ મ. શુકલ feedback@bombaysamachar.com

## ગુજરાત ભા.જ.પ.કૉંગ્રેસ પર ધાડ કેમ પાડે છે?

ગુજરાત ભા.જ.પ.ના અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલે ગુજરાતમાં કૉંગ્રેસના ધારાસભ્યો,સિનિયર નેતાઓને યેનકેન પ્રકારે મનાવીને તેઓને ભા.જ.પ.માં લાવવાના ઉપાડેલા અભિયાન પાછળ શું રહસ્ય છે? તે અંગે રાજકીય વિશ્લેષકો એવું માને છે કે (૧):-કૉંગ્રેસની પરંપરાગત વોટબેન્ક ખતમ કરવા અને (૨):-ગુજરાતમાં લોકસભાની દરેક બેઠક પાંચ લાખથી પણ વધુ સરસાઈથી જીતવાનો સંકલ્પ પાર પાડવા માટે આ અભિયાન હાથ ધરાયું છે.અહીં કૉંગ્રેસની પરંપરાગત વોટબેન્ક એટલે શું? એ સમજીએ. ગુજરાતમાં ભા.જ.પ.ના પૂર્ણ ઉદય પછી અને કૉંગ્રેસની ભરપૂર છિન્નભિન્નતા વચ્ચે પણ ૧૯૯૦માં કૉંગ્રેસને -૩૩, ૧૯૯૫માં-૪૫, ૧૯૯૮ માં-૫૩,૨૦૦૨માં-૫૧,૨૦૦૭માં-૫૯, ૨૦૧૨માં-૬૧, ૨૦૧૭માં -૭૭ અને ૨૦૨૨માં -૧૭ બેઠકો વિધાનસભામાં મળી હતી.આ સૂચવે છે કે ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાં કૉંગ્રેસ પાસે કમિટેડ મતદારો હતા.ભા.જ. પ.ના ચાણક્ય ૨૦૧૭માં ચેતી ગયેલાં કે જ્યાં સુધી કૉંગ્રેસમાં નિષ્ઠાવાન અને સમાજમાં પ્રતિષ્ઠા અને વગ ધરાવતા નેતાઓ છે ત્યાં સુધી તે પક્ષને નબળો નહીં પાડી શકાય.એટલે કૉંગ્રેસના ધરખમ નેતાઓને તોડવાનું શરુ કરાયું. આના પરિણામે વ્યક્તિગત હેસિયતથી સમાજ પર વર્ચસ્વ ધરાવતા અનેક કૉંગ્રેસી નેતાઓને સામ, દામ, દંડ અને ભેદની નીતિથી ભા.જ.પ.માં સામેલ કરવામાં આવી રહ્યા છે.ભા.જ.પ.નું મજબૂત સંગઠન,સંઘનો સબળ ટેકો અને કદાવર કૉંગ્રેસી નેતાઓની પોતાના નિશ્ચિત સમાજ પરની વગને કારણે આગામી લોકસભાની ચૂંટણીમાં ભા.જ.પ.ને ૨૬ પૈકી અર્ધોઅર્ધ બેઠકથી પણ વધારે બેઠકો પર પાંચ લાખથી વધુ મતની સરસાઇથી વિજય મળવાની જે આશા છે એ ફળે પણ ખરી!

## ગુજરાતની ચાર યુનિવર્સિટીને નિયમિત કુલપતિ કેમ નથી મળતા?




ગુજરાત સરકારનાં અનુદાનથી ચાલતી રાજ્યની ચાર યુનિવર્સિટીઓની કમનસીબી એવી છે કે આ યુનિવર્સિટીમાં છેલ્લા એક-બે વર્ષથી કોઈ નિયમિત કુલપતિ નિમાયા નથી અને માત્ર ઈનચાર્જ કુલપતિથી આ યુનિવર્સિટીઓ ચાલે છે.આ યુનિવર્સિટીમાં (૧):-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (૨):-જૂનાગઢની નરસિંહ મહેતા યુનિવર્સિટી (૩):-ચિલ્ડ્રન યુનિવર્સિટી અને (૪):-ટિચર્સ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. એક, દોઢ કે બે વર્ષ સુધી સરકારને કુલપતિ જેવા સન્માન્ય પદ માટે યોગ્ય વ્યક્તિ ન મળે એ કેવું કહેવાય? આ પ્રશ્ન અંગે ગુજરાતના શિક્ષણ વર્તુળમાં જે ચર્ચા ચાલે છે તે જો સાચી માનીએ તો એવો જવાબ મળે છે કે ભા.જ.પ.ની આંતરિક વ્યવસ્થા પ્રમાણે કુલપતિના નામ પસંદ કરવાની જવાબદારી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદને આપવામાં આવી છે. એવું ચર્ચાય છે કે આ બન્ને સંસ્થાઓના આંતરિક સંકલનના અભાવે તથા સદરહુ સંસ્થાઓના સરકાર સાથેના સંકલનના અભાવે ચાર યુનિવર્સિટીઓના કુલપતિઓની પસંદગી ટલ્લે ચડી છે.સરકારના નિર્ણયો જ્યારે સરકાર બહારની એજન્સીઓ દ્વારા લેવામાં આવતા હોય ત્યારે આવી સ્થિતિનું નિર્માણ થાય એ બહુ સ્વાભાવિક છે.હવે આગામી લોકસભાની ચૂંટણીનાં અનુસંધાને લાગુ કરવામાં આવેલી આચાર સંહિતાને કારણે બાકી રહી ગયેલી ચાર યુનિવર્સિટીઓને નવા કુલપતિઓ જૂન-૨૦૨૪ પછી મળશે.

(જુઓ પાનું ૬) ▶▶

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## સાયબર ફ્રોડના મામલામાં મહારાષ્ટ્ર-ગુજરાત સાથે-સાથે



સાયબર ફ્રોડની સરખામણી કરવી હોય તો. રોગચાળાના ચેપી જંતુ સાથે કરી શકાય. આંખ સામે દેખાય નહિ પણ ગમે ત્યારે ચૂપચાપ ત્રાટકીને કોરી ખાવા માંડે. આપણી સામે સાયબર ઠગાઈના છૂટાછવાયા કેસ જ આવે છે એટલે આપણે બહુ ગંભીર બનતા નથી.

પરંતુ ૨૦૨૩માં સાયબર ઠગીનો વ્યાપ ભયંકર હોવાનું સત્તાવાર આંકડા દર્શાવે છે. લોકસભામાં અપાયેલી માહિતી મુજબ ૨૦૨૩માં દેશમાં સાયબર ફ્રોડના ૧૧.૩ લાખ કેસ નોંધાયા હતા. આંકડામાં ઊંડા ઉતરતા અગાઉ આ વ્યવસ્થા વિશે થોડું જાણીએ. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આર્થિક છેતરપિંડીની વિગતો-આંકડા એકત્ર કરવા માટે 'ઈન્ડિયન સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર'ની સ્થાપના કરી છે. આ સેન્ટર હેઠળ 'સિટિઝન ફાઈનાન્સિયલ સાયબર રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ'ની ગોઠવણ થઈ છે. આના થકી કેન્દ્રીય ગૃહ મંત્રાલય પાસે બધા સ્ટેટેસસ્ટીકસ પહોંચે છે. ખરેખર, ઉમદા અને અનિવાર્ય ઉપક્રમ.


હવે આ રોગની ગંભીરતા સમસ્યાના ઊંડાણમાં જઈએ. ૧૧.૩ લાખ કેસમાં કેટલી રકમને પગ આવી ગયો એ જાણો છો? પૂરા રૂ. ૭,૪૮૮.૬ કરોડ! અને ૪૭ લાખથી વધુ ફરિયાદમાં વિવિધ સરકારી યંત્રણાના પ્રયાસોથી રૂ. ૧૨૦૦ કરોડની છેતરપિંડી અટકાવી શકાઈ હતી. ગયેલી રકમ અને બચાવી શકાયેલી રકમ વચ્ચેનું અંતર અને ટકાવારી ઘણું કહી જાય છે.

તો કયા પ્રદેશમાંથી સાયબર ફ્રોડની સૌથી વધુ ફરિયાદો આવી? નંબર વન રહ્યું ઉત્તર પ્રદેશ. બે લાખ કેસ સાથે. આ આંકડો ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી મોટો છે. બીજો ક્રમે મહારાષ્ટ્ર (૧,૩૦,૦૦૦ કેસ), ત્રીજા ક્રમે ગુજરાત (૧,૨૦,૦૦૦ કેસ), ચોથા અને પાંચમા ક્રમે રાજસ્થાન અને હરિયાણા (બન્નેમાં ૮૦-૮૦ હજાર કેસ) આવ્યા. માત્ર ૨૯ કેસ સાથે નસીબદાર લક્ષદ્વીપ સૌથી તળિયે હતું.

આ તો કેસની સંખ્યાની વાત થઈ પણ રકમ ગુમાવવામાં મહારાષ્ટ્ર મોખરે રહ્યું, રૂ. ૯૯૦.૭ કરોડ અને એમાંથી એક જ કેસમાં ગઈ સૌથી મોટી રકમ રૂ. ૯૯૦.૭ કરોડ જેટલી. કેસની સંખ્યામાં પહેલા પાંચમાં સ્થાન ન મેળવનારું તેલંગણા રકમ ગુમાવવાની બાબતમાં બીજા ક્રમે રહ્યું રૂ. ૭૫૯.૧ કરોડ સાથે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ (રૂ. ૭૨૧.૧ કરોડ), કર્ણાટક (રૂ. ૬૬૨.૧ કરોડ) અને તામિલનાડુ (રૂ. ૬૬૧.૨ કરોડ) હતા. આની સામે વર્ષ ૨૦૨૨માં ૧૩,૯૧,૪૫૭ ફરિયાદ અને ૨૦૨૧માં ૧૪,૦૨,૮૦૯ કેસ નોંધાયા હતા.

આમાં એક બાબત ખાસ સમજવાની જરૂર છે કે આ સરકારી આંકડા છે. ના, ના ચૂંટણીની મોસમમાં સરકારી આંકડા ખોટા હોવાની વિપક્ષી કાગારોળ મચાવવી નથી. પણ વણનોંધાયેલી છેતરપિંડીના કેસ પણ અવશ્ય હોવાના જ.

ટૂંકમાં, સાયબર ઠગોથી બચી શકાય એટલા તમે નસીબદાર. ■




પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ફ્રાન્સે ગર્ભપાતને બંધારણીય અધિકાર કેમ બનાવ્યો ?

**.. કારણ કે ફ્રાન્સની પ્રજા માને છે કે સ્ત્રીને પોતાના શરીર પર પોતાનો જ અધિકાર જ છે અને એમને ગર્ભપાત કરતાં કોઈએ રોકવી ન જોઈએ..!**



તાજેતરમાં ફ્રાન્સ આખા વિશ્વમાં પ્રથમ દેશ બન્યો છે , જેણે ગર્ભપાત કરવાના અધિકારને બંધારણીય અધિકાર બનાવ્યો છે. સાદી ભાષામાં કહીએ તો હવે ફ્રાન્સમાં મહિલાને એક પ્રકારની ગેરેન્ટી આપવામાં આવી છે કે તમારા શરીર પર તમારો જ અધિકાર જ છે અને તમનેગર્ભપાતકરતા કોઈ રોકી શકશે નહીં.

ફ્રાન્સમાં ચૂંટણી માથે છે એટલે પણ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ગર્ભપાતને બંધારણીય હક્ક બનાવવાનું બીડું ઉપાડ્યું હતું. ફ્રાન્સમાં સફળતા મેળવ્યા બાદ મેક્રોને હવે પ્રતિજ્ઞા લીધી છેકે યુરોપિયનયુનિયનના મૂળભૂત અધિકારોના ચાર્ટરમાં એ ગર્ભપાતનો અધિકારપણ સામેલ કરાવશે.મેક્રોન કહે છે કે આ કથાનો અંત નહીં, પરંતુ લડતની શરૂઆત છે. યુરોપમાં પ્રત્યાઘાતી પરિબળો મહિલાના અધિકાર પર હુમલો કરી રહ્યા છે ત્યારે અમે યુરોપમાં આ અધિકાર માટેની લડતમાં નેતૃત્વ લઈશું.... ઘણાને એવો સવાલ થશે કે શું ફ્રાન્સમાં ગર્ભપાત કરવાનો મહિલાઓને અધિકાર નહોતો...? . ના, એવું નથી આવો અધિકારતો૧૯૭૫થી ફ્રાન્સમાં હતો, પરંતુ અમેરિકામાંબનેલી હિલચાલને લીધે ફ્રાન્સમાં ગર્ભપાતની ગેરેન્ટી દેવાનીઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. અમેરિકામાં એવું બન્યું હતું કે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૨૦૨૨માં અડધી સદીથી મહિલાનેમળેલોગર્ભપાતનોઅધિકારછીનવી લીધો હતો. અમેરિકાની સુપ્રીમ કોર્ટેહવે રાજ્યોને આ અંગેનિર્ણયલેવાની છૂટ આપી છે.

### ફ્રાન્સની સંસદના બંને ગૃહોએ

૧૧ માર્ચે ઐતહાસીક મતદાનમાં ગર્ભપાત કરવાના મહિલાના અધિકારને બંધારણની ૩૪મી કલમમાં સ્થાન આપવાના ખરડાને બહાલી આપી હતી. આને લીધે મહિલા આલમમાં ખુશ છે. ફ્રાન્સની સંસદે૭૮૦-૮૨ ના મતથી ખરડાને મંજૂર આપી. આ મતદાન પછી વિશ્વની એક અજાયબી જેવા એફિલ ટાવર પર રોશની કરવામાં આવી હતી. એ રોશની સાથે એવો પણ મેસેજ હતા કે 'માય બોડી માય ચોઈસ..!' .

ફ્રાન્સના વડા પ્રધાન ગેબ્રિયલ એટલેએ મતદાન પહેલાંકહ્યું હતું કે કાયદા ઘડનારધારાસભ્યોએ મહિલાઓને ઋણ ચૂકવવાનું છે. મહિલાઓને ભૂતકાળમાં ગેરકાયદે ગર્ભપાત કરવાની ફરજ પડી હતી એનું ઋણ અદા કરવાનું છે. આ સાથે મહિલાઓને આપણે એવો સંદેશો દેવાનો છે કે તમારું શરીર તમારી માલિકીનું છે!'

આ ખરડો પસાર થયા બાદ આંતરરાષ્ટ્રીય મહિલા દિને જોરદાર ઉજવણી થઈ હતી. અમેરિકામાં ગર્ભપાતએ સમાજને વિભાજિત કરનારો મુદ્દો છે અને લોકો બે પક્ષની વિચારસરણીજેમ બે છાવણીમાં વિભાજિત થઈ જાય છે. બીજા તરફ, ફ્રાન્સમાં એવું નહોતું. ફ્રાન્સમાંઆ વિશે એકસામાન્ય સર્વસંમતિ હતી. જે ગણ્યાગાંઠ્યા સાંસદોએ ખરડાનો વિરોધ કર્યો હતો એ લોકો પણ ગર્ભપાતના વિરોધી નથી.એમનું કહેવું એટલું જ છે કે આમાં બંધારણીયગેરેન્ટીઆપવાની જરૂર નથી, કારણ કે દેશમાં પ્રજનનના અધિકારનેવ્યાપક ટેકો છે. આ બંધારણીય સુધારાને લીધે ફ્રાન્સના ડાબેરી પક્ષોનો ચોખ્ખો વિજય થયો છે, જે૨૦૨૨ પહેલાં જ વર્ષોથી બંધારણમાં ગર્ભપાતના અધિકારની ગેરેન્ટી આપવાની હિમાયત કરી રહ્યા હતા.. જો કે અમેરિકામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને લીધે ફ્રાન્સમાં ભવિષ્યમાંઆ અધિકાર જમણેરીઓ છીનવી ન લે એ સામે આવી ગેરંટીઆપવી જરૂરી હતી.

આ સાથે ફ્રાન્સે ૨૫મી વાર બંધારણમાં સુધારો કર્યો છે. ફ્રાન્સ ૧૯૫૮માં પ્રજાસત્તાકદેશ બન્યોહતો. સૌથી મહત્ત્વની વાત એ છે કે ફ્રાન્સના બિશપો અને વેટિકને આવા બંધારણીય સુધારાનો વિરોધ કર્યો હોવા છતાં ફ્રાન્સ ગર્ભપાતને બંધારણીય ગેરેન્ટી આપી છે.વેટિકને કહ્યું હતું કે સાર્વત્રિક માનવ અધિકારનાયુગમાં ગર્ભમાં રહેલા જીવનો જીવવાનો અધિકાર છીનવી ન શકાય. આથી 'રાઈટ ટુ પ્રેગ્નન્સી' અને 'રાઈટ ટુ લીવ' વચ્ચેનું યુદ્ધ ફ્રાન્સ- અમેરિકા અને અન્ય દેશોમાં સતત ચાલુ જ રહેવાનું.

### ભારતમાં શું સ્થિતિ છે ?

ભારતમાં ૧૯૭૦માં ગભર્પાતની છૂટ દેતો કાયદો ઘડાયો હતો. આ કાયદાનું નામ છે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (એમટીપી) એક્ટ. જો કે આ કાયદામાં ૨૦ અઠવાડિયા જૂનો જ ગર્ભ પાડવાની મંજૂરી અપાઈ છે. જો ગર્ભ એનાથી વધારે સમયનોહોય તો દંપતીએ અદાલતની પરવાનગી લેવી પડે છે. ફ્રાન્સની સરખામણીમાં ભારતની અદાલતો પણ અમેરિકાનીજેમ પારોઠનાપગલાં ભરી રહી છે. આ વાત બે ચુકાદાથી સાબિત થશે.

૨૩ જાન્યુઆરી દિલ્હી વડી અદાલતે ૨૬ વર્ષની મહિલાને ગર્ભપાત કરવાની છૂટ આપતો પોતાનો જ ચુકાદો પાછો ખેંચ્યો હતો. મહિલાના પતિ બે મહિના પહેલાંજ મરણ પામ્યા હતા. મહિલા૩૦ અઠવાડિયાથી ગર્ભવતી હતી ત્યારે એણે અદાલતનો દરવાજો ખખડાવ્યો હતો. અદાલતે અગાઉ ચુકાદો એવી દલીલ પર આપ્યો હતો કે મહિલા પતિના મરણથી એટલી ભાંગી પડી છે કે એને આત્મહત્યા કરવાના વિચારો આવે છે. જો કે ઓલ ઈન્ડિયા મેડિકલ સાયન્સીસ (એમ્સ)ના તબીબોએ મોડેથી ગર્ભપાત કરવા સામે વાંધો લીધો હતો અને કહ્યું હતું કે ગર્ભ એટલો વિકસિત થઈ ગયો છે કે ગર્ભપાતની પ્રોસિજર બાદ પણ બાળક જીવતું રહે.

આવો જ બીજો કેસ ઓક્ટોબર ૨૦૨૩નો હતો. સુપ્રીમ કોર્ટનીત્રણ જજની ખંડપીઠે એક મહિલા જે પ્રસવોત્તર મનોવિકૃતીથી પીડાતી હતી એની અરજી સાંભળી હતી. થોડા સમય પહેલાજએની ડિલિવરી થઈ હતી. અહીં પણ એમ્સના તબીબોએ કહ્યું હતું કે એમ ટીપીએક્ટ પ્રમાણે આ જૂની ગર્ભાવસ્થા છે. સુપ્રીમ કોર્ટે મહિલાનેગર્ભપાત કરવાની મંજૂરી આપી નહીં. એટલું જ નહીં, મહિલાને એમ્સમાં ડિલિવરી કરાવી બાદમાં બાળકને દત્તક આપવાનુંજણાવ્યું હતું.

'એમટીપી એક્ટ' આમ તો જોવા જઈએ તો ૨૪ અઠવાડિયા બાદ મહિલા જાનને ખતરો હોય અથવા તો ગર્ભમાં કોઈ ખામીહોય તો જ છૂટ આપે છે, પરંતુ ભૂતકાળમાં વડી અદાલતઅને સર્વોચ્ચ અદાલતે તેમના વિશેષાધિકાર અને વિવેકનો ઉપયોગ કરીને મોડી મુદતના ગર્ભને પાડવાની મંજૂરી આપી હતી. બીજી તરફ મહિલા ચળવળકારો અને તબીબો કહે છે કે ધારામાં રહેલી ૨૦ અઠવાડિયાની મુદત અધોગામી અને ખતરનાક છે. મેડિકલ સાયન્સ એટલુંઆગળ વધી ગયું છે કે હવે ગમે એટલોજૂનો ગર્ભ હોય તો પણ ગર્ભપાત કરવામાં કોઈ ખતરો નથી માટે આ લિમિટ કાળગ્રસ્ત અને લુપ્ત થયેલી છે. ફ્રાન્સની જેમ ગર્ભપાતનો અધિકાર ફક્ત મહિલાને જ હોવો જોઈએ. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| CLOUD | નડતર |
| CLOUGH | લવિંગ |
| CLOVE | વાદળું |
| CLOWN | ઊંડી ખીણ |
| CLOG | વિદૂષક |

## ઓળખાણ રાખો

ચેસની દુનિયામાં કિશોરાવસ્થામાં તહેલકો મચાવનારા વિશ્વવિખ્યાત અમેરિકન ચેસ ચેમ્પિયનની ઓળખાણ પડી? આઠ વખત યુએસ ચેમ્પિયન બનવાનો રેકોર્ડ કર્યો હતો.



અ) બોરિસ સ્પાસ્કી બ) મિખાઇલ તાલ ક) બોબી ફિશર ડ) ઇમેન્યુઅલ લેસકર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ ના | ૩ પ | શ | ૪ ના | પ | | ૫ વ | ૬ ડી | ૭ લ |
| ૮ વિ | ર | તિ | | ક | | ૯ ચ | | ૧૦ લ | જ્જા |
| ૧૧ ર | દ | | ૧૨ ક | | ૧૩ ક | પો | ૧૪ ત | | હી |
| ત | | ૧૫ આ | મ | ળાં | | ૧૬ ચ | ર | | ન |
| | ૧૭ ત | ણ | ખો | | ૧૮ સા | પ | સી | ૧૯ ડી | |
| ૨૦ કા | | લ | | ૨૧ અં | ગ | | | ૨૨ ન | ૨૩ ખી |
| ૨૪ ર | ન્ના | દે | | દા | | ૨૫ ભા | | ૨૬ ર | ચો |
| કિ | | | ૨૭ મા | ઝ | ૨૮ મ | રા | ત | | ખી |
| દીં | | ૨૯ સા | ન | | ૩૦ ગ | ડી | | ૩૧ કા | ચ |
| | ૩૨ ગે | ર | વ | ર્ત | ન | | ૩૩ ભા | લ | |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | | | ૫ |
| | | ૬ | | ૭ | | | | ૮ | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | | |
| ૧૩ | | | ૧૪ | | | | | ૧૫ | |
| ૧૬ | | | | ૧૭ | | | | ૧૮ | |
| | | | ૧૯ | | | ૨૦ | ૨૧ | | |
| ૨૨ | | ૨૩ | | | ૨૪ | | | | ૨૫ |
| ૨૬ | | | | | | | | ૨૭ | |
| | | ૨૮ | | ૨૯ | | ૩૦ | ૩૧ | | |
| ૩૨ | | | | ૩૩ | | | | | |

### આડી ચાવી

૧. બિમારની સેવા, માવજંત (૪)
૪. વધારાનું, નકામું (૩)
૬. આશરે, અંદાજે (૪)
૮. હોળી ઉપર ગવાય (૨)
૯. ઘા (૩)
૧૧. કોઇના આવવાનો આભાસ થવો (૪)
૧૩. પાણી, ..... કસ. (જો. છૂ) (૨)
૧૪. પ્રવાહીની ધાર, વૃષ્ટિ (૨)
૧૫. શેરને માથે --- શેર (૨)
૧૬. કરામત, સોગટાં રમવાની રીત (૩)
૧૭. પ્રશંસા (૩)
૧૮. સળ (કપડાની), ઘાટી (૨)
૧૯. માણસનું મુખ્ય કામ--- પીવું, સૂવું (૨)
૨૦. ગાય (૨)
૨૩. આદર (૨)
૨૪. દૂધ પાકમાં નખાય (૩)
૨૬. મીઠું --- જેવું (૨)
૨૭. દૂંટી (૨)
૨૮. તીર,--- (૩)
૨૯. 'પૂછવું'નું આજ્ઞાર્થ (૨)
૩૨. ખોપરી, ભિક્ષાપાત્ર (૩)
૩૩. ભકત પ્રહલાદનો બાપ (૬)

### ઊભી ચાવી

૧. જાહેર, બધા લોકોનું (૫)
૨. પ્રિયતમ (૩)
૩. નસ (૨)
૪. હોળી આ માસમાં આવે (૩)
૫. નાનાં બાળકોની શાળા (૫)
૭. મસાલાનો ભૂકો, છૂટો વેરવો (૫)
૧૦. ચામડીનો રોગ (૪)
૧૨. કાનુડો --- (૫)
૧૫. કોલસા બાળવાનું સાધન (૩)
૧૯. રસોઇનો બંદોબસ્ત કરનાર (૪)
૨૧. વધારામાં, ઉપરાંત (૨)
૨૨. એક ફળ (૪)
૨૪. વર્તુળનો એક ભાગ (૨)
૨૫. આળ, સામો શાપ (૪)
૨૮. હાથમાં ટેક્સ આપો (૨)
૨૯. ના (૨)
૩૦. સારું કાર્ય કરો તો --- મળે (૨)
૩૧. આશ્ચર્યશક્તિ (૨)

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'લલાટે લખેલા લેખ મિટાવી નથી શકાતા' પંક્તિમાં લલાટ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) લલકાર બ) પોથી ક) પુસ્તક ડ) કપાળ

## માતૃભાષાની મહેક

સંગીતની દુનિયામાં વીણાનું સાજ મહત્ત્વનું ગણાય છે. ભારતનું સંગીત વીણાના તાર દ્વારા વધુમાં વધુ કહ્યું છે એમ મનાય છે, કારણ કે યુગોથી વીણાવાદન ચાલતું આવ્યું છે. વીણા અને સરસ્વતીની કલ્પના એક સાથે ચમકે છે, કારણ કે સરસ્વતીના હાથમાં વીણા મૂકવામાં આવી છે. કલા અને સાહિત્યનો આ મેળ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

## સુડોકુ-૫૦૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૮ | | ૬ | | ૪ | |
| | | | ૩ | ૨ | ૯ | | | |
| ૬ | | | ૪ | | ૭ | | | ૫ |
| ૯ | ૭ | | | | | | ૮ | ૧ |
| ૪ | | | | | | | | ૯ |
| ૩ | ૮ | | | | | | ૬ | ૪ |
| ૧ | | | ૭ | | ૨ | | | ૬ |
| | | | ૬ | ૪ | ૫ | | | |
| | ૨ | | ૧ | | ૮ | | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૬ | ૧ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૮ | ૧ | ૪ | ૩ | ૫ | ૨ | ૬ | ૯ |
| ૫ | ૨ | ૪ | ૬ | ૯ | ૭ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૭ | ૬ | ૪ | ૯ | ૮ | ૨ |
| ૪ | ૬ | ૭ | ૯ | ૨ | ૮ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૯ | ૮ | ૩ | ૫ | ૧ | ૬ | ૭ | ૪ |
| ૮ | ૫ | ૩ | ૨ | ૧ | ૯ | ૭ | ૪ | ૬ |
| ૬ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૧ | ૨ | ૫ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૩ |

## ગુજરાત મોરી મોરી રે

યોગ્યતા અનુસાર સત્કાર કરવો એ ભાવાર્થની કહેવતના શબ્દો આડા અવળા થઇ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

કપાસિયાની દેવને આંખ છાણના

## ઈર્શાદ

આ હળુ વાતો પવન ને ગામ ઊંઘરેટું સજનવા,
આપનું ઘર એક સપના જેટલું છેટું સજનવા.

-- મુકુલ ચોક્સી

## માઈન્ડ ગેમ

બકોર પટેલ, વાઘજીભાઈ વકીલ, જિરાફ જોશી વગેરે પાત્રોથી યાદગાર બાળ સાહિત્યની રચના કોણે કરી હતી એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) ગિજુભાઈ બધેકા બ) હરિપ્રસાદ વ્યાસ ક) જીવરામ જોશી ડ) જુગતરામ દવે

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| MOCK | ચાળા પાડવા |
| MODE | પદ્ધતિ |
| MONK | સાધુ |
| MOSS | લીલ |
| MUTE | મૂંગું |

**ગુજરાત મોરી મોરી રે**
ગામના મોઢે ગળણું ન દઈ શકાય

**ઓળખાણ પડી?**
ત્રિપુરા

**માઈન્ડ ગેમ**
Pygmalion

**ચતુર આપો જવાબ**
ઉખાણું ઉકેલો
પ્યાસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) નીતા દેસાઈ (૩) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪) શ્રદ્ધા આશર (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) પુષ્પા પટેલ (૯) ભારતી બુચ (૧૦) સુભાષ મોમાય (૧૧) વિભા મહેશ્વરી (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) હર્ષા મહેતા (૧૫) મહેન્દ્ર લોઢાવિયા (૧૬) મીનળ કાપડિયા (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) પ્રવીણ વોરા (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) ડૉ. પ્રકાશ કટકિયા (૨૧) ભારતી પ્રકાશ કટકિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) કલ્પના આશર (૨૫) રજનીકાંત પટવા (૨૬) સુનીતા પટવા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નંદકિશોર સંજાણવાળા (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલીયા (૩૨) વિણા સંપટ (૩૩) ભાવના કર્વે (૩૪) સુરેખા દેસાઈ (૩૫) જગદીશ વલ્લભજી ઠક્કર (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) રમેશ દલાલ (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) દિલીપ પરીખ (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) પુષ્પા ખોના (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) નિતીન બજરિયા (૪૬) અંજુ ટોલિયા (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી

---

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# કહેવત હોય કે ચોવક અર્થ સમાન હોય છે

એક સરસ મજાની ચોવક સાથે આજની કોલમનો પ્રારંભ કરું છું. ચોવક છેઃ ''સુખાંણી ધારા વાંણ ન હલે'' પહેલો શબ્દ છે, 'સુખાણી' જેનો અર્થ થાય છેઃ સુકાની અને બીજો શબ્દ છે 'ધારા' અને 'ધારા' એટલે સિવાય. 'વાંણ' એટલે વહાણ અને 'ન હલે' એટલે ન ચાલે. હલે એટલે ચાલે. માનું છું કે, શબ્દાર્થ સ્પષ્ટ થઈ ગયો છે કે, સુકાની વગર વહાણ ન ચાલે, પરંતુ ચોવકનો ભાવ કંઈક જૂનો છે. ચોવક એમ કહે છે કે, કોઈપણ પ્રકારનું કામ હોય, જવાબદારી હોય પણ તે અંગેની જાણકારી ન હોય તો કામમાં સફળતા ન મળે!

આપણે ગુજરાતીમાં ઘણીવાર બોલતાં હોઈએ છીએં કે, સાંભળવું બધાનું પણ કરવું પોતાનું! એ જ વાત ચોવક પણ કહે છે કે, ''સુણ જે મિણીંજી કજે પિંઢજી'' અહીં 'સુણ જે' શબ્દ છે જેનો અર્થ થાય છેઃ સાંભળવું. 'મિણીંજી' એટલે બધાનું. 'કજે' નો અર્થ છેઃ કરવું અને પિંઢજી' એટલે પોતાની કે પોતાનું! શબ્દાર્થની નજીકનો ભાવાર્થ છે કે, નિર્ણય તો પોતે જ લેવો! એનો મતલબ એમ નહીં કે, કોઈનું સાંભળવું નહીં! સલાહ-સૂચન બધાનાં લેવાં કે સાંભળવાં પરંતુ, તેમાંથી જે પોતાના હિતમાં હોય તે જ અમલમાં મૂકવું!


ફરી એક ગુજરાતી કહેવત યાદ આવે છે. 'સિંદરી બળે પણ વળ ન છોડે' સિંદરી જોઈ છે? એના બે દોરા પરસ્પર ગુંથાયેલા હોય છે અને એ ગૂંથણીથી જે વળ પેદા થાય છે તે સિંદરી બળે તો પણ એ જ આકાર જોવા મળે છે! ઘણા લોકો સ્વભાવથી જ વળ ખાધેલી સિંદરી જેવા હોય છે! એ જન્મજાત સ્વભાવ હોય છે. તો પણ તેમાં સુધારો કરી શકાય, પણ મૂળ સ્વભાવ એવો વળ ખાધેલો હોય છે કે, વળ છૂટો કરવો જ મુશ્કેલ બની જાય છે. કચ્છીમાં ચોવક એ જે વાત આ રીતે કહે છેઃ ''સીંધરી બરે પ વટ ન છડે'' 'સીંધરી' એટલે સિંદરી. 'બરે' એટલે બળે. 'પ' નો અર્થ થાય છેઃ પણ અને 'વટ' નો અર્થ સિંદરી માટે 'વળ' થાય છે જ્યારે વ્યક્તિ માટે વટના સવાલવાળો વટ થાય છે! શબ્દાર્થ છેઃ મૂળ સ્વભાવ ન છોડવો.

ઋતુનો આધાર લઈને એક ચોવક એમ કહે છે કેઃ ''સી કેં જો સગો નતો થીયે'' પહેલો શબ્દ જે 'સી' છે તેનો અર્થ થાય છેઃ ઠંડી. 'કેં જો' એટલે કોઈનો પણ. 'સગો' એટલે સગો. 'નતો થીયે' એટલે નથી થતો. મતલબ કે, શિયાળો કોઈનો સગો નથી થતો! ઠંડી તો બધાને જ પડે! શિયાળાને વ્હાલાં-દવલાં જેવું નથી હોતું. પણ ચોવક વાત તો સમયની કરતી હોય તેવું જણાય છે. સમય, જોકે બધા માટે સરખો હોય છે પરંતુ ફરક એટલો હોય છે કે, એ કોઈ માટે 'ખરાબ' 'ઓછો સારો' કે 'ખૂબ સારો' હોય છે. અહીં જોકે કર્મ ભાવ જોડાઈ જાય છે. પરંતુ સમયનો પ્રવાહ સૌ માટે એક સરખો વહેતો હોય છે.

ચોવકોને જોકે દરેક ભાષા સાથે ઘરવટ જેવા સંબંધ છે પણ ગુજરાતી સાથેના સંબંધો વિશેષ હોય તેવું લાગે છે. સાંભળી છે ને પેલી કહેવત? 'સૂરજ સામે દીવો ધરવો (કરવો)'! કચ્છી ચોવક પણ એ જ અર્થ સાથે રચાઈ છે. ચોવક છેઃ ''સિજ સામે ડીયો કેણૂં'' 'સિજ' એટલે સૂરજ. 'સામૂં'નો અર્થ થાય છેઃ સામે અને 'ડીયો' એટલે દીવો. 'કેણૂં'નો અર્થ થાય છેઃ કરવો. પણ શબ્દાર્થ અને ભાવાર્થમાં ઘણો ફરક છે. ગુજરાતી કહેવત હોય કે કચ્છી ચોવક હોય ભાવાર્થ એક સરખો જ હોય છે. આપણે સૂરજ સામે કેટલો સમય આંખ મિલાવી શકીએં? ક્ષણોમાં જ આપણી આંખોમાં તેનું તેજ ભરાય અને આપણે અંધારું અનુભવવા લાગીએ છીએં. જેનો મતલબ થાય છે કે, આપણાથી વધારે તાકાત સામે આપણી ઓછી તાકાત બતાવવી! સૂરજને નમન કરાય તે જ રીતે કર્મઠ, શક્તિશાળી કે વિદ્વાન વ્યક્તિ સામે આપણી શક્તિ ન બતાવાય, તેમને નમન કરાય! ■

## ગુજરાત ડાયરી (પાંચમાં પાનાનું ચાલુ)

### ગુજરાતમાં થતાં આપઘાતના આંકડા ચોંકાવનારા છે હોં!



આખા ભારતમાં સુખી અને સમૃદ્ધ હોવાની છાપ ધરાવતા ગુજરાત રાજ્યમાં સાંપ્રત સમયની સૌથી મોટી ચિંતાજનક સમસ્યા રાજ્યમાં વધતી જતા 'આત્મહત્યા'ના કિસ્સાની છે. આ અંગેની વાસ્તવિકતા અને ચિંતા કરવા જેવી બાબત એ છે કે ગુજરાત વિધાનસભાના તાજેતરમાં યોજાયેલ સત્રમાં સત્તાવાર રીતે એવી માહિતી અપાઇ છે કે ગુજરાત રાજ્યમાં છેલ્લા ૩ વર્ષમાં ૨૫,૫૫૦ લોકોએ આત્મહત્યા વ્હોરી છે.એટલે કે સરાસરી દરરોજના લગભગ ૨૩ લોકો રાજ્યમાં આત્મહત્યા કરે છે. આ અંગે હવે સરકારે અને સમાજે ચિંતા કરવાનો સમય આવી ગયો છે એવું લાગે છે. આ સામાજિક નિસ્બતનો મુદ્દો છે. આ માટે સમાજ અને રાજ્યએ સાથે મળી તેના નિરાકરણના પ્રયાસો કરવા જરૂરી છે.આત્મહત્યાના બનાવોમાં વૃદ્ધિ થવાની સાથે ચિંતાજનક બાબત એ પણ છે કે સામૂહિક આત્મહત્યાના બનાવો પણ વધવા લાગ્યા છે. આ અંગે પાંચ વર્ષ પહેલાં ગુજરાતનાં રાજભવનમાં તત્કાલીન રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલીના સાંનિધ્યમાં વધતા જતા આપઘાતનાં કિસ્સા અંગે ચિંતા અને ચિંતન કરવા એક બેઠક યોજાઇ હતી. પણ પછી એ અંગે આગળ કશું થયું હોય એમ જણાતું નથી. તાજેતરમાં લોકનિકેતન, પાલનપુર ખાતે આ અંગે એક ચિંતન બેઠક પણ યોજાઇ હતી. આ સંવેદનશીલ પ્રશ્ન અંગે આવી ચિંતા ને ચર્ચા થતી રહે એ આવકાર્ય છે, પરંતુ જ્યાં સુધી અગાઉ થયેલા આપઘાતનાં કિસ્સાઓમાં ઊપસી આવેલા કારણોનું વિશ્લેષણ કરીને તેનાં ઉકેલ માટેનુ તંત્ર નહીં ગોઠવાય ત્યાં સુધી આપઘાતનાં કિસ્સાની સંખ્યા ઓછી કરવામાં સફળતા નહીં મળે એવું લાગે છે.

### ગુજરાત ભા.જ.પ.માં અંદરોઅંદર પ્રવર્તતો અસંતોષ ખૂણેખાંચરે પ્રગટ થયા કરે છે?

ગુજરાત એ ભારતીય જનતા પાર્ટીનો ગઢ ગણાય છે.અહીં છેલ્લા ૨૭ વર્ષથી આ પક્ષ શાસન કરે છે.પક્ષમાં લદાયેલી આકરી શિસ્તને કારણે આ પક્ષમાં પ્રવર્તતો અસંતોષ ક્યારેક જાહેરમાં પ્રગટ થતો જણાતો નથી, પરંતુ હમણાંથી એ શિસ્તનું બંધન સહેજ ઢીલું પડ્યું હોય એવો અહેસાસ લોકોને થઈ રહ્યો છે. આનું કારણ એ છે કે ભા.જ.પ.માં તાજેતરમાં જે ભરતી મેળો ચાલ્યો તેનાંથી પક્ષના પાયાના કાર્યકરો નારાજ તો થયા જ છે અને એ નારાજગી અહીંતહીં પ્રગટ થયા કરે છે. દા.ત.(૧):- તાજેતરમાં જ પૂર્વ નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે જાહેરમાં એવો બળાપો કાઢ્યો કે આજકાલના આવેલા અમને શીખામણ આપે છે, અમે તો પક્ષ માટે માર ખાધો છે' વગેરે વગેરે (૨):-દક્ષિણ ગુજરાતમાં યોજાયેલી એક સભામાં સી.આર.પાટિલ વક્તવ્ય આપતાં હતાં ત્યારે એક કેસરી ખેસ ધારી કાર્યકર્તાએ ઊભા થઈને બૂમાબૂમ કરી મુકીને કહ્યું કે અમારા ગામમાં શાળા આપો!(૩)પાટણમાં પક્ષની એક બેઠકમાં સાંસદ અને અન્ય પદાધિકારીઓ સામે કાર્યકર્તાઓએ ઉગ્ર રજૂઆત કરી હતી (૪)વડોદરામાં તો ભૂતપૂર્વ મેયર, રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષ શ્રીમતી જ્યોતિ પંડ્યાએ ચાલુ સાંસદને પુનઃ ટિકિટ અપાઈ તે પરત્વે ખુલ્લો બળવો કર્યો છે ને પક્ષની ખફગી વ્હોરી લીધી છે અને (૬) તાજેતરમાં સોશ્યલ મીડિયામાં ફરતા થયેલા (અને અહીં દેખાતા)એક બોર્ડની તસવીર તો ઘણું બધું કહી જાય છે. આ બોર્ડનો સંદેશો સ્વયં સ્પષ્ટ છે અને એ સૂચવે છે કે પક્ષમાં બધું સમુસૂતરું નથી ચાલી રહ્યું.

### કેન્દ્રિય ગૃહ મંત્રી અને ગાંધીનગરનાં સાંસદ અમિત શાહનું એક પ્રશંસનીય કાર્ય

સંસદમાં ગાંધીનગર બેઠકનું પ્રતિનિધિત્વ કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગરમાં એક સુંદર સેવા કાર્ય હાથ ધર્યું છે તેની પ્રશંસા કરવી પડે એવું છે. વાત જાણે એમ છે કે ગાંધીનગર ખાતે આવેલ સિવિલ હૉસ્પિટલના કમ્પાઉન્ડમાં અમિત શાહની પ્રેરણા અને માર્ગદર્શનથી કુસુમબા ફાઉન્ડેશન પ્રેરિત અને શાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એક નિઃશુલ્ક આહાર કેન્દ્ર ચલાવવામાં આવે છે.સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૬:૦૦ થી ૭:૩૦ સુધી ચલાવવામાં આવતા આ આહાર કેન્દ્રમાં દર્દીઓનાં સગાંવહાલાંઓને વિનામૂલ્યે અને જોઈએ તે વસ્તુ જોઈએ એટલીવાર પીરસીને ભરપેટ જમાડવામાં આવે છે. આ સિવાયના ગરીબ લોકો પણ આ રસોડાનો લાભ લેતા હોય એવું લાગે છે. કેન્દ્રિય મંત્રીઓ, જય શાહના પત્ની વગેરે સૌ અવારનવાર અહીં આવીને લાભાર્થીઓને ભોજન પીરસી જાય છે. એક અંદાજ પ્રમાણે સરાસરી દરરોજ સવારે ૨૫૦ લોકો અને સાંજે ૨૫૦ લોકો આ નિઃશુલ્ક રસોડામાં પીરસાતા ભોજનનો લાભ લે છે. સવારે દાળ, ભાત, શાક અને રોટલી તથા સાંજે ખીચડી, કઢી, ભાખરી અને શાક ભોજનમાં આપવામાં આવે છે. ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં સારવાર કરાવવા માટે બહારગામથી આવનારા અને ગરીબ વર્ગની સંખ્યા વધારે હોય છે.તે સૌ માટે આ રસોડું આશીર્વાદરૂપ છે એ નક્કી. અમિત શાહમાંથી પ્રેરણા લઈને ભા.જ.પ.ના અન્ય સાંસદોએ પણ પોતપોતાના ક્ષેત્રમાં આવું રસોડું શરૂ કરવું જોઈએ. આ કામ માટે તો અમિત શાહ અભિનંદનના અધિકારી છે એ નક્કી હોં! ■

## કવર સ્ટોરી (પાંચમાં પાનાનું ચાલુ)

તેમ જ વિદેશમાં નિકાસ કરવામાં આવશે, જે અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે.

આ ત્રણેય પ્લાન્ટ ૨૬ હજાર લોકોને સીધી રોજગારી આપશે. ભારત અને અમેરિકાએ ભારત-યુએસ પાંચમી કમર્શિયલ ડાયલોગ ૨૦૨૩ દરમિયાન સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇન સ્થાપિત કરવા માટે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે, જે ભારતને ઇલેક્ટ્રોનિક્સ માલનું હબ બનવાના તેના સપનાને સાકાર કરવામાં ઘણી મદદ કરી શકે છે. સેમિકન્ડક્ટર્સ માટે ચીન અને તાઈવાન પર આપણી નિર્ભરતા ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે ભારત અને અમેરિકા વચ્ચેનો આ પ્રયાસ મહત્ત્વપૂર્ણ છે. ■

## ટૂંકી વાર્તા (સાતમા પાનાનું ચાલુ)

તને ખૂબ કામ મળશે, તારો દીકરો અને તું ઠાઠથી રહેશો... થોડા પૈસા રાખ આપણે આદિત્યને હોસ્ટેલમાં મૂકી દઈએ એટલે તને ભાઈ ભાભી પાસે એને મૂકવો નહીં પડે.''

હું ખુશ થઈ ગઈ. મનમાં પ્રભુને પ્રાર્થના કરી પણ... પણ... પ્રભુ?? પ્રભુ હંમેશાં શક્તિશાળીને જ મદદ કરે છે. આપણે જે મનમાં ઈચ્છીએ તે ના જ થાય એવા સંજોગો ઈશ્વર યોજે છે. ઈશ્વરને ઝંખના કહેવી જ નહીં! કેટકેટલું અહીં આવી ત્યારે મનમાં ધારેલું!! સરસ નોકરી કરીશ કમાઈશ... દીકરાને ભણાવીશ. પણ.. ધ્રુસકે ધ્રુસકે રડી પડી ઈશા... કાવ્યાએ એને શાંત કરી.

સમીર મને મુંબઈ લઈ આવ્યો. મને ત્યારેજ શંકા ગઈ. મેં પૂછ્યું તો મને સમજાવી બહાર જતો રહ્યો. હું કાંઈ સમજું એ પહેલા તો એ કોઈને લઈ આવ્યો. એણે મારો સોદો કરી લીધો. મેં વિરોધ કર્યો. બૂમ બરાડા ધમપછાડા કર્યા પણ વ્યર્થ. હોટેલમાં બધા એના સાથીદાર હતા. એક મજબૂર છોકરી અજાણ્યા શહેરમાં કેટલું જોર કરી શકે? હું લાચાર થઈ ગઈ અને...છેવટે મેં પરિસ્થિતિ સાથે સમાધાન કરી સ્વીકારી લીધું. મેં દીકરાના ભવિષ્યનો વિચાર કર્યો એ સરખું ભણી રહે એટલે બસ. મેં આદિત્યને માત્ર નાના બાળકો સાચવવાની સારી નોકરી મળી છે એમ સમજાવ્યું. ત્યાં એને સારી શાળામાં ભણાવું છું પૈસા પૂરા મોકલું. હું પણ અહીં જીવું જ છુંને, હું કમાઈ લઉં છું. ત્રણ વર્ષમાં મેં મારા પોતાના ગ્રાહક ઊભા કરી લીધા છે. જેથી સીધી મને જ કમાણી થાય. સમીરને કાંઈ આપવું નહીં પડે.

બોલીને જાણે થાકી ગઈ હોય એક અટકી. એની આંખો લાલ થઈ ગઈ. અવાજ કંપવા લાગ્યો. એનું આખું શરીર ધ્રુજવા માંડ્યું. કંપતા અવાજે કહે, ''કાવ્યા, હું એક સ્ત્રી છું પણ મારી અંદરનું સ્ત્રીત્વ તો ક્યારનુંય ચિમળાઈ ચૂંથાઈને લીરે લીરા થઈને ઊડી ગયું છે. મુંબઈમાં મારી નજાકત ઋજુતા ક્યાંક ખોવાઈ થઈ છે.'' કાવ્યાએ તેને પાણી આપ્યું. ''બસ, કાવ્યા સમીરને આજ વાંકું પડ્યું છે. મને રોજ ધમકી આપે છે કે એ મારા દીકરાને તથા અન્યોને અહીંના મારા ધંધા વિશે કહી દેશે... નહીં તો મારી સાથે હું કહું એમ જ કરવાનું. એ મને ખૂબજ થોડા પૈસા આપે છે. તું જ કહે કાવ્યા હું... હું મારા દીકરાને કેવી રીતે મોં બતાવું.''

''છેલ્લા દસ દિવસથી હું આજ બાબતે પરેશાન છું. છે મારી સમસ્યાનું કોઈ નિવારણ?''

''વિચારી વિચારીને થાકી જવાય છે...''

કાવ્યા પાસે કોઈ જ જવાબ નહોતો છતાં એણે આશ્વાસન આપી ઈશાને સૂવડાવી. દવાના કારણે ઈશા સૂઈ ગઈ. કાવ્યા ક્યાંય સુધી ઈશાને જોઈ રહી. મોડી રાત સુધી ઈશાના વિચારોમાં જાગતી રહી.

બીજે દિવસે કાવ્યાની ઈચ્છા ઓફિસ જવાની નહોતી. પણ આજે પાટીલ મેડમ રિટાયર્ડ થવાનાં હતાં. પાર્ટી હતી. તેઓ પછી વિદેશ જતા રહેવાના હોવાથી તેમને સેન્ડઓફ કરવા જવું જરૂરી હતું. ઈશાએ એને ખુશીથી જવા કહ્યું. ઈશાએ કાવ્યાને પોતાની સાડી પહેરવા આપી. તેમ જ તૈયાર કરવામાં પણ મદદ કરી. તૈયાર થઈને અરીસામાં જોતાં જ કાવ્યા ઝૂમી ઊઠી. એના ગાલને સ્પર્શતી વાળની લટો, સુંવાળી કમર, કામણગારી આંખો. પોતાનું રૂપ જોઈ કાવ્યા પોતે જ શરમાઈ ગઈ. સુંદર લાગતી હતી કાવ્યા. ઓફિસમાં પણ સૌની નજર એના પર જ હતી, ખાસ કરીને રાહુલ. કાવ્યાની આજુબાજુ જ ફરતો હતો. જાણે ઉત્સવનું વાતાવરણ હતું ઓફિસમાં. સાંજ સુધી બધાએ થોડું કામ અને મજા જ કરી. જમી કરીને મોડેથી સૌ પાટીલ મેડમને શુભેચ્છા આપી છૂટા પડ્યા. આખો દિવસ આનંદમાં પસાર થયો. રાહુલે પોતાની ગાડીમાં કાવ્યાને મૂકી જવા-કહ્યું. ખૂબ જ નમ્રતાથી અપાયેલા આમંત્રણને કાવ્યા ના નહીં કહી શકી.

રસ્તામાં રાહુલે કાવ્યાને પ્રેમથી જોયા કર્યું. કાવ્યા શરમાતી હતી... ''આજે તમે સુંદર લાગો છો... પણ વચ્ચે વચ્ચે કાંઈક ઊંડા વિચારોમાં ઊતરી જતા હોય એવું લાગે છે... પાટીલ મેડમ તમારા લેડીસોના દુઃખના ઈલાજ હતા હું જાણું છું... પણ તમને કોઈ મૂંઝવણ હોય તો મને કહી શકો છો...

''ઓહ, આભાર આપનો, પણ એવું કાંઈ જ નથી. આ તો અહીં પાટીલ મેડમનો સાથ છૂટી જતાં જરા...''

''આય અન્ડરસ્ટેન્ડ, એટલે જ તો કહું છું હું આપની સાથે જ છું. એક સારા મિત્ર તરીકે તમે તમારી વાતો મારી સાથે શેઅર કરી શકો છો.''

''ચોક્કસ રાહુલ હું યાદ રાખીશ.'' ઘર પાસે ઊતરતા કાવ્યાએ આભાર ભરી નજરોથી રાહુલ તરફ જોતા રહ્યું. ઘર ખોલતાં જ કાવ્યાને ઈશા યાદ આવી. સીધી બેડરૂમમાં ગઈ.

ઈશા નિરાસ વદને બારી બહાર જોઈ રહી હતી. કાવ્યાએ તેના માથા પર પ્રેમથી હાથ ફેરવ્યો. ખૂબ તાવ હતો. તરત જ ડૉક્ટરને ફોન કરી ઘરે આવી જવા વિનંતી કરી. (ક્રમશઃ) ■

ટૂંકી વાર્તા
ડૉ. મનીષા પટેલ
feedback@bombaysamachar.com

# લેણદેણ



કાવ્યા આજે ખુશ હતી. ઓફિસમાંથી ટ્રેનિંગ માટે જવાનું હતું. આજે ટ્રેનિંગ જલદી પૂરી થઈ જતા વહેલા ઘરે જવા મળ્યું. ઘડિયાળ જોતાંજ એના ચહેરા પર હાસ્ય રેલાઈ ગયું. હાશ, હજી તો ત્રણ વાગે છે. અંધેરીથી ફાસ્ટ લોકલ મળી જાય તો જલદી ઘર ભેગી થઈ જાઉં... ઈશા તો હજુ આવી નહીં હોય આરામથી નહાવા મળશે. પોતાના મન સાથે વાત કરતી કાવ્યા જલદી ઘરે ગઈ અને ઘર ખોલતાંજ એક અજબ આનંદની લાગણી અનુભવી રહી. સોફા પર બેસતાં જ હાશ!! બોલાઈ ગયું, પણ જેવી નજર બેડરૂમમાં ગઈ તો જોયું ઈશા સૂતી હતી. એની બધી જ મજા બગડી ગઈ. ગુસ્સામાં મોં મચકોડ્યું, મનમાં જ બોલી, ''કેવી પનોતી ચીટકી છે?... કાશ, મારી પાસે વધારે પૈસા હોત તો... તો આ ફ્લેટમાં ઈશાને પેટાભાડૂત તરીકે રાખીજ ન હોત...પણ જવા દે 'તો' થી કોણ છૂટ્યું છે!! નિસાસો નાખતા ઊભી થઈ રૂમમાં જઈ પોતાના કબાટમાંથી કપડાં લીધા... બાથરૂમમાં જતાં એક નજર ઈશા તરફ નાખી. એ ધ્રૂજતી જણાય. જાણે રડતી હોય... પણ કાવ્યાએ મારે શું? વિચારી ધ્યાન આપ્યું નહીં. નહાવા જતી રહી.

ઘરાઈને નાહી ફ્રેશ થઈ. મોબાઈલ ચાર્જ કરવા મૂક્યો. ઈશા હજુ ઊઠી જ નહીં, એને કાવ્યા આવ્યાનો અવાજ તો આવ્યો જ હશે છતાં... કાવ્યાને નવાઈ લાગી. ''ઈશા, હું કોફી બનાવું છું, તારે પીવી છે?'' ઈશા તરફથી કોઈ જ જવાબ ન મળ્યો. એની નજીક જઈ પૂરું બોલી જ ન શકી. ઈશાની હાલત જોઈ કાવ્યાને તેની દયા આવી. ''અરે, તને તો તાવ છે... શરીર કેટલું ગરમ છે, કોઈ દવા લીધી? ઈશાએ માત્ર ઈશારાથી જ ના કહ્યું.

''કાંઈ નહીં જો હું કોફી બનાવું છું... કોફી સાથે બિસ્કિટ ખા અને પછી ક્રોસિન આપું છું. રાતે ડૉક્ટર પાસે જઈશું.'' કાવ્યાના અવાજમાં એક પ્રકારની આજ્ઞા હતી, જેથી ઈશા કાંઈજ બોલી નહીં.

બે મગ કોફીના ભરીને કાવ્યાએ ટેબલ પર મૂક્યા. ટેકો આપી ઈશાને તકિયાના સહારે બેસાડી અને હાથમાં કોફી આપી. પ્રેમથી માથા પર હાથ ફેરવ્યો. ઈશાને તો ઠીક કાવ્યાને પણ પોતાના વર્તનની નવાઈ લાગી. રોજ લડવાનું સંભળાવવાનું બહાનું શોધતી રહેતી આજે અચાનક... બન્ને જણા ચૂપચાપ કોફી પીતા રહ્યાં. ખબર નહોતી શું બોલવું? કોણ શરૂઆત કરે?... બન્નેના સંબંધો જ એવા હતા.

લાતુર પાસેના નાના ગામડામાંથી ગ્રેજ્યુએટ કર્યા પછી કાવ્યા નોકરીની શોધમાં મુંબઈ આવી. કાકાને ત્યાં થાણામાં રહી નોકરી શોધતી રહી. પારલાની એક ઓફિસમાં એને નોકરી મળી. ઓફિસના અન્ય કર્મચારી તથા એના બોસ સારા હતા. એને ત્યાં કોઈ જ અગવડ નહોતી. એના બોસ સ્નેહા પાટીલ ખૂબ પ્રેમાળ સ્ત્રી હતી, એ પોતાની ત્યાં નોકરી કરતી દરેક છોકરીઓને પ્રેમથી સાચવતા. સવારથી રાત સુધીની નોકરી તેમ જ થાણાથી અંધેરી સમયસર પહોંચવાનું હોવાથી કાવ્યા ઘરમાં કાંઈ જ મદદ નહોતી કરી શકતી. આથી તેના કાકી હંમેશાં તેનાથી નારાજ રહેતા.

''આવી ગયા મેડમ? તમે તો જાણે ઘરના મહેમાન છો!! આવો રસોઈ તૈયાર છે... આવા મહેણા રોજ સાંભળવા મળતા. થાકેલી કાવ્યા ઉદાસ થઈ જતી. છતાં, છ મહિના ખેંચી કાઢ્યા. પોતાની આ મૂંઝવણ અચકાતાં અચાતાં પાટીલ મેડમને જણાવી વયમાં સૌથી મોટા પાટીલ મેડમ ઓફિસની છોકરીઓની મૂંઝવણ સમજતાં તેમ જ મદદરૂપ થતાં. તેમણે વિરારમાં પોતાના ઘર પાસે જ એક બિલ્ડિંગમાં એક બેડરૂમ, હોલ, કિચનનો ફર્નિચરવાળો ફ્લેટ ૮૦૦૦ રૂ. ભાડા પર અપાવ્યો. કાવ્યાને ભાડું થોડું વધુ લાગ્યું પણ સ્ટેશન નજીક, પાટીલ મેડમની નજીક તથા સજાવેલો હોવાથી લઈ લીધો.

કાવ્યા એક ગરીબ કુટુંબમાંથી આવે છે. એના પિતા ખેડૂત હતા જે ખેતરમાં કામ કરતા સાપ કરડવાથી મૃત્યુ પામ્યા. માતાએ ગામના શ્રીમંત ઘરોમાં વાસણ કપડાં કરી દીકરીને ભણાવી. કાવ્યા પછીના બે ભાઈઓ ભણવામાં હોશિયાર હતા, એટલે જ કાવ્યાએ મુંબઈ આવવાનું નક્કી કર્યું, તેમ જ ભાઈઓને ભણાવાય એમ વિચાર્યું. નસીબે સાથ આપ્યો અને નોકરી તથા જગ્યા સારી મળી ગઈ. પણ મહિને રૂ. ૮૦૦૦ ભાડું વધારે લાગતું હતું. એણે પાટીલ મેડમને મુશ્કેલી જણાવી હંમેશાની જેમ તેઓ ફરીથી મદદે આવ્યા.

''ઈશા નામની એક છોકરીને હું ઓળખું છું. કોલ સેન્ટરમાં નોકરી કરે છે માટે સમય સાચવવો પડશે. બાકી નિયમિત ભાડું આપશે, તને પણ એકલું નહીં લાગે. બન્નેને એકબીજાની કંપની રહેશે.''

કાવ્યાને યોગ્ય લાગ્યું, ''મેડમ આપની વાત સાચી જ છે આમ પણ સાંજે ઘરે ગયા પછી મને એકલું લાગે છે. કંપની અને પૈસા બન્ને મળશે તમે એમની સાથે વાત કરો અને શક્ય હોય તો આજે જ મળી લઈએ... આપનો ખૂબ ખૂબ આભાર.''

''અરે એમાં શું? તમે બધા તો મારો પરિવાર છે. મારો દીકરો તો વિદેશમાં છે અહીં તમે જ તો બધા મારા છો...''

સાંજે ઈશા જગ્યા જોઈ મળી નક્કી થઈ ગયું. બીજે જ દિવસે ઈશા સામાન લઈ આવી. સામાનમાં તો કાંઈ હતું જ નહીં માત્ર એક બેગ. બેડરૂમમાં બે સીંગલ બેડ હતાં એમાંથી એક ઈશાને ફાળવી નાનું કબાટ આપી દીધું.

શરૂઆતમાં તો બન્ને વચ્ચે સારી વાતો થતી, જ્યારે ઈશા વહેલી આવતી ત્યારે મોડી રાત સુધી બન્ને વાતો કરતા. ઈશાના મોબાઈલ પર સતત ફોન આવતા રહેતા. જેથી કાવ્યાને કંટાળો આવતો. એના ફોન પર થતી વાતોથી કાવ્યાને સમજાયું કે કોઈ કોલ સેન્ટરમાં નહીં પણ જુહૂની નટરાજ હોટલમાં કામ કરે છે. ઈશા સૂતી હોય ત્યારે તેનાં મેસેજ વાંચતા તેમ જ ફોન પર થતી વાતો સાંભળતા કાવ્યાને સમજાઈ ગયું કે ઈશા હોટેલમાં કેવા પ્રકારનું કામ કરે છે. આ વાત કાવ્યા પાટીલ મેડમને પણ કરી શકે તેમ નહોતી. સંબંધ બગડે. એમણે ઘણી મદદ કરી હતી. તેમ જ ભવિષ્યમાં પણ એમની જરૂર પડે, કદાચ એમને ઈશા વિશે ખબર ન હોય એમ વિચારી એને ચૂપ રહેવું યોગ્ય લાગ્યું. એકાદ વર્ષ પછી બીજા કોઈને રાખી લઈશ એવું નક્કી કર્યું.

બન્ને વચ્ચે તિરાડ તો પડીજ ચૂકી હતી. નાની નાની વાતોમાં કચકચ થતી. કાવ્યા હંમેશાં ઈશાની ભૂલો શોધતી. તું પાણી વધારે વાપરે છે. ટી.વી. હું મારી પસંદની ચેનલ જ જોઈશ, સાંજે હું થોડું બનાવીશ બાકી તું સમયસર આવીને બનાવજે. મારો મોબાઈલ પહેલા ચાર્જ કરવા મૂકીશ... વગેરે... શક્ય હોય ત્યાં સુધી ઈશા ચૂપ રહેતી. પણ ક્યારેક જવાબ આપી દેતી. ''કાવ્યા, હું પણ પૈસા આપીને રહું છું, મને પણ દુઃખ થાય છે.'' કાવ્યા માત્ર વ્યંગમાં હસતી.

કોફી પીતાં પીતાં કાવ્યાએ મૌન તોડ્યું, ''આજે ગઈ જ નહોતી કે જઈને પાછી આવી? આટલો બધો તાવ છે, દવા લેવી જોઈએ... મને ફોન કરવો જોઈએ... ચાલ ડૉક્ટર પાસે જઈએ...

''ના... ના મારે ક્યાંય જવું નથી, મને, મને સૂઝતું નથી હું શું કરું?'' ઈશા કાવ્યાનો હાથ જોરથી પકડી રડવા લાગી.

''અરે, નાના છોકરાની જેમ રડ નહીં. તાવ તો છે... એ તો સારું થઈ જશે, આરામ કર હું છું ને? ...ચાલ હું થોડી ખીચડી, શાક એવું બનાવી લઉ પછી જઈને દવા લઈ આવીએ. તું ત્યાં સુધી આરામ કર. સહાનુભૂતિથી કાવ્યા ઈશાના માથા પર હાથ ફેરવતી હતી. થોડો પ્રેમ મળતાં જ ઈશા તૂટી ગઈ. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. કાવ્યાએ પણ એને રડવા જ દીધી. માત્ર એના માથા તથા પીઠ પર હાથ ફેરવતી રહી. થોડી વારે એને પાણી આપી શાંત કરી. સરખી સૂવડાવી કાંઈ જ પૂછ્યું નહીં. હમણાં આરામ કર, કાંઈ વિચાર નહીં એક વખત તાવ ઊતરે પછી તારી સમસ્યા વિશે વિચારશું, હમણાં સૂઈ જા.

ઈશા પણ આજ્ઞાકારી બાળકની જેમ સૂઈ ગઈ. રસોઈ બનાવતા કાવ્યા ઈશા વિશે જ વિચારતી રહી, શું હશે? એને ઈશાની દયા આવી. પરવારી બેડરૂમમાં ગઈ ઈશા સૂતી હતી. પ્રેમથી એને ઉઠાડી ડૉક્ટર પાસે લઈ ગઈ. સામાન્ય ચેકઅપ કરી ડૉક્ટરે દવા આપી. જમી પરવારી કાવ્યા ઈશા પાસે બેસી દવા આપી શાંતિથી પૂછ્યું, ''મને જણાવી શકાય એવું હોય તો કહે, આપણે સાથે વિચારી નિવારણ કરીએ. ચિંતા કરી વધું માંદી પડશે. થોડી હિંમત અને ધીરજથી કામ કરવું પડે. ઈશાએ પણ બધું સાચું કહી દેવાના નિર્ણય સાથે સ્વસ્થ થઈ કાવ્યાને કહેવાનું શરૂ કર્યું.

''કાવ્યા, તને મારા ફોન પર થતી વાતો તથા આવવા જવાના સમય પરથી ખબર પડી જ હશે, હું શું કામ કરું છું?''

કાવ્યાએ માત્ર ઈશારામાં માથું હલાવી હા કહ્યું.

''હું મૂળ દહેરાદૂનની છું. મારા લગ્ન નાની વયમાં જ થયાં હતાં. ખાસ ભણી નહીં પણ ઈશ્વરે રૂપ સારું આપ્યું. પતિ સાથે સુખી હતી. મારા પતિ અકસ્માતમાં માર્યા ગયા. મારે એક દીકરો છે. દીકરા તથા મને મારા પતિના અકસ્માત મૃત્યુ પછી સાસરે રાખવાની ના કહી. હું મારા માતા-પિતાના ઘરે આવી. માતા પિતા મૃત્યુ પામ્યા હતા. ભાઈ ભાભીના સહારે રહેવા લાગી. ભાભી કાંઈ બોલ્યા નહીં પણ તેમના વર્તનમાં અમારા પ્રત્યેનો અણગમો દેખાતો હતો. હું કાંઈ કામ શોધતી હતી. હું સમજતી હતી કે મોંઘવારીના જમાનામાં અમે બન્ને ભાઈને માથે પડ્યાં હતાં. એજ સમયે મારા કાકાનો છોકરો સમીર મુંબઈથી દહેરાદૂન આવ્યો હતો. મેં તેને વાત કરી.

''અહીં શું નોકરી મળે? ચાલ, મુંબઈ

(જુઓ પાનું ૬) ▶▶

તસવીરની આરપાર___ભાટી એન.
feedback@bombaysamachar.com

# વસંત ઋતુમાં ખાખરો (કેસૂડા)નાં વૃક્ષો લાલ ચટક બની ખીલી જાય છે!

ઉજડ ઉનાળામાં કેસૂડો પ્રધાન...!? શિયાળાની શીતળતાએ વિદાઈ લીધી છે. અને ઉષ્ણતામાનનો પારો ધીમી ધારે આગળ વધતો જાય છે...! તેમ ઉનાળો આવે ને વન વગડો કે જંગલ સૂકું ભટ્ટ થઈ જાયને ખાખી વેરાગ લાગી તેવું પાનખર જેવું દૃશ્ય નિરખવા મળે પણ એક વૃક્ષ એવું છે કે તે ઉનાળામાં જ સોળે કળાએ ખીલે...!? 'હા' તે છે. વૃક્ષનું નામ ખાખરો અથવા કેસૂડો કે ખાખરિયા, ખાકડા, ખાખડો, ખાખર અથવા પલાસ એક જાતનું કેશરી ચટાક ફૂલોથી ઝુલતું વૃક્ષ...! સંસ્કૃતમાં તેને બીજસનેહ, બ્રાહ્મોયાદક અને ત્રિપત્રક એવા જુજવા નામોથી ઓળખવામાં આવે છે.

હોલી કે દિન દિલ ખીલ જાતે હૈ, રંગો મેં રંગ મિલ જાતે હૈ. આપણે હોળી ધુળેટીના દિવસે લાલ ચટક રંગથી રંગવાની મજા નિરાળી હોય છે. પણ હવે તો ફાસ્ટ રંગો કેમિકલવાળા આવતા ને કાળા રંગોથી ધુળેટી રમતા શરીરમાં તે રંગ જતો નથી ને ઊલટાનું નુકસાન કરે છે. પણ કેસૂડાના ફૂલના અઢળક ફાયદાઃ આયુર્વેદના જાણકાર તેના ઉપયોગ વિશે વિસ્તૃત કહે છે કે હોળી આવે ત્યારે જાણે કુદરત પણ રંગોમાં રંગાઈ જતી હોય તેવો માહોલ કેસૂડા પર કેસૂડાના કલગી જેવા અણીદાર કાજુ જેવા કેસરી કેસૂડાના ફૂલ ખીલી ઊઠતાં હોય છે. હાલમાં ગુર્જર વસુંધરાના કાઠિયાવાડમાં પંચમહાલ સહિત આડે વગડે ખાખરાનાં વૃક્ષો નિહાળવા મળે આવો અદ્ભુત નજારો અદ્ભુત વનરાયનો અનેરો આનંદ સંગાથે ઋતુનો રાજા પણ છે.

વસંત ઋતુરાજની છડી પોકારતા મનમોહક કેસૂડાના ફૂલ રસ્તા પરથી નિરખતા ખાખરાના લીલા પાનો ગાયબ થઈ જાય છે. અને કેસરી રંગોથી લચિત લુંબોઝુંબો કેસૂડો ઋતુકા રાજા બની જાય છે. અને વસંતના વધામણા વેલકમ કરવા ઊભો રહે છે.! રંગોત્સવમાં કેસૂડાના પાણીથી સ્નાન કરવાથી શીતળતા થાય છે. ઘણા લોકો કેસૂડાને ઉકાળીને પીવાથી ફાયદો થાય છે. પેશાબની બળતરા અને નસકોરી ફૂટવાની સમસ્યામાં કેસૂડાના ફૂલ ઉપયોગી થાય છે. કેસૂડાના ફૂલને આખી રાત પલાળી દેવામાં આવે, સવારે ગાળીને તેમાં સાકર નાખીને પીવાથી પેશાબની બળતરા અને નસકોરી ફૂટવાની સમસ્યામાં રાહત થાય છે...! કેસૂડાનાં ફૂલનું શરબત પીવાથી પેશાબની બળતરા અને શરીરપરના સોજા મટે છે સોજા ઉપર કેસૂડાના ફૂલની પોટલી અથવા લેપ લગાવાથી સોજામાં જલ્દી ફાયદો થાય છે. ખાસ કરી ચામડી સંબંધી રોગોને કેસૂડાનાં સેવનથી ઊર્જા મળે છે...! શરીરમાં પાણીની ઊણપ પૂરી થાય છે...! તેનાથી લોહી પણ વધે છે...! તાવમાં પણ તેનો ઉપયોગ થાય છે ઉદરના રોગો માટે કેસૂડો રામબાણ ઈલાજ જેવું કામ કરે છે...! આંખોની બીમારીઓ ઠીક થાય છે. તેના ઉપયોગથી રતોડીની સમસ્યાથી છુટકારો મળે છે...! તેના સેવનથી લોહીનું સર્ક્યુલેશન કંટ્રોલ કરવામાં કામ કરે છે. કેસૂડાનાં ફૂલ પરફ્યુમ જેવું સુગંધિત હોય છે. આમ ઉનાળાની વસંતઋતુમાં ખાખરાનું વૃક્ષ (કેસૂડા)ઓ ચોગરદમ લાલ ચટક નિરખવા મળે છે ને તેનો રસ પીવા પક્ષીઓ આવે છે. તો આપણે પણ ધુળેટીના દિવસે કેમિકલવાળા રંગોના બદલે કેસૂડાના રંગથી ધુળેટી રમીયે ને તન-મનમાં શીતળતાનો અહેસાસ કરીએ.

તસવીર આલેખનઃ ભાટી એન.



ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ભૂરીબાઈ અલખઃ શ્રીનાથજીની અનોખી ભગત

## સફેદ કલરવાળી પુસ્તિકાના પ્રથમ પાના પર રામ અને બાકી કાળા પાનાં કોરાં મુક્યાં !

ઓશો રજનીશ એમના વક્તવ્યમાં કહેતા હતા કે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો શ્રીનાથજી વસેલા ભૂરીબાઇને મળવું જોઈએ. ભૂરીબાઇના મૌનમાં અગાઢ શક્તિ રહેલી છે. પરમાત્માના સાક્ષાત્કાર અંગે ભૂરીબાઇને પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે બાઇએ કહ્યું હતું કે જે દિવસે સાક્ષાત્કાર કરવો છે એ વિચાર નીકળીને કેવળ લીન થઈ જવાશે એ દિવસે સાક્ષાત્કાર થઈ શક્શે.

ભૂરીબાઇના ભક્તો એમને પ્રશ્ન પૂછતાં ત્યારે ભૂરીબાઇ શક્યતઃ નાના ઉત્તર આપતા. ભૂરીબાઇએ એક નાનકડું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકનાં પ્રથમ સફેદ પાનાં પર એક જ શબ્દ લખ્યો : રામ.

આ પછી અંદરનાં ચાર પાનાં ને કાળા રંગે રંગી નાખ્યા. ભૂરીબાઇના મૌન જેવી આ પુસ્તિકા થકી એટલું જ કહેવા માંગતા હતાં કે રામ સિવાય બધું અંધકાર છે. રામ મળી જાય પછી કશું લખવાની પણ જરૂર નથી.

આવાં ભૂરીબાઇ પર સ્વર્ગસ્થ લક્ષ્મીલાલ જોશીએ પુસ્તક લખ્યું છે. આ પુસ્તકમાં ભૂરીબાઇ સાથેની અનોખી પ્રશ્નોત્તરી આપી છે, જેમાં અનેક વિષયો પર પ્રશ્નો પૂછવામાં આવ્યા છે અને અલકમલકના અકલ્પનીય જવાબો મળ્યા છે.

એક ભક્તે બાઇને પૂછ્યું કે પ્રસન્ન કેવી રીતે રહી શકાય ત્યારે બાઇએ સામો સવાલ કર્યો હતો કે અપ્રસન્નતા વિશે જાણો. અપ્રસન્નતા બીજી વ્યક્તિના સુખમાંથી આવે છે. બીજી વ્યક્તિ વિશે વિચારશો તો સમજાશે કે કેટલાક સંજોગોમાં એ પણ દુઃખી છે. માણસને હંમેશાં બીજી વ્યક્તિઓ જ સુખ-દુઃખ આપે છે એટલે બીજી વ્યક્તિના વિચાર કાઢશો તો આપોઆપ સુખ-દુઃખની માયા નીકળી જશે.

ભૂરીબાઇને આધુનિક સમયમાં પરેશાન કરતો સવાલ પૂછવામાં આવ્યો હતો કે સતત વિચારો આવ્યા કરે છે તો બાઇએ કહ્યું કે એ જીવિત હોવાની નિશાની છે. સૂર્ય હંમેશાં પ્રકાશ ફેંકે છે તો જ એની હાજરી છે. આપણી ભાષામાં કહીએ તો બાઇ અશિક્ષિત હતાં છતાં લગભગ દરેક વિષય પરત્વે અદ્ભુત સમજ હતી. એક સજ્જન ફરિયાદ કરતાં હતાં કે એમની દીકરી લગ્ન કરવા રાજી નથી ત્યારે બાઇએ મનોવિજ્ઞાનના તજજ્ઞની જેમ જવાબ આપ્યો હતો કે પ્રકૃતિના કેટલાંક નિયમ છે. માણસને એક મન નથી આપ્યું, પણ અસંખ્ય મન આપ્યા છે, જે સતત દિમાગમાં હલચલ કર્યા કરે છે. મને ખબર નથી કે ક્યો વિચાર એના પર કાબૂ ધરાવે છે, વ્યક્તિને પૂરેપૂરો જાણો નહીં ત્યાં સુધી એને સલાહ આપવી જોઈએ નહીં. એને કોઈ પણ પ્રેરણા આપવી એ શક્ય નથી, મનમાં હલચલ રહેવી એ પ્રકૃતિનો સ્વભાવ છે. વ્યક્તિ જાતે જ નિર્ણય લે એમાં જ એનું હિત હોય છે.

બાઇને કોઇએ પૂછ્યું કે તપસ્યા એટલે શું ત્યારે બાઇ કહ્યું કે સહન કરવું એ જ તપસ્યા છે. કેવળ ભૂખ્યા રહેવું એ તપસ્યા નથી, પણ જ્યારે કોઈ વ્યક્તિ આપણને અપ્રિય વાત કહે ત્યારે મનમાં લાવવું નહીં કે વ્યક્તિ આવું વર્તન શા માટે કરે છે.





વર્ષ ૧૮૯૨મા સરદારગઢ રાજસ્થાનમાં જન્મેલાં અને વર્ષ ૧૯૭૯મા નાથદ્વારા ખાતે નિધન પામેલાં ભૂરીબાઇને મૌન રહેવું પસંદ હતું. કોઈ બહુ બોલે એ પસંદ નહીં એટલે આખા ઘરમાં એમણે 'ચૂપ' શબ્દ લખાવ્યો હતાં...!

મહાત્મા ભૂરીબાઇના વિચારો પર ડૉ. લક્ષ્મી ઝાલાએ પુસ્તક લખ્યું અને પીએચડી કર્યું.

ભૂરીબાઇને સવાલો પૂછવામાં આવતા અને તેના જવાબ પુસ્તક સ્વરૂપે છે. થોડીક પ્રશ્નોત્તરીનો અહીં અભ્યાસ કરીએ.

પ્રશ્ન : ભૂત હોય છે?

ઉત્તર : મનનો વહેમ છે, બાળપણની વાતો યાદ ન રાખવી.

પ્રશ્ન : અંતઃકરણ શું છે?

ઉત્તર : મન- બુદ્ધિ અને અભિમાનની મિલાવટ

પ્રશ્ન : પાપ શું છે?

ઉત્તર : ઇશ્વરથી અલગ થવું

પ્રશ્ન : મૃત્યુ શું છે?

ઉત્તર : સમા ગયે.... અંદર કોલાહલ બંધ થાય તો ખબર પડશે કે આપણે સાવ એકલા છીએ

પ્રશ્ન : કર્મ શું છે?

ઉત્તર : કર્મ કરવાનું બંધ કર, ઠહર જાઓ... થક કર બૈઠ જાઓ....

પ્રશ્ન : જિંદગી શું છે?

ઉત્તર : કશું ખોવાયું નથી, જે જ્યાં છે એ ત્યાં જ છે. સમજણ ભુલાતી ગઇ અને આખી જિંદગી માણસ શોધ શોધ કરે છે... છેલ્લે સ્વ ને શોધવા નીકળે છે, પાગલ માણસ સમજતો નથી કે સ્વને ભુલાય જ કેવી રીતે?

પ્રશ્ન : પંચ તત્ત્વ શું છે?

ઉત્તર : કોઈ પાંચ તત્ત્વ કહે છે, કોઈ પચ્ચીસ, કોઈ ત્રણ... તુમ ઇન કો બાર બાર ક્યું ગીનતે હો?

પ્રશ્ન : ભગવાન કેમ નથી મળતા?

ઉત્તર : તપતા નહીં હૈ વહ તપ હૈ, જપતા નહીં હૈ વો જપ હૈ, બોલતા નહીં હૈ વહ સત્ય હૈ... બોલતા હૈ વહ ગપ્પ હૈ... સંપ્રદાય, મત, શાસ્ત્ર, ગુરુ જેવા નામે ગુપ્ત જ્ઞાન આપવામાં આવે છે એમાં ન પડો. ખોખલા સમુદ્ર છે, જેમાં મોતી નથી, પણ છીપલા જ છે...

પ્રશ્ન : ઇશ્વર ક્યાં મળે?

ઉત્તર : એડ્રેસ શોધ આપણે બંને ત્યાં જઇએ...

પ્રશ્ન : સંસારની મોહ માયાથી મુક્તિ ક્યાં મળે?

ઉત્તર : શક્ય જ નથી... ચૂપચાપ એક જગ્યાએ બેસી જાવ...

પ્રશ્ન : સુખ- દુઃખ શું છે?

ઉત્તર : માનતે હૈ ઇસ લિયે હૈ...

પ્રશ્ન : જ્ઞાન કેવી રીતે મળે?

ઉત્તર : મેં કોઈ દુકાન નથી ખોલી... નક્કી તો કર શું જોઈએ છે?

પ્રશ્ન : કોઈ માર્ગ બતાવો

ઉત્તર : મુઝે ચાહિયે એ છોડી દો.

પ્રશ્ન : કોઈ ઉપદેશ આપો

ઉત્તર : દુનિયા જોતા રહો, ઉપદેશ મળતા રહેશે.

પ્રશ્ન : વિકાર કેમ આવે છે?

ઉત્તર : જાગતા રહો તો કૂતરું ઘરમાં ઘૂસે?

પ્રશ્ન : આત્મા શોધવો છે...

ઉત્તર : ખોવાયો છે?

પ્રશ્ન : દુઃખમાંથી મુક્તિ મળે?

ઉત્તર : મળે, એ તરફ ધ્યાન ન આપો. માનીએ છીએ એટલે છે. બીજાના દુઃખ આપણને અસર કરતાં નથી- 'મારું' અને 'મૈં' આવે છે ત્યારે તકલીફ પડે છે.

પ્રશ્ન : ભવિષ્ય શું છે?

ઉત્તર : કશું થવાનું નથી, જોયા કરો. બધું તમારું છે એ કલ્પનામાંથી બહાર નીકળો.

પ્રશ્ન : વિચારો બહુ આવે છે, એનો પ્રવાહ અટકતો નથી.

ઉત્તર : ચૈતન્ય આવશે ત્યારે પણ નહીં અટકે.

પ્રશ્ન : તપસ્યા એટલે શું?

ઉત્તર : સહન કરવું

પ્રશ્ન : વૃત્તિ અટકતી નથી

ઉત્તરઃ રોકવી પણ નહીં, અટકી એ દિવસે તમે પૃથ્વી પર નથી.

પ્રશ્ન : મનને કેવી રીતે રોકવું?

ઉત્તર : મન ફન હોતું નથી, દુનિયા જોવી, આપોઆપ પ્રશ્નો થાય અને જવાબ મળવા માંડે એટલે માર્ગ મળશે. સિનેમામાં એક જ દૃશ્ય હોય તો જોવું ન ગમે.

પ્રશ્ન : આત્મા શું છે?

ઉત્તર : યુવાનીમાં ઇશ્વર સ્મરણ કરો, ઘડપણની રાહ ન જુઓ. બાકી એની જવાબદારી સાક્ષાત્કારની છે.

પ્રશ્ન : તમે કહો છો સાધુ- સંતોના દર્શનથી પાપોનો નાશ થાય

ઉત્તર : એના માટે એનું સાધુ હોવો જરૂરી છે.

પ્રશ્ન : મારો દરેક સમય પવિત્ર અને નિર્મળ કેમ નથી?

ઉત્તર : તમે મનનો ઠેકો લીધો છે?

પ્રશ્ન : હસ્તરેખા કેવી રીતે ભવિષ્ય કહે છે?

ઉત્તર : માતાના પેટમાં મુઠ્ઠી વાળી એટલે રેખાઓ પડી. આ રેખાઓમાં ભૂત - ભવિષ્ય કશું નથી. ભગવાનમય થાવ

પ્રશ્ન : હું પણું કેવી રીતે કાઢું?

ઉત્તર : આજ હું પણું છે...

પ્રશ્ન : સંશય શું છે?

ઉત્તર : આખો દિવસ હાયવોય કરવી.

પ્રશ્ન : બધા સમજતા કેમ નથી?

ઉત્તર : બધા બધું જ સમજે છે, પણ સમજતા ડરે છે.

પ્રશ્ન : કલ્પના કેવી રીતે છૂટે?

ઉત્તર : મને જોઇએ છે એ વાત છોડશો તો કોઈ કલ્પના વિચાર પરેશાન નહીં કરે.

### ધ એન્ડ

પ્રશ્ન : બાઇ, જ્ઞાન કહો

બાઇ : પહેલા તારું અજ્ઞાન બોલ

પ્રશ્ન : આ સંસાર ક્યારે બન્યો?

બાઇ : જ્યારે તું પેદા થયો. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## મામા રાખે તો ભાણિયાને કોણ ચાખે !



કાયદો પુરાવાનું જતન કરે અને ગુનેગાર એનો નાશ કરવાની કોશિશ કરે એ સદીયોથી ચાલતું આવતું ચક્કર છે. જો કે, અમેરિકામાં પુરાવો પતી ગયાનો કિસ્સો વાંચ્યા પછી ‘મામા રાખે તો ભાણિયાને કોણ ચાખે’ એવી કહેવત તમે કહેતા થઈ જશો તો નવાઈ નહીં લાગે. બન્યું છે એવું કે યુએસના લુઈઝાનીયા રાજ્યની ૧૯૬૮માં બંધાયેલી ન્યૂ ઓર્લિયન્સ શહેરમાં પોલીસ ડિપાર્ટમેન્ટની ઈમારતની હાલત એ હદે બદતર થઈ ગઈ છે કે તૂટેલા એર કંડિશનર, ખોટકાયેલી લિફ્ટ ધરાવતી જગ્યામાં પોલીસ કરતાં વધુ દોડાદોડ તો જીવાત, વાંદા, ઉંદર મામાની જોવા મળે છે. ટેબલ પર ફાઇલની સાથે સાથે ઉંદરની લીંડી પણ દેખાય એવી ભયાનક અવસ્થા છે. છેલ્લા થોડાકદિવસથી ઉંદર મામાની દોડાદોડ – ઊછળકૂદ અચાનક વધી ગઈ હોવાનું ધ્યાનમાં આવતા પોલીસ તંત્રચોંકી ગયું. તપાસ કરતા ખબર પડી કે પોલીસને મામા બનાવી ઉંદરમામાની ટોળકી ગુનેગારો પાસેથી જપ્ત કરેલો ગાંજો ઓહિયા કરી ગયા હતા. ગાંજાના સેવનનો નશો ચડ્યો એટલે દોડાદોડી વધી ગઈ એવો તર્ક થયો. પેલા ગુનેગાર જાણે કે ભાણિયા હોય એમ તેમને બચાવવા તેમની વિરુદ્ધનો પુરાવો જ નષ્ટ કરી નાખ્યો ઉંદર મામાએ. ડિપાર્ટમેન્ટ આરોગ્યની દૃષ્ટિએ તો હાનિકારક છે જ પણ નૈતિક હિંમત તોડી નાખનારું પણ છે એવી રજૂઆત કરી નવી ઈમારતમાં જગ્યા ફાળવવા આગ્રહ રાખવામાં આવ્યો છે.

## લુચ્ચા શિયાળ સાથે ‘લુચ્ચાઈ’



મોઢામાં રોટલા સાથે ઝાડની ડાળીએ બેઠેલા કાગડાને ગીત ગાવાનું કહી એનો રોટલો પડાવી લેનાર શિયાળ લુચ્ચા પ્રાણી તરીકે જગજાહેર છે. જો કે, આ શિયાળ સાથે મનુષ્યએ જ ‘લુચ્ચાઈ’ કરી છે, પણ અહીં કશુંક છીનવી લેવા નહીં, પણ હિત જાળવી રાખવા આવું પગલું ભરવામાં આવ્યું છે. યુએસના વર્જિનિયા રાજ્યના રિચમંડ વાઇલ્ડ લાઇફ સેન્ટરના કર્મચારીઓ વિખૂટા પડી ગયેલા શિયાળના બચ્ચા સાથે ‘લુચ્ચાઈ’ કરી હોવાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

નવજાત બચ્ચાનું આરોગ્ય જોખમમાં ન મુકાય એ માટે કર્મચારી દ્વારા રબરનું સફેદ ગ્લવ અને સિરીંજ બૅરલની મદદથી એને દૂધ પીવડાવવામાં આવી રહ્યું છે. અૅનાથીય વિશેષ ધ્યાન ખેંચે એવી વાત એ છે કે દૂધ પીવડાવનાર કર્મચારીએ શિયાળનો મુખવટો ધારણ કર્યો છે. બચ્ચાને અજાણી (માનવ) વસતિમાં આવી ગયો હોવાની લાગણી ન થાય અને પોતે પરિવાર સાથે જ છે એવી હૈયાધારણ મળે એ સાટુ આવો અખતરો કરવામાં આવ્યો હોવાની સ્પષ્ટતા કરવામાં આવી છે.

આ સિવાય માનવીય અવાજ બને એટલો ઓછો થાય એની કાળજી રાખવામાં આવી છે. પોતાની જમાત વચ્ચે રહેવું પ્રાણીઓને પણ પ્રિય હોય.

## વો ઝિંદગીમેં કલ ક્યા બનેગા...



દરેક ધનવાન પિતાને ઓરતા હોય કે પોતે એકઠી કરેલી મૂડીમાં દીકરો વધુ મીંડાં જોડે, પોતે મેળવેલી કીર્તિમાં ઉમેરાઓ કરે અને બાપ કરતાં એ સવાયો સાબિત થાય. અનેક દીકરાઓ પિતાશ્રીએ ચીંધેલી આંગળીની દિશામાં આગળ વધ્યા. કોઈ શિખરે પહોંચ્યું, કોઈ અડધે થાકી ગયું તો કોઈ તળેટીમાં આંટા મારવાથી આગળ ન વધી શક્યું. જો કે, ૨૧મી સદીમાં બેટો બાપના માર્ગે આગળ વધવા ઉત્સુક નથી. તૈયાર ભાણે બેસવા તૈયાર નથી. એને તો પોતાને પ્રિય એવા ક્ષેત્રમાં પોતે જોયેલું સપનું સાકાર કરવું છે. એટલે જ ધનાઢ્ય ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલાની પુત્રી અનન્યા બિરલાને બાપીકા સિમેન્ટ કે ટેલિકોમ વ્યવસાયમાં જોતરાઈ નથી જવું. સંગીતની લગન લાગી છે બિરલા બેટીને અને ગીત લખવામાં અને ગીત ગાવામાં એને દિલચસ્પી છે. દેશની સરખામણીમાં વિદેશમાં વધુ વાહ વાહ મેળવનારી કન્યાનેપેરન્ટ્સનું પીઠબળ મળ્યું છે. બહેનમાંથી પ્રેરણા લઈ ભાઈ આર્યમાન બિરલા ક્રિકેટમાં કરિયર બનાવવા થનગની રહ્યો છે. વિધુ વિનોદ ચોપડાના દીકરાને ફિલ્મ સ્ટુડિયો કરતા ક્રિકેટનું મેદાન વધુ માફક આવી રહ્યું છે. બિલ ગેટ્સની દીકરી ઘોડેસ્વારીમાં નામના મેળવવા તલપાપડ છે. પિતાના પગલે આગળ વધવાની બદલે નવી દિશામાં કદમ માંડવાને પ્રોત્સાહન – ઉત્તેજન આપવાનો સમય છે.

## દોડતી ટ્રેન લાખની, બંધ પડેલી સવા લાખની..



વંદે ભારત અને બીજી અનેક ટ્રેનની સુવિધા મળી રહી હોવાથી નાગરિકો હરખાઈ ગયા છે. દેશના કેટલાક ભાગમાં દોડતી સૌરાષ્ટ્ર શૈલીની બાપુ ગાડી દોડી તે હવે ઈતિહાસ બની ગઈ છે. મધ્ય પ્રદેશના ગ્વાલિયર અને શ્યોનપુર વચ્ચે કલાકના ૩૫ કિલોમીટરની ઝડપે નેરોગેજ (બે પાટા વચ્ચેનું અંતર સવા બેથી અઢી ફૂટ) પર દોડતી ટ્રેન હવે ભૂતકાળના ગર્તામાં સરકી ગઈ છે. ગ્વાલિયરમાં સિંધિયાનું રાજ હતું ત્યારે ૧૮૮૫થી ૧૯૦૯ વચ્ચે આ રેલવે લાઈન નાખવામાં આવી હતી. ૧૯૮ કિલોમીટર (આશરે મુંબઈ સેન્ટ્રલથી બિલિમોરા જેટલું )નું અંતર કાપતા આ ટ્રેનને ૧૧ કલાક લાગતા હતા. પાટા પર દોડતું ગાડું તરીકે ઓળખાતી આ ટ્રેનને સાત ડબ્બા હતા અને પ્રત્યેક ડબ્બામાં ૩૫ પ્રવાસીઓ બેસી શકતા. જો કે, ટ્રેન રવાના થાય ત્યારે એક ઇંચ જગ્યા નહોતી બચતી. છાપરા પર પણ લોકો ગોઠવાઈ જતા. હવે અહીં બ્રોડગેજ લાઈન બેસાડવાનું કામ ચાલી રહ્યું છે અને નેરોગેજ ટ્રેનના વૈભવી ઈતિહાસ (એંજિન અને ડબ્બા)નું લિલામ કરવાની યોજના તૈયાર થઈ હતી, પણ હવે એનું રૂપાંતર હેરિટેજ ટ્રેનમાં કરી પર્યટન વિકસાવવાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જીવતો હાથી લાખનો અને મરેલો સવા લાખનો અમસ્તું નથી કહેવાતું.

## હોઠોં પે સચ્ચાઈ રેહતી હૈ...



રાજ કપૂરની ‘જિસ દેસ મેં ગંગા બહતી હૈ’ માટે ગીતકાર શૈલેન્દ્રએ લખેલું અવિસ્મરણીય ગીત ‘હોઠોં પે સચ્ચાઈ રેહતી હૈ’ આજની તારીખમાં હૈયે હોય એ હોઠે આવે એવી ભાવનાને ઉજાગર કરવાને બદલે હોઠ પર લગાડવામાં આવતી લિપસ્ટિકના ઈતિહાસને ફંફોસી એક એવું સત્ય આપણી સામે મૂકે છે કે અચંબામાં પડી જવાય. અમેરિકામાં વસતા વૈજ્ઞાનિક ખણખોદના સ્પેશિયાલિસ્ટ લોકોને સ્ત્રીના શણગાર સાધનોમાં મોભાનું સ્થાન ધરાવતી પ્રાચીન ૪૨૦૦ વર્ષ જૂની કાંસ્ય યુગની લિપસ્ટિક મળી આવી છે. આ લિપસ્ટિકની સૌથી રસપ્રદ વાત એ છે કે એની રચના પરથી એ સમયમાં હોઠ પેઇન્ટ બ્રશથી રંગવામાં આવતા હોવાનું જાણવા મળે છે. મતલબ કે હોઠ પર લગાડવાનો રંગ પ્રવાહી સ્વરૂપમાં હતો. જો કે, ૪૨૦૦ વર્ષ જૂનું લીપ – પેઈન્ટનું સાધન આજની મોડર્ન લિપસ્ટીકને ઘણું મળતું આવે છે. સૌથી મજેદાર વાત તો એ છે કે આ પ્રાચીન લીપ – પેઈન્ટનું ઉપકરણ ઈરાનની ભૂમિમાંથી મળી આવ્યું છે. ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિને પગલે ઈરાનમાં સૌંદર્ય પ્રસાધનો પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. આજની તારીખમાં પ્રતિબંધ થોડો હળવો થયો છે, પણ સરકારી ઑફિસમાં કામ કરતી તેમ જ મેડિકલનો અભ્યાસ કરતી મહિલાઓ પર લિપસ્ટિક વાપરવા પર પ્રતિબંધ છે. ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં આ રાજ્યમાં મોટા પાયે શરાબનું સેવન થાય જ છે ને...!

## લ્યો કરો વાત !


જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ – ઓ – શામ...! નવી પેઢી, નવા વિચારો, નવી સમજણ, ઘણું બધું નવું બની રહ્યું છે આ જગમાં જે જાણીને નવાઈ પામવાની જરૂર નથી. આજના આધુનિક જગતના પુખ્ત વયના લોકોમાં હવે સ્વાસ્થ્ય પ્રત્યે અચાનક ખૂબ જ જાગૃતિ આવી રહી છે. એક સર્વેક્ષણ મુજબ આજની યંગ જનરેશન લાઇફથી હાથ ધોઈ નાખવી પડતી લાઈફસ્ટાઈલને નવ ગજના નમસ્કાર કરીને સ્વાસ્થ્યની જાળવણીને મહત્ત્વ આપી રહી છે. આ લોકો જીવનશૈલી બદલીને સામાન્ય બીમારીમાં પેઈન કિલર્સનો ઉપયોગ કરવાનું ટાળી રહ્યા છે. સ્વાસ્થ્યવર્ધક ખોરાક અને ચાલવા જેવી દૈનિક એક્સરસાઈઝને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. બે પેગને તિલાંજલી આપીને બે પગ ચલાવવાથી અનેક બીમારીઓના આમંત્રણ રદ કરી શકાય છે એ વાત આજની પેઢીને સુપેરે સમજાઈ ગઈ છે. ‘જાગ્યા ત્યાંથી સવારની જેમ ચાલ્યા ત્યાંથી ઉજાસ’ એ નવો મંત્ર આજની પેઢી સ્વીકારી રહી છે એ આનંદ આપનારી બાબત ચોક્કસ છે.

---

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સાંસ્કૃતિક વારસાનું પ્રતિબિંબ છે કવિતા...

### ૨૧ માર્ચ ‘વિશ્વ કવિતા દિવસ’ના અવસરે




‘પરમાત્મા જ કવિના ઉર આંગણામાં વાણીનું નર્તન કરાવે છે’ આ વિધાન છે રામભોલા દુબે ઊર્ફે સંત -કવિ તુલસીદાસજીનું..!

પ્રેમ અને સુંદરતા વ્યક્ત કરવા માટે કવિતા કરતાં વધુ સારું માધ્યમ કોઈ નથી. સ્ત્રીની પવિત્રતા હોય, સુંદરતા હોય કે પછી પ્રેમની તીવ્રતા હોય આ બધી વાતને કવિતા દ્વારા સુંદર શબ્દોમાં રજૂ કરવામાં આવે છે.

જીવનમાં કવિતાનું મહત્ત્વ સમજાવવા માટે દર વર્ષે ૨૧ માર્ચનો દિવસ ‘વિશ્વ કવિતા દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે વિશ્વભરના લોકો કવિતાના વાચન, લેખન અને પઠન જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા કવિતા દિવસની ઉજવણી કરે છે. કવિતા દિવસનો ઉદ્દેશ કવિતાના વાચન, લેખન અને શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.આ દિવસ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કવિતાની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે ઉજવાય છે. વિશ્વભરના કવિઓ, કવયિત્રીઓનું સન્માન અને સમર્થન કરવા માટે આ દિવસ ઉજવાય છે. કવિઓ અને કવિતાઓના સર્જનાત્મક ગૌરવને માન આપવાનો તથા ભાષાકીય વિવિધતાને પ્રોત્સાહન આપવા અને લુપ્ત થતી ભાષાઓને બચાવવાના આશયથી કવિતા દિવસની ઉજવણી થાય છે..

કવિતા માનવ સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. તે પ્રાચીન સમયથી અસ્તિત્વમાં છે. તેના અસ્તિત્વને જાળવી રાખવા માટે કવિતા દિવસની ઉજવણી જરૂરી છે. દર વર્ષે આ વિશ્વ કવિતા દિવસ અલગ અલગ થીમ (વિષય) સાથે ઉજવવામાં આવે છે. આ ૨૦૨૪ની થીમ (વિષય) છે : Standing on the Shoulders of Giants.

કવિતા હંમેશાં જીવનનો આવશ્યક ભાગ રહી છે.ભક્તિ અને પ્રેમ વ્યક્ત કરવા માટે તેને હંમેશાં સર્વોપરી અને શ્રેષ્ઠ માનવામાં આવે છે.તેથી જ મીરાંબાઈએ એમની કવિતાઓમાં કૃષ્ણની ભક્તિ અને પ્રેમને ભક્તિના પાસાથી શણગાર્યા છે. મીરાંના મનમાં કૃષ્ણ વિશે એક વિશેષ છબી હતી. નાનપણથી લઈને મૃત્યુ સુધી મીરાં માત્ર કૃષ્ણને જ પોતાનું સર્વસ્વ માનતી હતી.મીરાંએ કૃષ્ણ પ્રત્યેની એમની અતૂટ ભક્તિ અને પ્રેમ વિશે અનેક કવિતાઓ રચી છે.ગુજરાતી સાહિત્ય જગતમાં મીરાં ઉપરાંત બીજા ઘણા કવિઓ આવું કામ કરી ગયા છે.

કવિતા એ હૃદયની સૌથી નજીકની વસ્તુ છે. જે વાત આપણે અનેક પાનામાં લખીને વ્યક્ત કરી શકતા નથી,તે કવિતાની એક પંક્તિ કરી બતાવે છે.સત્તાને પડકારવાનું કામ,લોકોના હૃદયમાં દેશભક્તિની ભાવના ઉજાગર કરવાનું કામ અને હૃદયને પીગળાવવાનું કાર્ય કવિતા કરી શકે છે.હૃદયના ઊંડા ખૂણે છુપાયેલા ભાવને બહાર લાવવા માટેનું એકમાત્ર સાધન છે કવિતા.

કવિતા સાહિત્યનું એક એવું રૂપ છે જેનો ઉપયોગ પ્રાચીનકાળથી માનવ તત્કાલિન પરિસ્થિતિ, ઈચ્છા, સંસ્કૃતિ, દુ:ખ વગેરેને વ્યક્ત કરવા માટે થતો આવ્યો છે. કવિતા વ્યક્તિ અને વ્યક્તિત્વની રચનાત્મક બાજુને પકડે છે. સર્જકના અંગત અનુભવ લયબદ્ધ રીતે વ્યક્ત કરવા-અન્ય લોકોને પ્રેરણા આપવામાં મદદ કરે છે. કવિતા સંસ્કૃતિના સેતુ તરીકે કામ કરીને સાંસ્કૃતિક અંતર ઘટાડવાનું કામ કરે છે. તે ચોક્કસ સંસ્કૃતિ અને શૈલીને પણ સ્વીકારે છે. તેમજ જાળવણીમાં મદદ પણ કરે છે.તેથી જ માનવ જીવનમાં કવિતાનું વધુ મહત્ત્વ છે.

આજના વિશ્વમાં ટેકનોલોજીના વિકાસની સાથે સાથે જીવન ઈન્ટરનેટની માયાજાળમાં ભલે ગૂંચવાઈ રહ્યું હોય,તેમ છતાં આપણું મન અને આત્મા એક સુંદર કવિતાની જરૂરિયાત ચોક્કસ અનુભવે છે. કવિતા અંદરની એવી શક્તિ છે, જે ગમે તેટલું અંધારું હોય તો પણ તેનો માર્ગ શોધી લે છે.

સંત તુલસીદાસે ‘રામચરિત માનસ’માં કવિ અને કવિતા વિશે વિધાન કરતા કહ્યું છે : ‘પરમાત્મા જ કવિના ઉર આંગણામાં વાણીનું નર્તન કરાવે છે.’ જ્યારે કવિનું હૃદય અઢળક પ્રેમથી છલોછલ ભરાઈ જાય અને પ્રેમ ઊભરાવા લાગે ત્યારે શબ્દનું આવરણ ઓઢીને કાવ્ય વાણીના રૂપમાં પ્રગટે છે.

ઈતિહાસનાં પાનાં ઊથલાવીને જોઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે દરેક રાજાના દરબારમાં એક કે તેથી વધુ કવિ જરૂર રહેતા. કવિઓને ખૂબ જ માન - સન્માન આપવામાં આવતું હતું. એ જ કવિ કે સાહિત્યકાર જ્યારે અન્ય રાજાના દરબારમાં જતા ત્યારે ત્યાં પણ એમને ઉચિત સન્માન આપવામાં આવતું. કવિઓની વીર અને શૌર્ય રસથી ભરપૂર કવિતાના માધ્યમથી કેટલાય યુદ્ધનાં પરિણામો બદલાઈ ગયાના પુરાવા આપણા ઈતિહાસના પાને પાને નોંધાયેલાં છે.

ઝાંસીની બહાદુર રાણી લક્ષ્મીબાઈના જીવન પર આધારિત સુભદ્રા કુમારી ચૌહાણ રચિત ‘ઝાંસી કી રાણી’ કવિતાના શબ્દો વાંચતાની સાથે આજે પણ જાણે રોમરોમમાંથી શૌર્ય રસની ધારા ફૂટવા લાગે છે :

‘સિંહાસન હીલ ઉઠે, રાજવંશોને ભૃકુટી તાની થી, બુઢે ભારત મેં ભી આઈ ફિર સે નયી જવાની થી, ગુમ હુઈ આઝાદી કી કિંમત, સબને પહચાની થી, દૂર ફિરંગી કો કરને કી, સબને મન મેં ઠાની થી, ચમક ઉઠી સન સત્તાવન મેં, વહ તલવાર પુરાની થી, બુંદેલે હર બોલો કે મુંહ હમને સુની કહાની થી, ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસી વાલી રાની થી.’

આપણાં મહાકાવ્યો પર એક નજર કરવામાં આવે તો મહર્ષિ વેદ વ્યાસે સંસ્કૃતમાં રચેલા મહાકાવ્ય ‘મહાભારત’ માં એક લાખ કરતાં વધારે શ્લોક છે.તેમાં પ્રાચીન ભારત તેમજ પાંડુ લિપિમાં ઉલ્લેખિત યુદ્ધની વાત પણ છે.તેના પર ‘ઓકસફોર્ડ’ સહિતની વિશ્વની જાણીતી યુનિવર્સિટીઓમાં રિસર્ચ કરવામાં આવ્યા છે.

મહર્ષિ વાલ્મીકિ રચિત પવિત્ર ગ્રંથ રૂપ ‘રામાયણ’ મહાકાવ્યમાં ૨૪ હજાર શ્લોક છે. આ પ્રથમ સંસ્કૃત મહાકાવ્ય છે. એના કારણે વાલ્મીકિ ઋષિને આદિ કવિ કહેવામાં આવે છે. રામાયણનો પણ વિદેશી ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

ગુપ્ત યુગમાં થઈ ગયેલા સંસ્કૃત ભાષાના મહાન કવિ કાલિદાસને ભારતના ‘શેક્સપિયર’ કહેવામાં આવે છે.એમના જ્ઞાનને અનેક રાજાઓ પણ સ્વીકારતા. એમણે અભિજ્ઞાન શાકુંતલ- મેઘદૂત- વિક્રમોર્વશીય જેવી રચનાઓ સર્જી છે.

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૭ કવિતાઓનો વિશ્વ સ્વીકૃત સંગ્રહ એટલે ‘ગીતાંજલિ’. ૧૪મી ઑગસ્ટ ૧૯૧૦ના રોજ બંગાળીમાં પ્રસિદ્ધ મૂળ રચનાનો નવેમ્બર ૧૯૧૨માં અંગ્રેજીમાં, ત્યાર પછી વિશ્વની અન્ય ભાષામાં અનુવાદ થયો. ૧૯૧૩માં ‘ગીતાંજલિ’ કાવ્યસંગ્રહના સર્જન માટે ગુરુદેવને ‘નોબલ’ પારિતોષિક એનાયત થયો..

કાવ્યાત્મક શબ્દની પ્રચંડ શક્તિ પર ભાર મૂકતા ‘યુનેસ્કો’ નોંધે છે કે, ‘કવિતા વિશે જાહેર ધ્યાન આકર્ષિત કરવાની જરૂર છે. આ ધ્યેયને હાંસલ કરવા માટે પ્રકાશન ગૃહોની પ્રવૃત્તિને ઉત્તેજન આપવું જરૂરી છે, જે સામાન્ય શ્રોતાઓને ભાવનાત્મક રેખાઓ આપવાનો પ્રયત્ન કરે છે. સાહિત્યિક શબ્દ લોકોના મન અને હૃદયને સ્પર્શ કરે છે અને એમને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બનાવે છે.’

‘મોગલ-અરબી-ફારસી - અંગ્રેજી ને બંગ રંગ તવ મજાના,
ગુર્જર ભાષાએ ઝીલ્યા ભાઈ, વિશ્વ તણા શબ્દ ખજાના...

■

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# બસ ઈતના સા ખ્વાબ હૈ...!



અમે એક ફોટો જોયો.અમારું દિલ ગાર્ડન ગાર્ડન - બાગ બાગ થઇ ગયું. અમે હરખથી હેબતાઈ ગયા. ‘સલામત સવારી એસટી અમારી...’ના આ સૂત્રમાં ઉમેરો કરતો ફોટો જોયો. એસટી અમારી... ધક્કો અમારો. બંધ પડેલી એસટી બસને કંડકટર, પેસેન્જર, ડ્રાઇવર ધક્કો મારીને ચાલુ કરવા મથતા હતા. એટલા ધકકા માર્યા કે બસનું મશીન ચાલુ થયા વગર એ અમારા ધક્કા માત્રથી ગંતવ્યસ્થાને પહોંચી ગઇ. એમાં ડિઝલ બચ્યું તે નફામાં!

આ દ્રશ્યમ્ જોઇને અમે ટાઇમ ટ્રાવેલ કરીને અમારા શૈશવના ધકકાયુગમાં પહોંચી ગયા.

અમે ખરેખર નાના હતા ત્યારની વાત છે. એ જમાનામાં સાઇકલ પણ બાદશાહી કે લકઝુરિયસ કહેવાય. રોડ પર ચાલનારા વધારે હોય. પૈસાદાર હોય તે ઓલા કે ઉબેરની જેમ ઘોડાગાડી ભાડે કરે. અલબત, ઘોડાગાડી ભાડે કરવા માટે એપ કે ઓનલાઇન સગવડ ન હતી. તમારે ઘોડાગાડીના સ્ટેન્ડ સુધી લાંબા થવું પડે. એ સમયે ધન્નો જેવી ઘોડી અને બસંતી જેવી ઘોડાગાડી ચલાવનાર ન હતા. અત્યારે મહિલાઓ પ્લેન, ટ્રેન, રિક્ષા, બસ,છકડો ચલાવે છે. એ જમાનામાં મહિલા બહુ બહુ તો સાઇકલ ચલાવતી. સાઇકલ ન ચલાવનારીઓ લાંબી જીભ તો ચલાવતી જ હતી! એ સમયે ફોર્ડ કંપનીની દેડકા જેવી કાર આવતી હતી. ફિયાટ અને એમ્બેસેડર પણ હતી. વડા પ્રધાન અને રાષ્ટ્રપતિનું સત્તાવાર વાહન ‘એમ્બેસેડર’ કાર હતી. એને શરૂ કરવા માટે ‘એસ’ આકારના સળિયા આવતા. બોનેટ નીચે એ સળિયો ભરાવીને ઘુમાવવાનો... ગાડી ભખ... ભખ અવાજ કરતી સાયલેન્સરમાંથી કાળા ધુમાડા સાથે ચાલુ થાય. બાકી ગમે તેવી ગાડી હોય, શિયાળાની ઠંડીમાં બેટરીનો પ્રોબ્લેમ હોય કે ઓઇલ જામી જતું જ હોય! સવારના સમયે ગાડી ચાલુ ન થાય. ગાડીને ધક્કો મારવા પાંચ-છ માણસ શોધવા પડે. ઘણીવાર ત્રણ માણસ ભેગા થાય પછી કારનો માલિક પોતે પણ ગાડીમાં બેસવાનો બદલે કારમાંથી નીચે ઊતરી એક હાથે કારનું ગવંડર પકડીને ધક્કા મારતો હોય.

મોટેભાગે આપણામાંથી બધાએ નાનપણથી આજ સુધીમાં કાર, બસ, રિક્ષા, જીપ કે સ્કૂટરને ધક્કા મારી ચૂક્યા છીએ એટલે બંધ થવું થવું થતી જિંદગીની રગશિયા ગાડીને ધક્કો મારી શકીએ છીએ!રાજુ રદી તો કોઇ ઓટલા પાસે સાઇકલ લઇ જઇને સાઇકલની સીટ પર બેસી ધક્કો લગાવી સાઇકલનું ટેઇક ઓફ કરતો હતો! તમે એકદમ સાચું બોલજો, જેના વાહનને તમે ધક્કો માર્યો છે તે વ્યક્તિ એનું વાહન ચાલુ થઇ ગયા પછી વળતા વ્યવહાર કે સૌજન્યના ભાગરૂપે કેટલાંયે તમને એમનાં વાહનમાં આંટો મરાવ્યો છે? બાળપણમાં આપણે વાહનને ધક્કો મારવા પ્રેરાઈએ એને મારવાની લાલચ હતી કે વાહન ચાલુ થયા પછી આપણને વાહનમાં આંટો મારવા મળશે ! આંટો ખવડાવવાનું તો દૂર રહ્યું, પણ નેપોલિયનની ડિકશનરીમાં ‘ઇમ્પોસિબલ’ શબ્દ ન હતો તેમ આવા લોકોની ડિકશનરીમાં ‘થેંકયુ’ નામનો શબ્દ ન હોય એટલે ‘થેંકયુ’ કીધા વગર કાર મારી મુકે ! બજાજ કંપનીના ટુ વ્હીલર વાપરનારને અનુભવ હશે કે બે-ત્રણ કીકો ( આ છે ‘કીક’નું ગુજરાતી- અંગ્રેજોનું સંમિશ્રણ...!) મારો તો પણ ચાલુ ન થાય તો સ્કૂટરની ઘોડી ચડાવી ડાબી તરફ નમાવી પછી કીક મારો એટલે સ્કૂટર ચાલુ ! આ અભૂતપૂર્વ અને અશ્રુતપૂર્વ કારણને લીધે બજાજ કંપની વિમાન બનાવતી નથી તેમ કહેવાય છે! જો બજાજ કંપનીએ પણ આ મહેણા ભાંગવા વિમાન બનાવ્યું હોત તો વિમાનને ચાલુ કરવા માટે વિમાનને નમાવવાની નોબત આવે પછી પ્રવાસીની શું હાલત થાય તેની કલ્પના કરવાની છૂટ છે!

હમણા એક ફોટો કે વીડિયો વાઈરલ થયેલો હતો , જેમાં પ્લેનના માનવંતા મુસાફરો બંધ પડેલા ફટિચર પ્લેનને ધક્કો મારી ચાલું કરી રહ્યા હતા...!

મધદરિયે કોઇ મહાકાય જહાજનાં એન્જિનમાં ટેકનિકલ કે નોનટેકનિકલ ફોલ્ટ થયો તેમાં એન્જિન બંધ થાય અને તેને ચાલુ કરવા ક્રુ મેમ્બર કે પ્રવાસીઓ પાણીમાં ઊતરી ધક્કા મારતા હોય એવા સમાચારની પ્રતીક્ષા કરવાની રહે છે! બધ સબમરીનને ધક્કો મારવાની કેવી મજા આવે એ પણ કલ્પનાનો વિષય છે!

મંગળ ગ્રહ પર અવકાશયાન મોકલવાનું મિશન હોય- રોકેટ કાઉન્ટ ડાઉન ગણતરી પૂરી થયા પછી ફોલ્ટના લીધે ચાલુ ન થાય અને મને રોકેટ ચાલુ કરવા માટે એક ધક્કા મારવાનો રેકોર્ડબ્રેક અને જગતનો સંભવતઃ પ્રથમ અવસર મળે તો ધકકો મારતા હું કહું ‘હઇસા, જોર લગા કે હઇસા.... કુછ તો કરો હઇઇઇઇઇસા!’

બસ, ઇતના સા ખ્વાબ હૈ... મારું સપનું સાચું પડે તે માટે આજકાલ હું ખુલ્લી આંખે ઊંઘું છું! ■

# વડોદરામાં ભાજપમાં કૉંગ્રેસી કલ્ચર સામે અસંતોષની આગ: જ્યોતિબેનથી ઈનામદાર સુધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભા ચૂંટણી પહેલા વડોદરામાં ભાજપે સિટિંગ સાંસદ રંજનબેન ભટ્ટને ઉમેદવાર તરીકે જાહેર કરતા વડોદરા ભાજપમાં અસંતોષની આગ ભભૂકી ઊઠી છે. ભાજપના રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપપ્રમુખ જ્યોતિબેન પંડ્યાના જ વિરોધ બાદ તેમને ભાજપે સસ્પેન્ડ કરતાની સાથે જ અસંતોષની આગ વધી રહી છે. અને એક પછી એક પદાધિકારીઓના બળાપોને અંતે સાવલીના ધારાસભ્ય કેતન ઇનામદારે પણ રાજીનામું આપવાનું ત્રાગુ કરીને મોવડ મંડળને દોડતું કરી દીધું છે. જોકે આખરે તેમણે રાજીનામું પાછું ખેંચ્યું હતું.

લોકસભાની બેઠકની વડોદરાની બેઠક માટે રંજનબેનની પસંદગી થતાં જ્યોતિબેન પંડ્યા નારાજ થયા હતા અને તેમણે પત્રકારો સમક્ષ આ મુદ્દે નારાજગી પણ વ્યક્ત કરી હતી, જે બાદ તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. બીજી તરફ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપમાં બળવો કરીને ચૂંટણી હારી ગયેલા પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે કહ્યું હતુ કે, વાઘોડિયા બેઠક પર કઈ પાર્ટીના કેટલા ઉમેદવારો અને કઈ જાતિના કેટલા ઉમેદવારો લડે છે, તેના પરથી સમીકરણો નક્કી થશે. સમીકરણો જોઈને ચૂંટણી લડવી કે નહીં તે નક્કી કરીશ. આ વખતે ચૂંટણી લડનારા ઉમેદવાર જો નબળા હશે તો હું વિધાનસભા જ નહીં, પરંતુ સંસદની ચૂંટણી પણ લડીશ.

વડોદરાની સાવલી બેઠકના ધારાસભ્ય કેતન ઈનામદારે દાવો કર્યો છે કે, તેઓ અંતરાત્માનો અવાજ સાંભળીને રાજીનામું ધરી દીધું.

વડોદરા ભાજપમાં જ્યોતિબેન પંડ્યા બાદ હવે કેતન ઇનામદારનો અસંતોષ બહાર આવ્યો છે. આ અગાઉ મધુ શ્રીવાસ્તવથી માંડીને દબંગ નેતાગીરી વડોદરામાં જ કેમ સામે આવી છે. વડોદરા ભાજપમાં ભૂકંપનું એપી સેન્ટર કેમ બન્યું છે. વડોદરા ભાજપ સંગઠન અને સત્તા પાન આમને સામે હોવાની રાજકીય ચર્ચાઓ છે.

લોકસભા ચૂંટણી પહેલાં વડોદરા ભાજપમાં ભડકાની સ્થિતિ સર્જાઈ છે. કેતન ઈનામદાર - કુલદીપસિંહ રાઉલજી ભાજપમાં આવતાં તેઓ નારાજ થયા હતા. ૨૦૨૨ની ચૂંટણીમાં કૉંગ્રેસના કુલદીપસિંહ સામે કેતન ઈનામદાર ચૂંટણી લડ્યા હતા. છેલ્લાં ઘણા સમયથી પાર્ટીની નીતિથી નારાજગી હતી. ચૂંટણીમાં સામે લડેલા કુલદીપસિંહ રાઉલજીને ભાજપે ડભોઇ વિધાનસભાની વિશેષ જવાબદારી સોંપતા કેતન ઇનામદાર નારાજ જોવા મળ્યા છે.

વડોદરાના ડભોઇના ભાજપના ધારાસભ્ય શૈલેષ મહેતાએ જાહેર મંચ પરથી બાલકૃષ્ણ પટેલને જાહેર મંચ પરથી ટોણો માર્યો હતો. તેમણે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, વહુ સાસરે જાય ત્યારે બહુ વખાણ થતાં હોય પણ એ વહુ જ્યારે પાછી જાય ત્યારે શું પરિસ્થિતિ થાય? અને ઘરવાળા પણ એને કંઇ નજરે જુએ એ આપણે સૌ જાણીએ છીએ એટલે જ્યાં છીએ ત્યાં પછી કાયમી રહેવું જોઇએ. પછી આપણે જઇએ અને પાછા આવીએ ત્યારે માન-સન્માન ન જળવાય. એવા આપણા સમાજમાં દાખલા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં બાલકૃષ્ણ પટેલ કૉંગ્રેસ છોડીને ફરી ભાજપમાં આવ્યા છે. તેઓ ગત વિધાનસભામાં શૈલેષ સોટ્ટા સામે ચૂંટણી લડ્યા હતા. પહેલી વખત જાહેર મંચ પર બે નેતાઓ એક સાથે જોવા મળ્યા હતા. ભાજપના કાર્યક્રમ દરમિયાન ટોંણો માર્યો હતો, ત્યારે ધારાસભ્યના નિવેદનને લઈને વડોદરા જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. ■

# રાજીનામાના નાટક બાદ ઈનામદાર માની ગયા: રાજીનામું પરત લીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભા ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં હલચલ જોવા મળી રહી છે. ભાજપે ભરતીમેળો કરીને અન્ય પક્ષના અનેક નેતાઓને આવકાર્યા છે. સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારે મેઇલથી વિધાનસભાના અધ્યક્ષને રાજીનામું આપી લીધું હતું, જે બાદ કેતન ઈનામદારને મનાવી લેવામાં આવ્યા હતા. કેતન ઇનામદારે પોતાનું રાજીનામું પરત ખેંચ્યું હતું.

ભાજપના ધારાસભ્ય કેતન ઇનામદારે કહ્યું હતું કે, સોમવાર રાત્રે દોઢ વાગ્યે મેં વિધાનસભા અધ્યક્ષને રાજીનામું ઇમેલ દ્વારા આપ્યું હતું. મેં લખ્યું હતું કે, મારા અંતર આત્માના અવાજને માન આપીને રાજીનામું આપું છું. રાજીનામાની જાણ થતાં આગેવાનો દ્વારા પૂછવામાં આવ્યું કે શું વાત છે? મેં પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ અને હર્ષ સંઘવી સાથે બેસીને ચર્ચા કરી. મેં મારી વેદના તેમને કહી. તેમના દ્વારા કહેવામાં આવ્યું કે તમને અને પ્રત્યેક કાર્યકરને સંતોષ થાય તેવું જ સરકાર અને સંગઠન દ્વારા કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, મારું રાજીનામું મારા અંતર આત્માના અવાજને માન આપીને હતું. પ્રદેશ અધ્યક્ષ અને પ્રભારી મંત્રી સાથે ચર્ચા બાદ મને સંતોષ છે અને રાજીનામું પરત લઉં છું. મને સંતોષ થાય તે રીતે તેમણે મારી વાતનું નિરાકરણ લાવ્યું છે.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, હું ૨૦૨૭ની ચૂંટણી લડવાનો નથી. એટલે હું ઝડપથી ચાલુ છું કે મારા વિસ્તારના કામ ઝડપથી થાય. ડ્રીમ પ્રોજેક્ટ મારા કાર્યકાળમાં જ પૂરા થાય તેવી લાગણી સાથે હું નીકળ્યો છું.

દરમિયાન ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે કહ્યું હતું કે, પક્ષમાં કોને લેવા અને કોને નહિ તે ધારાસભ્ય નહિ નક્કી કરે. કેતન ઈનામદાર માનેલા જ છે. પાર્ટી નીતિ નિયમ પ્રમાણે ચાલશે. કેતનભાઈ માણસ છે નારાજ થઈ શકે. પક્ષમાં કોને લેવા એ પક્ષ નક્કી કરશે. ■

# અમદાવાદ પૂર્વ બેઠકના કૉંગી ઉમેદવાર રોહન ગુપ્તાનો ચૂંટણી લડવા ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણીમાં અમદાવાદ-પૂર્વની બેઠક પરથી કૉંગ્રેસે જાહેર કરેલા ઉમેદવાર રોહન ગુપ્તાએ ચૂંટણી લડવા ઈનકાર કરી પોતાની દાવેદારી પાછી ખેંચી લીધી હતી. કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને પાઠવેલા પત્રમાં ગુપ્તાએ તેમના પિતા અને સિનિયર કૉંગ્રેસી નેતા રાજકુમાર ગુપ્તાની નાદુરસ્ત તબિયતનું કારણ આગળ ધરીને ચૂંટણી લડવા અનિચ્છા વ્યક્ત કરી છે. સાથોસાથ કૉંગ્રેસ દ્વારા જે પણ ઉમેદવાર જાહેર કરવામાં આવે તેમને સંપૂર્ણ સહકાર-સાથ આપવા ખાતરી આપી છે. રોહન ગુપ્તાએ ટ્વિટ કર્યો છે આ અગાઉ છેલ્લા ૪૦ વર્ષથી કૉંગ્રેસમાં કાર્યરત અને કૉંગ્રેસની તત્કાલિન સરકારમાં સંસદીય સચિવ, અમદાવાદ શહેર કૉંગ્રેસના પ્રમુખ, પ્રદેશમાં ઉપપ્રમુખ, મહામંત્રી, પ્રદેશના ખજાનચી સહિતની મહત્ત્વની જવાબદારી સંભાળનારા રોહન ગુપ્તાના પિતા રાજકુમાર ગુપ્તાએ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને પત્ર પાઠવી નાદુરસ્ત તબિયતને કારણે કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યાનું જણાવ્યું હતું. ■

**વલસાડ માર્કેટની હાલત કફોડી**

# વલસાડ-નવસારી જિલ્લાની એપીએમસીનાં ધારાધોરણો અલગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

વલસાડ: દક્ષિણ ગુજરાતમાં ખેડૂતો માટે કેરીનો વેપાર એક રાષ્ટ્રીય પર્વની જેમ હોય છે જેનાં આગમનની રાહ માત્ર ખેડૂતો જ નહી પરંતુ કેરી તથા ફળોનાં વેપારીઓ અને વિશેષ કરીને કેરીના રસિયાઓ વગેરે જોતાં હોય છે. આગામી મહિનાથી દક્ષિણ ગુજરાતમાં કેરી નો ધંધો શરુ થશે જેમાં વલસાડ-નવસારી જિલ્લાની વિવિધ એપીએમસીઓ ધમધમવા માંડશે. છેલ્લા કેટલાક વર્ષોથી વિવિધ એપીએમસીઓમાં કમિશન, યૂઝર્સ ચાર્જ,વાહન એન્ટ્રી ચાર્જ વગેરેને લઈને ભારે વિષમતાઓ હોવાના કારણે તથા સરકારી સહકાર વિભાગના અધિકારીઓના અમલીકરણ બાબતે નરો વા કુંજરો વા ની નીતિનાં કારણે એપીએમસીઓ ખરાબ પરિસ્થિતિમાં આવી ગઈ છે.

વલસાડ જિલ્લામાં વલસાડ, પારડી, ઉદવાડા, વાપી (બંધ), નાનાપોન્ડા , રોહિણા, વાઘછીપા અને ધરમપુર જ્યારે નવસારી જિલ્લામાં નવસારી, બીલીમોરા, વાંસદા, રાનકુવા ,ચીખલી, અમલસાડ અને ખેરગામ વગેરે એપીએમસી આવેલી છે. જેમાં નવસારી જિલ્લામાં ખેરગામને બાદ કરતાં બધે ૭ ટકા જ્યારે ખેરગામમાં ૧૦ ટકા કમિશન લેવાય છે, જ્યારે વલસાડ અને પારડી એપીએમસીમાં કમિશન લેવામાં આવતો નથી, જ્યારે બાકીની એપીએમસીઓમાં ૧૦ ટકા જેટલો જંગી કમિશન લેવામાં આવી રહ્યો છે. બન્ને જીલ્લામાં યુઝર્સ, સાફસફાઈ, વાહન એન્ટ્રી વગેરેનાં નામે મનમરજી ચાલી રહી છે.વલસાડ જિલ્લામાં સૌથી જૂની અને પ્રતિષ્ઠિત એપીએમસી માર્કેટ વલસાડની ગણાતી હતી અને આજે વલસાડનો મોટાભાગનો વેપાર ધરમપુર અને ખેરગામ જેવી માર્કેટો તરફ ખેંચાય ગયો છે. વલસાડ માર્કેટને ફરીથી ધમધમતી કરવામાં માર્કેટનાં શાસકો નિષ્ફળ ગયાં છે અને માર્કેટ હતી ન હતી જેવી થઈ જવા પામી છે. ■

# સુરતમાં ઉનાળાના આરંભે વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાયું

અમદાવાદ: સુરત શહેર અને જિલ્લાની અંદર વાતાવરણમાં મંગળવાર વહેલી સવારે પલટો આવ્યો હતો. ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. તો બીજી તરફ ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ ઓછી જોવા મળી હતી.

સુરત શહેર અને જિલ્લામાં મંગળવાર વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. બીજી તરફ ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ ઓછી જોવા મળી હતી. વહેલી સવારે ધુમ્મસભર્યા વાતાવરણ સાથે ઠંડીનો ચમકારો વર્તાયો હતો. દરરોજ સવારે જ્યાં તડકો દેખાતો હતો, ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ ઓછી જોવા મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઇ રહ્યો છે. બપોરના સમયે ગરમીનો તો રાત્રિના સમયે ઠંડી જેવો અનુભવ થઇ રહ્યો છે. આવી સ્થિતિમાં એકાએક ધુમ્મસ જેવું વાતાવરણ ઊભું થતા ખેડૂતોમાં માવઠાને લઈ ચિંતા વધી છે. ■

# જખૌ પાસેના નિર્જન શિયાળ બેટ પરથી અફઘાની ચરસનું બિનવારસુ પેકેટ મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય ભૂમિ અને જળસીમાને અડીને આવેલા કચ્છના સમુદ્ર વિસ્તારોમાંથી છેલ્લા ચાર-પાંચ વર્ષોમાં 'સામેપાર'થી ઠાલવ્યા બાદ બિનવારસુ હાલતમાં માદક પદાર્થના પેકેટ મળવાનો સિલસિલો પણ ફરી શરૂ થઇ રહ્યો હોય તેમ તેજ બનાવાયેલા પેટ્રોલિંગ અને આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને આપવામાં આવેલી હાઈ એલર્ટ વચ્ચે આ સરહદી જિલ્લાના પશ્ચિમ બાજુના જખૌ બંદરથી થોડે દૂર આવેલા શિયાળ બેટ નામના નિર્જન ટાપુ પરથી સરહદી સલામતી દળના જવાનોને અંદાજિત એક-દોઢ કિલોગ્રામ વજનનું અફઘાની ચરસનું પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યું છે.

સફેદ રંગના વજનદાર લાગતા કોથળાની આગળની સાઇડમાં બ્લુ કલરના સ્ટારબક્સ કોફીના પડીકા પર અંગ્રેજીમાં પાઇક પ્લેસ્ડ રોસ્ટ નેટ ટેકેસો પોલી પીપી બેગ છાપેલું જોવા મળ્યું હતું. આ પડીકાને જપ્ત કરી વધુ છાનબીન માટે જખૌનાં પોલીસ મથકને સોંપી દેવામાં આવ્યું હતું. જખૌ આસપાસના વિસ્તારોમાંથી અગાઉ મળી આવેલા ચરસના પેકેટો જેવું જ હોવાનું સરહદી સલામતી દળના જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું. ગત વર્ષના એપ્રિલ માસના મધ્યથી જખૌ દરિયાકાંઠેથી અત્યાર સુધીમાં સેંકડો માદક પદાર્થના બિનવારસુ પેકેટ અને પાકિસ્તાની વિસ્ફોટક પદાર્થો મળી ચુક્યા છે ત્યારે પાંચ માસના લાંબા અંતરાલ બાદ માદક પદાર્થનું બિનવારસુ પેકેટ મળતાં હજુ પણ આ પ્રકારના પેકેટો મળી આવવાની પ્રબળ સંભાવનાને પગલે સીમા સુરક્ષા દળ દ્વારા કચ્છના સંવેદનશીલ સાગર કાંઠે સઘન તલાશી અભિયાન હાલ ચાલી રહ્યાનું જાણવા મળી રહ્યું છે. ■

# બીએમસીની ચૂંટણીમાં ઓબીસી સર્ટિફિકેટ માટે બોગસ દસ્તાવેજોના મામલે કચ્છ અગ્રણીના પુત્ર સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મૂળ ભચાઉ તાલુકાના આધોઇ ગામના પાટીદાર અગ્રણીના પુત્ર એવા મૂરજી કાનજી પટેલે વર્ષ ૨૦૧૭ના બૃહદ્-મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન (બી.એમ.સી.)ની ચૂંટણીમાં ઓબીસી સર્ટિફિકેટને મેળવવા માટે બનાવટી દસ્તાવેજો રજૂ કરવાના ગંભીર આરોપ અંતર્ગત શાહુનગર પોલીસે કોર્ટના આદેશ બાદ કેસ દાખલ કરતાં કચ્છ સહિત બૃહદ કચ્છમાં ચકચાર ફેલાઇ છે.

ભૂતપૂર્વ કોર્પોરેટરે રજૂ કરેલા દસ્તાવેજોમાં વિજિલન્સની ટીમને જોવા મળેલી વિસંગતતામાં અગ્રણી પુત્રનું શાળા છોડવાનું પ્રમાણપત્ર, પિતા કાનજી લીરાભાઇ પટેલનું જન્મ પ્રમાણપત્ર અને તેમનું પણ શાળા છોડવાનું પ્રમાણપત્ર રજૂ કરાયું હતું, પરંતુ કાનજીભાઇ જે સ્કૂલમાંથી પ્રમાણપત્ર લાવ્યા હતા તે સ્કૂલનું સરનામું વિજિલન્સની ટુકડીને મળ્યું ન હતું. કોઇ સ્કૂલ બંધ થાય તો તે સ્કૂલના દસ્તાવેજ નજીકની સ્કૂલને આપવાના હોય છે. કાસ્ટ વેલિડિટી સર્ટિફિકેટ ચકાસણીની તપાસ માટે લીગલ ઓફિસર મિલિંદ ભાનુદાસ પાટીલની આગેવાની હેઠળ બનાવાયેલી સમિતિએ રજૂ કરેલાં તારણોમાં મૂરજી પટેલના પિતાનો સ્કૂલ છોડવાથી સર્ટિફિકેટ સંબંધિત કોઇ દસ્તાવેજ શોધી શકી નહોતી. ૮મી જૂન ૧૯૯૭નું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું પણ આ તારીખના રવિવાર આવતો હતો તેમ આ મામલાની તપાસ કરી રહેલા એક અધિકારીએ જણાવ્યું હતું. વધુ ચકાસણીમાં જન્મના પ્રમાણપત્રમાં કાનજી પટેલના પિતાનું નામ લીરા અંબાલાલ પટેલ જ્યારે માતાનું નામ જશુબાઇ છે. જો કે આરોગ્ય વિભાગની ઓફિસમાં મળેલા મૂળ રેકોર્ડમાં કાનજી ભાઇના પિતાનું નામ લિંબા અંબાજી અને માતાનું નામ સાવિત્રીબાઇ છે. આ પ્રકારના નામ પણ શંકાસ્પદ જણાઇ આવ્યા હતા. બનાવટી દસ્તાવેજોના આધારે ઓબીસી પ્રમાણપત્ર મેળવવા માટેની ત્રુટિઓ સાથેનો અહેવાલ ત્રણ સભ્યોની સમિતિએ બાંદરા કોર્ટને સોંપ્યો હતો. કોર્ટે એફ.આઇ.આર.ના આદેશ આપતાં શાહુનગર પોલીસે મૂરજી કાનજી પટેલ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. ■

# નેતૃત્વ દિશાહીન થાય ત્યારે કાર્યકર મૂંઝાય છે: પાટીલે કૉંગ્રેસના માજી ધારાસભ્યને આવકાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા શરૂ થયેલો કૉંગ્રેસીઓનાં ભરતી મેળા સામે ખૂદ પાર્ટીના જ જૂના અને વફાદાર કાર્યકરોમાં નારાજગી ફેલાઇ છે બીજી બાજુ ભાજપમાં ભરતી મેળો યથાવત્ છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે મંગળવારે ધાનેરાના પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઇ પટેલ, હાસ્ય કલાકાર હકાભા ગઢવી સહિત ૧૦૦થી વધુ લોકોને કેસરિયો પહેરાવી આવકાર્યા હતા.

આ પ્રસંગે સી.આર પાટીલે કૉંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે નેતૃત્વ દિશાહીન થાય ત્યારે કાર્યકર મૂંઝાય છે. કાર્યકરો તો લોકોની સેવા માટે આવે છે. વડા પ્રધાન મોદીએ સર્વાંગી વિકાસની વાત કરી છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તમારું સ્વાગત છે. ૪૦ વર્ષથી કૉંગ્રેસમાં રહેલા આગેવાનો પણ ભાજપમાં જોડાય છે. જોઈએ તેના માટે મોદી સાહેબે કામ કર્યા છે. મોદી સાહેબ રાજકારણ કરતા રોજ નવા ઇતિહાસ લખે છે. દરેક સેકટરને આગળ વધારવા પ્રયાસ કર્યો છે. રામમંદિર વહી બનાયેગે એ આપડે કહેતા હતા. કૉંગ્રેસના કેટલાક નેતા કહેતા કે તારીખ નહિ બતાયેંગે. મોદી સાહેબે ડંકાની ચોટ પર તારીખ બતાવી અને પ્રાણપ્રતિષ્ઠા પણ કરી છે. ■

# દક્ષિણ ગુજરાતમાં ભાજપમાં ભંગાણ: વ્યારાના મહામંત્રી કૉંગ્રેસમાં જોડાયા

અમદાવાદ: ગુજરાતમાં કૉંગ્રેસ અને આપના નેતાઓ અને કાર્યકરો ભાજપમાં જોડાઇ રહ્યાં છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં ભાજપના પદાધિકારીઓ કૉંગ્રેસ ભણી જઇ રહ્યાં હોય તેમ દક્ષિણ ગુજરાત ભાજપના નેતા અરવિંદ ચૌધરી કૉંગ્રેસમાં જોડાયા હતા. તો વ્યારાના પૂર્વ તાલુકા મહામંત્રી કેવજી ચૌધરીએ પણ કૉંગ્રેસમાં પ્રવેશ કર્યો હતો.

કૉંગ્રેસ મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ૨૦૧૭ માં વ્યારા વિધાનસભાના બીજેપી પક્ષે ઉમેદવાર રહેલા અરવિંદ ચૌધરી ફરી કૉંગ્રેસમાં જોડાયા હતા. તેઓ કૉંગ્રેસમાંથી પાંચ ટર્મ તાલુકા પંચાયત પ્રમુખ રહી ચૂક્યા હતા. તેઓ વર્ષ ૨૦૧૭ માં કૉંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા. તેઓ મંગળવારે ફરી ઘરવાપસી કરી હતી. ડો. તુષાર ચૌધરી હસ્તે કૉંગ્રેસનો ખેસ ધારણ કર્યો. બીજેપીના પૂર્વ વ્યારા તાલુકા મહામંત્રી કેવજી ચૌધરીએ પણ ડો. તુષાર ચૌધરીના હસ્તે વિધિવત્ રીતે કૉંગ્રેસમાં જોડાયા હતા. ભાવનગર તળાજા તાલુકાના મણાર ગામે મળેલ ખેડૂતોની જાહેરસભામાં કનુભાઈ કળસરિયાએ ખુલાસો કર્યો હતો કે, તેઓ ભાજપમાં નથી જતા. લાંબા સમયથી કનુ કળસરિયાની ભાજપમાં જોડાવાની ચાલી રહેલ ચર્ચા ઉપર કનુભાઈએ નિવેદન આપી પૂર્ણવિરામ મૂક્યો છે. કનુભાઈએ જણાવ્યું હતુ કે, લોકોએ મને ભાજપમાં જોડાવવા ખૂબ કહ્યું, પણ ભાજપમાં જોડાવવા માટે મારું મન માનતું નથી, માન્યું નથી અને માનશે પણ નહીં. કોઈ મોહમાં પડીને શું કરવું. જો આ પાર્ટીમાં જઈ ખેડૂતોનું હિત થતું હોય તો જાઉં. પણ આ પાર્ટીની વાત મને ગળે ના ઉતરતા મેં ભાજપમાં જવાનું માંડી વાળ્યું. ■

# સુરતમાં છેડતીખોરનું પોલીસ સ્ટેશનમાં રહસ્યમય મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના વેસુ વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં લાવ્યા બાદ કાપડ વેપારીનું રહસ્યમય રીતે મોત થયું હતું. આ યુવક પર છેડતીનો આરોપ હતો. સ્થળ પર એકઠા થયેલા ટોળાએ યુવાનને માર માર્યો હતો. પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ જેવી આ વેપારીને લઈ ગઈ ત્યાં જ વેપારી પોલીસ મથકમાં ઢળી પડ્યો હતો. તાત્કાલિક જ પોલીસે ૧૦૮ની મદદથી વેપારીને હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે પોલીસે મૃતકનું પેનલ પીએમ કરાવ્યું હતું. વેપારીને માથામાં બોથડ પદાર્થ મારતા મોત થયું હોવાનું બહાર આવ્યું હતું. જેથી યુવકને માર મારનાર નવ લોકોની પોલીસે અટકાયત કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના વેસુ પોલીસ સ્ટેશનમાં અચાનક જ એક યુવક ઢળી પડ્યો હતો. પોલીસે તાત્કાલિક ૧૦૮ની મદદથી સાગરને હોસ્પિટલમાં ખસેડયો હતો. જ્યાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો. યુવકનું રહસ્યમય રીતે મોત થતા વેસુ પોલીસ પણ શંકાના ઘેરામાં હતી. જે મામલે પોલીસે સાગર સુનિલ નેવટિયાની લાશને પેનલ પીએમ માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. સમગ્ર પંચનામું પણ મામલતદારની હાજરીમાં કરવામાં આવ્યું હતું. પેનલ પીએમનો રિપોર્ટ આવ્યા બાદ પોલીસ હરકતમાં આવી હતી. પેનલ પીએમમાં બહાર આવ્યું હતું કે, સાગરને માથાના ભાગે બોથડ ચીજ મારતા તેનું મોત થયું હતું. જેથી પોલીસે શરૂઆતમાં જે કોલરે કોલ કર્યો હતો તેની પૂછપરછ હાથ ધરી હતી. ત્યારબાદ ટોળામાંથી માર મારનાર તમામને એક બાદ એક બોલાવ્યા અને તમામના નિવેદન લીધા હતા. જોકે તેમાં સ્પષ્ટ બહાર આવ્યું હતું કે, ટોળા દ્વારા કાપડ વેપારી સાગર સુનિલ નેવટિયાને મૂંઢ માર મરાયો હતો. જેથી તેનું મોત થયું હતું. પોલીસે આ મામલે માર મારનાર ૯ જેટલા લોકોની પોલીસે હત્યાના ગુનામાં ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# કચ્છમાં બન્નીનાં ઘાસીયા મેદાનમાં આગ: ૧૬ કલાકને અંતે પણ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છનાં ગ્રાસલેન્ડના હાજીપીર વિસ્તારના ઘાસિયા મેદાનમાં ભેદી કારણોસર વિકરાળ આગ ફાટી નીકળી હતી. સેંકડો એકરની ત્રિજયામાં ફેલાયેલી આ આગના કારણે લહેરાતું બહુમૂલ્ય ઘાસ આગમાં બળીને ખાખ થઈ ગયું હતું. ૧૬ કલાક કરતાં વધુ સમયની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર કચ્છ જિલ્લાનાં હાજીપીર વિસ્તારના ઘાસિયા મેદાનમાં ભભૂકેલી આગે ગણતરીના સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સ્થાનિક ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ગભરાટ સાથે ચિંતા ફેલાઈ હતી. આગને કાબૂમાં લેવા નજીકના માલધારી અને ગ્રામીણ લોકોએ આગને કાબૂમાં લેવા યથાશક્તિ પ્રયાસ આદર્યા હતા, જોકે આગ કાબૂમાં ના આવતા અંતે પાંધ્રો સીજીએલના બે ફાયર ફાઈટર અને ભુજ ફાયર સ્ટેશનના ચાર ફાયર ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને આગ ઉપર હજારો લિટર પાણીનો મારો ચલાવ્યો હતો. લોકો અને ફાયર ટીમની જહેમતે આગ ઉપર મંગળવાર વહેલી સવારે અંદાજે ચાર વાગ્યે કાબૂ મેળવાયો હતો. બીજી તરફ બુરકલ ગામના સ્થાનિક લોકોએ દાવો કર્યો હતો કે, ઘાસિયા વિસ્તારમાં લાગેલી આગ હજુ પણ સંપૂર્ણપણે કાબૂમાં આવી નથી, હાલ આગ સળગી રહી છે.

આગના કારણે કેટલાંક પશુઓ અને મોટા પ્રમાણમાં વસતા જાનવરોના પણ મોત થયાં હોવાની સાંભવના વર્તાઈ રહી છે. અત્યારે બુર્કલ વિસ્તારમાં ઘસમસ આગ ચાલુ રહેવા પામી છે. આગના કારણે પાંચ કિલોમીટર દૂરથી આગથી ઉઠેલા ધુમાડાના ગોટા આકાશમાં જોવા મળ્યા હતા. ■

# રાજ્યમાં ફરી એકવાર આરટીઓ સર્વરના ધાંધિયા: ૫૦ હજારથી વધુ અરજદારને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની આરટીઓ કચેરીમાં બુધવાર સુધી સર્વર બંધ રહેવાથી પાકા લાઇસન્સ માટે ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાશે નહીં. જો આગામી ગુરુવાર સુધીમાં સર્વર ચાલું થશે તો જ ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાશે. સર્વર ઠપ્પ થતાં દરેકની એપોઇન્ટમેન્ટ રિસિડ્યુઅલ કરવામાં આવી છે. પહેલીવાર પાંચ દિવસ સુધી સર્વર બંધ રહેવાની ઘટના બની છે. આગામી સમય સુધી અનિશ્ચિતા હોવાથી અરજદારો અટવાઈ પડ્યા છે. જેની અંદાજે ૫૦ હજારથી વધુ લોકોને સીધી અસર થઇ છે.

અનિલ નામના એક અરજદારેએ કહ્યું હતું કે, ડ્રાઈવિંગ ટેસ્ટની કામગીરી બંધ રહેવાથી લોકોને મુશ્કેલી પડી છે. જેના કાચાં લાઈસન્સનો સમય પૂરો થઇ ગયો છે, તેવા લોકો હવે રિન્યુ કરાવવા દોડી રહ્યા છે. જોકે વિભાગ તરફથી અગાઉની જેમ અત્યારથી જ તમામ એપોઈન્ટમેન્ટની સાથે એક્સપાયર થયેલા કાચા લાઇસન્સ પણ રિન્યૂ કરી આપવાની જાહેરાત કરવી જોઈએ. જે નહીં કરાતા આરટીઓના વાંકે લોકોને બિનજરૂરી ખર્ચ કરવો પડે છે. આ બાબતે કમિશનર કચેરીએ પણ કોઈ સ્પષ્ટતા કરી નથી.

બીજી તરફ ડ્રાઇવિંગ ટેસ્ટની એપોઈન્ટમેન્ટ લઇને બેઠેલા લોકોને બહારગામ જવાનું હોવાથી જઈ શક્તા નથી. સર્વરની સમસ્યા અંગે અધિકારીઓ માત્ર ટેકનિકલ કારણ આપે છે. પરંતુ હકીકત કંઇ અલગ જ હોય એવું લાગી રહ્યું છે. હવે બુધવાર રાતે સર્વર ચાલું થશે તો જ ગુરુવારે ડ્રાઇવિંગ ટેસ્ટ લઇ શકાશે. જોકે ગુરુવારે પણ સર્વર ખોટવાશે કે નહીં તેની કોઈ ગેરંટી જણાતી નથી. ■

# સંતરામપુરમાં એસ.ટી. બસ તળે પતિ-પત્ની ચગદાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સંતરામપુરમાં બાયપાસ પાસે ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં સંતરામપુરમાં એસટી બસ અને બાઇક તેમજ સ્કૂટર સહિત કાર સાથે અકસ્માત થતા પતિ-પત્નીના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. જ્યારે સગવાડીયા ગામના બે ઘાયલ વ્યક્તિઓને હોસ્પિટલ પહોંચાડાયા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સંતરામપુર બાઇપાસ રોડ પાસે એસટી બસએ બાઈકચાલક સહિત સ્કૂટરને જીપને અડફેટે લેતાં બાઈક પર સવાર મોહનભાઈ પુજાભાઈ પ્રજાપતિ અને સવિતાબેન પ્રજાપતિ પતિ-પત્નીના ઘટના સ્થળે મોત થયાં હતાં. અકસ્માત સર્જાતા સ્થાનિક લોકો અને ગામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવી બચાવવાની કામગીરી હાથ ધરી હતી.

અકસ્માતમાં સંતરામપુર તાલુકાના સગવાડિયા ટીમલા ગામનાં રહેવાસી અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે દોડી આવી બંને મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# રીંછડાનો હુંકારઃ વ્યાપક વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૭૨,૦૦૦ની નીચે અથડાયો, નિફ્ટી ૨૧,૮૫૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયાઇ બજારોની નરમાઇ સાથે સ્થાનિક સ્તરે મંદીવાળા મંગળવારે ફરી હાવી બન્યા હતા અને સાર્વત્રિક વેચવાલીનો હાહાકાર મચાવી દીધો હતો. બેન્ક ઓફ જાપાને ૧૭ વર્ષ બાદ પહેલી વખત વ્યાજદરમાં વધારો કર્યો હતો અને ત્યારબાદ એશિયન બજારોમાં ઘટાડો થયો હતો. સ્થાનિક સ્તરે પાછલા સત્રમાં સાધારણ સુધારણા બાદ ૧૯ માર્ચે મંદીવાળાઓએ જોરદાર વેચવાલીનો હુમલો કરીને બીએસઇના બેન્ચમાર્ક સેન્સેક્સને નકારાત્મક ક્ષેત્રમાં ધકેલી દીધો હતો. મંગળવારના સત્રમાં વ્યાપક વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૭૨,૦૦૦ની નીચે અથડાયો, નિફ્ટી ૨૧,૮૫૦ની નીચે સરક્યો છે.

બેન્ચમાર્ક શેરઆંક નકારાત્મક નોંધ સાથે ખૂલ્યા હતા અને સમગ્ર સેક્ટરમાં વેચવાલી વચ્ચે નિફ્ટી અને સેન્સેક્સ ૨૧,૮૦૦ પોઇન્ટ અને ૭૨,૦૦૦ પોઇન્ટની ઇન્ટ્રાડે નીચી સપાટીને અથડાયા હતા.

સવારના સત્રમાં સેન્સેક્સ ૨૮૫ પોઈન્ટના નીચા ગેપ સાથે ૭૨,૪૬૨ પોઇન્ટના સ્તર પર ખુલ્યો હતો, જ્યારે એનએસઇના નિફ્ટીએ ૧૦૯ પોઈન્ટ ઘટાડા સાથે ૨૧,૯૪૬ પોઇન્ટના સ્તર પર કામકાજની શરૂઆત કરી હતી. સત્રને અંતે સેન્સેક્સ ૭૩૬.૩૭ પોઈન્ટ્સ અથવા ૧.૦૧ ટકા ઘટીને ૭૨,૦૧૨.૦૫ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૨૩૮.૨૦ પોઈન્ટ્સ અથવા ૧.૦૮ ટકા ઘટીને ૨૧,૮૧૭.૫૦ સપાટી પર સ્થિર થયો હતો. નિફ્ટીના શેરોમાં સૌથી વધુ નુકસાન કરનારાઓમાં ટીસીએસ, બીપીસીએલ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટાટા કન્ઝ્યુમર અને નેસ્લે ઈન્ડિયાનો સમાવેશ હતો, જ્યારે બજાજ ફાઈનાન્સ, બજાજ ઓટો, કોટક મહિન્દ્રા બેંક, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલનો સૌથી વધુ વધનારા શેરોમાં સમાવેશ હતો.

હેલ્થકેર, આઈટી, એફએમસીજી, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, પાવર સેગમેન્ટમાં એકથી બે ટકાના ઘટાડા સાથે તમામ સેકટરલ ઇન્ડેક્સ રેડ ઝોનમાં બંધ રહ્યાં હતા. વ્યક્તિગત શેરોમાં, ઇન્ડસ ટાવર્સ, એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ અને ઝી એન્ટરટેઇનમેન્ટમાં ૩૦૦ ટકાથી વધુનો વોલ્યુમ સ્પાઇક જોવા મળ્યો હતો. કોલગેટ પામોલિવ, ગુજરાત ગેસ અને ટીસીએસમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યું હતું, જ્યારે બજાજ ઓટો, જુબિલન્ટ ફૂડવર્ક્સ અને ઝટજમોટર કંપનીમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યું હતું.

સેબીની ચેતવણી અને ફંડોની સ્ટ્રેસ ટેસ્ટ બાદ રિડેમ્પશનના દબાણને કારણે નાના શેરોમાં વેચવાલી વધતી રહી હોવાથી, મિડ અને સ્મોલકેપ શેરઆંકોમાં પણ નિરાશાજનક વલણ જોવા મળ્યું છે. આ સત્રમાં પણ મિડકેપ અને સ્મોલકેપના બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં એકાદ ટકાનો કડાકા જોવા મળ્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, શેરબજારમાં વૈશ્વિક પરિબળો સાથે સ્થાનિક સ્તરે ઇલેક્શનની જાહેરાતને પગલે સાવચેતીના માહોલ વચ્ચે ઉથલપાથલ અને અફડાતફડીનો દોર તીવ્ર બન્યો છે. લેવેચના ઉપરાછાપરી દોર વચ્ચે એનએસઈનો બેન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૨૧,૮૦૦ સુધી જઈ પાછો ફર્યો હતો.

બેન્ક ઓફ જાપાનના નાણાકીય નીતિના નિર્ણય પહેલા આજે એશિયન બજારોમાં ઘટાડો થયો હતો, આ વર્ષે ૧૭ વર્ષ પછી અહીં નકારાત્મક વ્યાજ દર નીતિને સમાપ્ત કરે તેવી અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે સોમવારે ભારતીય શેરબજારમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો.

સેન્સેક્સ ૧૦૪.૯૯ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૭૨,૭૪૮.૪૨ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૫૦૩૨.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકાના ઉછાળા સાથે ૨૨,૦૫૫.૭૦ પોઇન્ટ પર બંધ થયો હતો. હાલ ઉછાળે વેચવાલીનો તાલ પણ જોવા મળે છે, એટલે ચોક્કસ ટ્રેન્ડ પકડાતો નથી. બજારના સાધનો અનુસાર રોકાણકારોનું ધ્યાન આગામી લોકસભાની ચૂંટણીઓ તરફ પણ જઈ રહ્યું છે, જે ૧૯ એપ્રિલે શરૂ થશે અને ચોથી જૂને પૂર્ણ થશે.

માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા એસએમઇ આઇપીઓ, સ્મોલ કેપ અને મિડકેપના વેલ્યુએશન્સ સહિત બજારના એકથી વધુ સેગમેન્ટ અંગે જાહેર કરાયેલી આશંકા, મ્યુચ્યુઅલ ફંડ્સના તણાવ પરીક્ષણના પરિણામો, ફરજિયાત રિડેમ્પશન જેવા પરિબળો બજાર પર સંભવતઃ દબાણ લાવી શકે છે.

અગ્રણી ટેકનિકલ એનાલિસ્ટ કહે છે કે, નિફ્ટી માટે ૨૧,૫૩૦ પોઇન્ટના સ્તર પર મુખ્ય સપોર્ટ સાથે, ઇન્ટ્રાડે સપોર્ટ લેવલ ૨૧,૮૬૧ની સપાટી પર છે. જ્યારે તાત્કાલિક પ્રતિકાર સપાટી ૨૨,૨૫૦ પોઇન્ટના સ્તર પર છે. પ્રવર્તમાન અનિશ્ચિતતાઓ વચ્ચે રોકાણકારોએ સાવચેત રહેવું આવશ્યક છે. સેન્સેક્સમાં બજાજ ફાઈનાન્સ ૧.૩૮ ટકા, કોટક મહિન્દ્રા બેન્ક ૦.૫૭ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૨૬ ટકા, ભારતી એરટેલ ૦.૨૩ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૧૯ ટકા વધ્યા હતા, જ્યારે ટીસીએસ ૪.૦૩ ટકા, નેસલે ઈન્ડિયા ૩.૩૭ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૩.૧૫ ટકા, વિપ્રો ૩.૦૫ ટકા અને એચસીએલ ટેક્નોલોજીસ ૨.૬૨ ટકા ઘટ્યા હતા. બધા ગ્રુપની કુલ ૪૬ કંપનીઓમાંથી ૨૫ કંપનીઓને ઉપલી અને ૨૧ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

એશિયાઇ બજારોમાં સિઓલ, શાંઘાઇ અને હોંગકોંગ શેરબજારો નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા અને ટોકિયોમાં સુધારો જોવા મળ્યો હતો. એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૮૪૮.૫૬ કરોડની ઇક્વિટી ખરીદ્યા બાદ સોમવારે રૂ. ૨૦૫૧.૦૯ કરોડની વેચવાલી નોંધાવી હતી. ઓ બાબત નોંધવી રહી કે, એફઆઇઆઇએ માર્ચ મહિનામાં અત્યાર સુધી રૂ. ૪૦,૦૦૦ કરોડથી વધુની લેવાલી નોંધાવી છે.

વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૦ ટકા ઘટીને ૮૬.૫૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. સોમવારે બીએસઇનો ૩૦ શેરનો બેન્ચમાર્ક ૧૦૪.૯૯ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૭૨,૭૪૮.૪૨ પર સેટલ થયો હતો. એનએસઇનો નિફ્ટી ૩૨.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા ઘટીને ૨૨,૦૫૫.૭૦ પોઇન્ટ પર સ્થિર થયો હતો.

# ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટીમાં ભારે વેચવાલીનું દબાણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા ગબડીને ૮૩ની સપાટી કુદાવીને ૮૩.૦૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૨.૯૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૨.૯૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૦૫ અને ઉપરમાં ૮૨.૯૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસા ગબડીને ૮૩.૦૩ની સપાટીએ બંધ રહ્યો હતો. અમેરિકી ફેડરલ રિઝર્વની આવતીકાલે સમાપન થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા છે, પરંતુ વ્યાજદરમાં કપાત આગામી જૂન સુધી કે જુલાઈ સુધી વિલંબિત કરે છે તેનાં પર બજાર વર્તુળોની નજર હોવાથી ટ્રેડરોના સાવચેતીના અભિગમ વચ્ચે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૧ ટકા વધીને ૧૦૩.૬૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું. વધુમાં જે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૩૬.૩૭ પૉઈન્ટનો અને ૨૩૮.૨૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૦૫૧.૦૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્ટોકિસ્ટોની વેચવાલીએ ટીન અને નિકલમાં જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ તેમ જ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની પ્રોપર્ટી માર્કેટમાં અપેક્ષિત વૃદ્ધિનો અભાવ જોવા મળી રહ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે ટીન, નિકલ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૮ સુધીનો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે એકમાત્ર કોપર વાયરબારમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેનો સાધારણ સુધારો આવ્યો હતો. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે ટીન, નિકલ અને ઝિન્કમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮ ઘટીને રૂ. ૨૫૩૮, રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૫૦૭ અને રૂ. ચાર ઘટીને રૂ. ૨૨૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૦૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર કોપર વાયરબારમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બેના સુધારા સાથે રૂ. ૮૦૪ના મથાળે રહ્યા હતા.

# ડૉલર મજબૂત થતાં સોનામાં ₹ ૨૪નો અને ચાંદીમાં ₹ ૩૧૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ફેડરલના નિર્ણય પૂર્વે લંડન ખાતે સોનામાં રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલો વચ્ચે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩થી ૨૪નો સાધારણ ઘસરકો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા નબળો પડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતર વધવાને કારણે સ્થાનિકમાં સોનાના ભાવમાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવ પણ ૦.૫ ટકા જેટલા ઘટી આવ્યા હોવાથી સ્થાનિકમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૧૨ ઘટીને ફરી રૂ. ૭૪,૦૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા. આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સટ્ટાકીય વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૧૨ના ઘટાડા સાથે રૂ. ૭૩,૮૪૪ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત પ્રવર્તમાન હોળાષ્ટકને કારણે રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪ ઘટીને રૂ. ૬૫,૩૨૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩ ઘટીને રૂ. ૬૫,૫૮૯ના મથાળે રહ્યા હતા. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી સોનાની આયાત પડતર વધતાં લંડન ખાતે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૨૧૫૩.૬૦ ડૉલર અને ૨૧૫૭.૩૦ ડૉલર આસપાસ અને હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૪.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજથી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય બેઠકનો આરંભ થનાર હોવાથી બેઠકની ફળશ્રુતિ પૂર્વે રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવતા એકંદરે કામકાજો પણ પાંખાં રહ્યા હતા. ફેડરલ રિઝર્વ બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા મુકાઈ રહી છે તેમ છતાં રોકાણકારોની નજર ફેડરલ દ્વારા મૂકાનારા આર્થિક અને વ્યાજદરના અંદાજો પર સ્થિર થઈ હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૧૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી છે અને ફેડરલના નિર્ણય પૂર્વે ભાવ સાંકડી વધઘટે અથડાતા રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકાનાં ફેબ્રુઆરી મહિનાના ફુગાવાની જાહેરાત થયા બાદ સોનાના વૈશ્વિક ભાવમાં એક ટકા જેટલો ઘટાડો આવી ગયો છે.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ


**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે (૧) શ્રી જયંતિલાલ વલ્લભદાસ પટણી, (૨) શ્રી મગનલાલ વલ્લભદાસ પટણી અને (૩) શ્રીમતિ કસ્તુરબેન વલ્લભદાસ પટણી, તમામ તેમનું સરનામું ૬૧, વલ્લભનગર સોસાયટી, વિલેપાર્લા (પ), મુંબઈ-૫૬ ખાતે ધરાવનાર અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ મિલકત તમામ તેમના હક્ક, ટાઈટલ અને હિત (''સદર મિલકત'') તમામ બોજાઓ, ગીરો, લીટીગેશન્સથી મુક્તપણે અને સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે મારા અસીલને વેચવા અને/ કે ટ્રાન્સફર અને/ કે એસાઈન કરવા કબૂલ થયેલ છે.

તમામ અથવા કોઈપણ શખ્સ જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં કરાર, વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીઝ, સબ-લીઝ, ગીરો (ઇક્વીટેબલ કે બીજી રીતે), ભેટ, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, નિભાવ, બીક્વેસ્ટ, કબજો, ઇઝમેન્ટ, એસાઇનમેન્ટ, લાયસન્સ, ડીમાઇસ, બીક્વેસ્ટ, પાર્ટીશન, ચાર્જ, પ્લેજ, ગેરંટી, પારિવારિક વ્યવસ્થા, વિકાસ હક્ક, સંયુક્ત સાહસ, FSI/TDR કંઝમ્પશન, રાઈટ ઓફ પ્રીસ્ક્રીપ્શન કે પ્રી-એમ્પ્શન, પાર્ટનરશીપ, લોન્સ, એડવાન્સીઝ, એક્વીઝીશન, રીક્વીઝીશન, બોજા, ઇંજંકશન અને/ કે કોઈપણ જપ્તી હેઠળ કે કોઈપણ ચુકાદા હેઠળ, કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ ડીક્રી, હુકમ કે એવોર્ડ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન અથવા કાયદાના સંચાલન દ્વારા અથવા બીજી કોઈ રીતે કે પ્રકારે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, એસ્ટેટ, હિસ્સો કે હિત ધરાવતા હોય, તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં તેના દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ ૨૦૫ (૨૨એ), ૨જો માળ, સર યુસુફ બીલ્ડીંગ કોન્ડોમિનિયમ, વીર નરીમન રોડ, ફ્લોરા ફાઉન્ટન નજીક, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે આ છપાયાની તા.થી ૧૪ દિવસમાં કરે, નહીંતર, આવા શખ્સ કે શખ્સોના કંઈ દાવા હશે તો તમામ હેતુ અને ઉદ્દેશ્ય માટે ત્યજી દીધેલ અને/ કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**સદર મિલકતનું પરિશિષ્ટ**

૧લો રોડ, NS રોડ, JVPD સ્કીમ, જુહુ, મુંબઈ-૫૬ ખાતે આવેલ, પડેલ અને રહેલ, તેની પરના ઉભેલા ''ભાવના'' તરીકે જાણીતા બીલ્ડીંગ સાથે, ભરતમાં ૮૫૨.૫ ચો.મી. કે તે સુમારે ગામ વિલેપાર્લા (પ), તા. અંધેરી, મુંબઈ પરા જીલ્લાના સર્વે નં. ૨૮૭ (ભાગ), CTS નં. ૨૪૧ ધરાવતા, વલ્લભનગર, કો-ઓપ. હા.સો.લી.માં જુહુ વિલેપાર્લા ડેવલપમેન્ટ (JVPD) સ્કીમના પ્લોટ નં. ૬૧ ધરાવતી લીઝહોલ્ડ જમીનનો તે તમામ ટુકડો કે કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છે.

પૂર્વે કે તે તરફઃ NS રોડ નં. ૧ થી
પશ્ચિમે કે તે તરફઃ પ્લોટ નં. ૫૮ & ૫૭ થી
ઉત્તરે કે તે તરફઃ પ્લોટ નં. ૬૦ થી
દક્ષિણે કે તે તરફઃ પ્લોટ નં. ૬૨ થી

આજ તા. ૨૦મી માર્ચ ૨૦૨૪.

સહી/-
(ધીરેન એચ. શાહ)
એડવોકેટ & સોલીસીટર


## ક્લાસિફાઈડ


**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

**૪૬. વોટર પ્રુફિંગ**

**બિલ્ડિંગ રિપેરીંગ**
ટેરેસ, સોસાયટી ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, પોડિયમ એરિયા, આઉટસાઈડ વોલ, છજીયા, બિંબ કોલમ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9320210293. (૧૪૨૫૪-ડી)

**વોટરપ્રુફીંગ વર્ક**
PU ફોમ ઈન્જેક્શન. ગ્રાઉન્ટીંગ તોડ્યા વગર વોટરપ્રુફીંગ વર્ક - બાથરૂમ, ટોયલેટ, સ્વિમીંગ પુલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૧૩૪૮૪-બી)

**વોટરપ્રુફિંગ**
ટેરેસ, આઉટસાઈડ, ક્રેક ફિલિંગ, બાથરૂમ ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ પેઈન્ટિંગ-9076066069. (જેપી/ ૪૯૦૬-એ)

**૫૨. કુરીઅર્સ**

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૩૮૦૭)

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)


## રમતગમત

# આનંદો! ખેલાડીઓ અને ક્રિકેટપ્રેમીઓને હવે વધુ સચોટ તથા ઝડપી નિર્ણયો જોવા મળશે

### ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ હવે સ્માર્ટ રિપ્લે સિસ્ટમના નવા અવતારમાં

ચેન્નઈઃ કોઈ કહે છે કે ૧૬ વર્ષથી રમાતી આઇપીએલનો લોકોમાં હવે ક્રેઝ ઓછો થઈ ગયો છે અને કોઈકનો તેમના મનગમતા ખેલાડીઓની બાદબાકી થવાને લીધે તેમ જ ઈજાગ્રસ્તોની યાદી લાંબી બનતી જવાને કારણે ક્રિકેટજગતની આ સૌથી મોટી ટૂર્નામેન્ટમાંથી રસ ઘટી ગયો હોવાની ચર્ચા થઈ રહી છે. જોકે બીસીસીઆઇ પોતાની આ મેગા ટી-૨૦ ટૂર્નામેન્ટમાં પ્રતિવર્ષ કંઈક નવું લાવીને ક્રિકેટરસિકોનો રસ જાળવી રાખવાનો પ્રયત્ન કરતી રહે છે.

એક જાણીતી વેબસાઇટને જાણવા મળ્યું છે કે આઇપીએલની આ વખતની સીઝનથી ક્રિકેટરો અને ક્રિકેટચાહકોને વધુ સચોટ અને ઝડપથી લેવાતા નિર્ણયોનો અનુભવ થશે. આ માટે આઇપીએલના મોવડીઓ 'સ્માર્ટ રિપ્લે સિસ્ટમ' લાવી રહ્યા છે. થોડા વર્ષોથી ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (ડીઆરએસ) અસ્તિત્વમાં છે.

એસઆરએસના ટૂંકા નામે ઓળખાનારી નવી સિસ્ટમ હેઠળ ટીવી અમ્પાયર (થર્ડ અમ્પાયર) તથા બે હૉક-આય ઑપરેટર એક જ રૂમમાં બેસશે. થર્ડ અમ્પાયરને હૉક-આય ઑપરેટરો પાસેથી સીધા ઇનપૂટ મળશે. બીજી રીતે કહીએ તો હૉક-આયના આઠ હાઈ-સ્પીડ કૅમેરા આખા મેદાનમાં ગોઠવાયેલા રહેશે અને એના દ્વારા મળનારા ઇમેજીસ થર્ડ અમ્પાયરને પૂરા પાડવામાં આવશે. ટીવી બ્રૉડકાસ્ટ ડિરેક્ટર અત્યાર સુધી થર્ડ અમ્પાયર અને હૉક-આય ઑપરેટરો વચ્ચેના સેતુ બનતા હતા, પરંતુ હવે એસઆરએસની નવી સિસ્ટમમાં તેમની હવે કોઈ ભૂમિકા નહીં રહે.

હવે ટીવી અમ્પાયરને સ્પ્લીટ-સ્ક્રીન ઇમેજીસ સહિતના વધુ વિઝ્યુઅલ્સનો લાભ મળશે. ઉદાહરણ તરીકે, અગાઉ જો બાઉન્ડરી લાઇનની ખૂબ નજીકમાં ફીલ્ડર કૅચ પકડવાના પ્રયાસમાં બૉલને ઉછાળીને લાઇનની બહાર જતો રહેતો અને પછી અંદર પાછો આવીને હવામાં રહેલો બૉલ ઝીલી લેતો ત્યારે ટીવી બ્રૉડકાસ્ટર એ ફીલ્ડરના પગ અને તેણે બૉલ ઝીલીને હવામાં ઉછાળ્યો તેમ જ પાછા આવીને બૉલ ઝીલી લીધો એને લગતી સ્પ્લીટ સ્ક્રીન નહોતા પૂરી પાડી શકતા. નવી સિસ્ટમમાં ફીલ્ડરે પહેલાં બૉલ પકડ્યો, પછી ઉપર ઉછાળ્યો, બાઉન્ડરી લાઇનની બહાર ગયા પછી પાછો અંદર આવ્યો અને કૅચ પકડી લીધો એ સંબંધિત તમામ ફૂટેજ અમ્પાયરને સ્પ્લીટ સ્ક્રીન પર જોવા મળશે.

બીજું, ઓવરથ્રો થશે અને એમાં બૉલ બાઉન્ડરી લાઇનને પાર થશે તો બન્ને બૅટર ક્રૉસ થઈ ગયા હતા કે નહીં, ફીલ્ડરે ક્યારે બૉલ થ્રો કર્યો અને બૉલ ક્યારે ક્યાં હતો વગેરે ઘટનાને લગતી તસવીરો અગાઉ ઉપલબ્ધ નહોતી થતી, પણ હવે તે થશે. ૨૦૧૯માં વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડની ટીમ ઇંગ્લૅન્ડ સામેની આવી અભૂતપૂર્વ ઘટનામાં જ ફાઇનલ હારી ગઈ હતી.

ફીલ્ડરે નીચા કૅચમાં બૉલને ઝીલી લીધો હતો કે પછી બૉલ જમીનને અડી ગયો હતો એ પણ સ્માર્ટ સિસ્ટમમાં સ્પષ્ટપણે જોઈ શકાશે.

સ્ટમ્પિંગના બનાવમાં પણ થર્ડ અમ્પાયર એસઆરએસ હેઠળ હૉક-આય ઑપરેટરો પાસે ટ્રાય-વિઝન ફૂટેજ માગી શકશે.

હૉક-આય ઑપરેટરો હવે સિંગલ ફ્રેમમાં ફ્રન્ટ-ઑન અને સાઇડ-ઑન ઍન્ગલવાળા ફૂટેજ પૂરા પાડી શકશે. ટીવી અમ્પાયર આ ફૂટેજને ઝૂમ કરીને પોતાને નિર્ણય લેવા માટે જે ઍન્ગલ જોવો જરૂરી લાગશે એ જોઈ શકશે.

ટી-૨૦ ક્રિકેટમાં નિર્ણય ખૂબ ઝડપથી લેવા પડતા હોય છે અને એમાં હવે સ્માર્ટ રિવ્યૂ સિસ્ટમ થર્ડ અમ્પાયરને ઘણી મદદરૂપ થશે. હાલમાં બાઉન્ડરી લાઇનની બહાર (પિચના બન્ને છેડાની બરાબર સામે) રાખવામાં આવેલા કૅમેરામાંથી સ્પિન વિઝન દ્વારા એલબીડબ્લ્યૂની રિવ્યૂને લગતો નિર્ણય લઈ શકે છે. બૉલ જો બૅટની નજીકથી પસાર થયો હોય તો ટીવી અમ્પાયર અલ્ટ્રાએજ ચકાસવાનું કહે છે. બૅટને બૉલ નહોતો અડ્યો એવી ખાતરી થયા પછી તેઓ બૉલ-ટ્રૅકિંગ ચેક કરવાનું કહે છે. હવે સ્માર્ટ રિવ્યૂ સિસ્ટમ હેઠળ હૉક-આય ઑપરેટરને જો તેમના ફૂટેજમાં દેખાશે કે બૉલ લેગ સ્ટમ્પની બહાર પડ્યો હતો તો તેઓ તરત જ બાજુમાં બેઠેલા થર્ડ અમ્પાયરને કહેશે અને ત્યાર પછી તેઓ બૉલ ટ્રૅકિંગને લગતી વિધિને અગ્રતાના ક્રમે તપાસશે.

# સૂર્યકુમારની દિલ તોડતી ઇન્સ્ટાગ્રામ સ્ટોરી

મુંબઈઃ ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સના વર્લ્ડ નંબર-વન બૅટર સૂર્યકુમાર યાદવે આઇપીએલના આરંભના ગણતરીના દિવસો પહેલાં મુંબઈ ઇન્ડિયન્સના ચાહકોને 'દિલ તોડતી' ઇન્સ્ટાગ્રામ સ્ટોરીથી ચોંકાવી દીધા છે. એટલું જ નહીં, તેણે ચાહકોને ચિંતામાં મૂકી દીધા છે અને વિચારતા પણ કરી દીધા છે.

સૂર્યકુમાર યાદવે દિલ તૂટે એવી સાંકેતિક ભાષા સાથેની સ્ટોરી ઇન્સ્ટાગ્રામ પર મૂકી છે.

બીજી તરફ અહેવાલ મળ્યો હતો કે બેન્ગલૂરુની નૅશનલ ઍકેડેમીએ સૂર્યકુમારને આઇપીએલમાં મુંબઈની પ્રથમ મૅચમાં ન રમવાની સલાહ આપી છે. આ મૅચ ૨૪મી માર્ચે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ સામે રમાવાની છે. ફિટનેસના અભાવને કારણે તે પછીની બે-ત્રણ મૅચમાં પણ કદાચ નહીં રમે. એ ત્રણ મૅચ હૈદરાબાદ, રાજસ્થાન અને દિલ્હી સામે રમાવાની છે.

સૂર્યાએ તાજેતરમાં સાથળ પર મૂત્રાશયની બાજુના ભાગમાં સર્જરી કરાવી હતી.

# આઇપીએલના ઈજાગ્રસ્ત ખેલાડીઓની સૅલરી વિશે શું નિયમ છે?

ચેન્નઈઃ ૨૦૦૮માં (૧૬ વર્ષ પહેલાં) શરૂ થયેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની નવી સીઝન શરૂ થવાને માંડ બે દિવસ બાકી છે ત્યારે ઘણી ટીમોને જેમાં ખાસ કરીને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને એક પછી એક ખેલાડીની ઈજાના બૅડ ન્યૂઝ મળી રહ્યા છે. ઓપનર ડેવૉન કૉન્વે તેમ જ પેસ બોલર મથીશા પથિરાના અને મુસ્તફિઝુર રહમાનની ઈજાને લીધે ચિંતિત સીએસકેની ટીમ બાવીસમી માર્ચે રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર સામે રમીને ટૂર્નામેન્ટનો આરંભ કરશે.

આ સમયે ઘણા ક્રિકેટપ્રેમીઓના મનમાં સવાલ થતો હશે કે ખેલાડી જો ઈજા પામે કે એને કારણે ન રમી શકે તો તેને આઇપીએલના તેના ફ્રૅન્ચાઇઝી દ્વારા પેમેન્ટ થવાની બાબતમાં શું નિયમ છે?

૨૦૨૩ની સાલમાં જસપ્રીત બુમરાહ, રિષભ પંત અને પ્રસિદ્ધ ક્રિષ્ના તેમ જ ઘણા વિદેશી ખેલાડીઓ ઈજાને લીધે નહોતા રમી શક્યા. આ વખતે મોહમ્મદ શમી નથી રમવાનો.

નિયમ એવો છે કે જો કોઈ પ્લેયર આઇપીએલ શરૂ થતાં પહેલાં જ ઈજા કે બીજા કોઈ કારણસર સ્પર્ધાની બહાર થઈ જાય તો તેના ફ્રૅન્ચાઇઝીએ તેને કંઈ જ પૈસા ન આપવા પડે. ગયા વર્ષે બુમરાહ, પંત તેમ જ કાઇલ જૅમિસન અને ઝાય રિચર્ડસનને તેમના ફ્રૅન્ચાઇઝીએ કંઈ જ પૈસા નહોતા આપવા પડ્યા.

જો કોઈ ખેલાડી ઈજાને કારણે અમુક મૅચો માટે ઉપલબ્ધ ન થયો હોય તો તેના ફ્રૅન્ચાઇઝીએ તેને જેટલી મૅચો માટે તે ઉપલબ્ધ થયો હોય એટલી મૅચોના જ પૈસા (પ્રો-રેટા ધોરણે) આપવા પડે. જો ટૂર્નામેન્ટ દરમ્યાન કોઈ ખેલાડી તેના ફ્રૅન્ચાઇઝીને કહે કે મને ટીમમાંથી છૂટો કરી દો, તો એ ખેલાડીને તેનું ફ્રૅન્ચાઇઝી પ્રો-રેટા ધોરણે પેમેન્ટ કરશે. જોકે ફ્રૅન્ચાઇઝી પોતે જ કોઈ ખેલાડીને રિલીઝ કરી દે તો એ ફ્રૅન્ચાઇઝીએ તેને ફુલ પેમેન્ટ આપવું પડે.

જો ટૂર્નામેન્ટ દરમ્યાન કોઈ પ્લેયર ઈજા પામે તો તેના ફ્રૅન્ચાઇઝીએ તેનો સંપૂર્ણ તબીબી ખર્ચ ઉપાડવો પડે અને જો એ ખેલાડી ત્યારે ઈજાને લીધે ટૂર્નામેન્ટની બહાર થઈ જાય તો તેને ફ્રૅન્ચાઇઝી તરફથી ફુલ પેમેન્ટ મળશે.

જે પ્લેયર આખી આઇપીએલ રમે તો તમામ મૅચો માટેનું અથવા તે જેટલી મૅચોમાં રમવા માટે ઉપલબ્ધ રહે એ જ મૅચો માટેનું પેમેન્ટ તેનું ફ્રૅન્ચાઇઝી તેને આપે છે. કોઈક ફ્રૅન્ચાઇઝી પોતાના ખેલાડીઓને ટૂર્નામેન્ટની શરૂઆતમાં ૫૦ ટકા પેમેન્ટ અને બાકીના ૫૦ ટકા ટૂર્નામેન્ટના અંતે આપે છે. અમુક ફ્રૅન્ચાઇઝી વર્ષ દરમ્યાન ત્રણ તબક્કામાં અથવા પહેલાં ૧૦ ટકા, પછી ૪૦ ટકા, ૨૦ ટકા અને ૩૦ ટકા પેમેન્ટ કરતું હોય છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ફ્રેઈટ મેઈન્ટેનન્સ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસના સંબંધમાં વિવિધ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. સીપીએમ/જીએસ/એડીઆઈ/એસબીઆઈ/08.** ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ એન્જીનીયર (ગતિ શક્તિ) પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(1) કામનું નામ તેના સ્થળ સહિતઃ ઈ-ટેન્ડર નં. સીપીએમ/જીએસ/એડીઆઈ/એસબીઆઈ/08.** પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના સાબરમતી યાર્ડ ખાતે ફ્રેઈટ મેઈન્ટેનન્સ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસના સંબંધમાં સાબરમતી યાર્ડ અને પાલનપુર ખાતે હાલની યાર્ડ ઓફિસમાં વૃદ્ધિ, શેડના હાલના અને નવા ફ્લોરીંગ ઉપર કોંક્રિટ હાર્ડનર ટોપીંગ સહિત CC ફ્લોરીંગની જોગવાઈ, નવા અને જૂના બંને ORH શેડમાં વૃદ્ધિ, હાલના હવામાન શેડનું વિસ્તરણ, RCC પાથ વે ફ્લોરીંગની જોગવાઈ, રોલીંગ શટર, MS ટાઈ બાર ફેન્સીંગ, સ્ટોર બિલ્ડીંગમાં એપોક્ષી ફ્લોરીંગ, કૃત્રિમ સીલીંગ, કવર સહિત ઓપન ડ્રેઈન, અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ પાઈપ લાઈન નેટવર્ક, પાણીની આપૂર્તિની પાઈપ લાઈન, પાણીના સંગ્રહ, અન્ડર ગ્રાઉન્ડ સમ્પ્સની જોગવાઈ કરવાનું અને આવશ્યકતા મુજબ સંબંધિત આકસ્મિક કામ કરવાનું કામ. **(2) કામની અંદાજીત પડતરઃ** ₹ 24,77,09,936.35 **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** ₹ 13,88,600.00 **(4) ટેન્ડર ફોર્મ ફીઃ** નિઃશુલ્ક **(5) કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 16 (સોળ) મહિના ચોમાસા સાથે **(6) ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** તા.18-04-2024 સમયઃ 15:00 કલાકે **(7) વેબસાઈટ વિગત અને નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ** www.ireps.gov.in ચીફ પ્રોજેક્ટ મેનેજર/ગતિ શક્તિની ઓફીસ, "A" વિંગ, ચોથો માળ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, પશ્ચિમ રેલવે, અમદાવાદ-382345.

ADI-305

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# વેસ્ટર્ન રેલવેમાં મંગળ બન્યો અમંગળ

## ચાલુ દિવસે પ્રવાસીઓ થયા હેરાન

### ત્રણ કલાક બાદ રિપેરિંગ હાથ ધરાયુ


બોરીવલી સ્ટેશન પર ભીડ

મુંબઈ: સિગ્નલ ફેઈલ્યોર થવાને કારણે મંગળવારે વેસ્ટર્ન રેલવેમાં ટ્રેનોની અવરજવર ઉપર અસર થઇ હતી. પશ્ચિમ રેલવેમાં વસઇ-વિરાર દરમિયાન સિગ્નલ ફેલ થવાના કારણે ડાઉન ફાસ્ટ અને અપ સ્લો લાઇન ઉપર ટ્રેનની વ્યવહારને અસર થઇ હતી.

મંગળવારે સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ સિગ્નલમાં ખામી સર્જાઇ હતી, પરિણામે ફાસ્ટ અને સ્લો લાઈનની ટ્રેન પર અસર થઈ હતી. વિરારથી ચર્ચગેટની લોકલ ટ્રેન સહિત લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનસેવા પર અસર થવાથી પ્રવાસીઓ માટે ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી. સાંજના સાત વાગ્યાના સુમારે સિગ્નલ મરમ્મત કર્યા પછી ટ્રેનસેવા ચાલુ કરવામાં આવી હતી, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવેમાં વસઈ રેલવે સ્ટેશન નજીક સાંજના ૪.૩૨ વાગ્યાના સુમારે સિગ્નલ ફેઈલ્યોર થયું હતું, પરિણામે ડાઉન સ્લો અને ફાસ્ટ લાઈનની ટ્રેનસેવા પર પહેલા અસર થઈ હતી. વસઈ અને વિરારની ટ્રેનસેવા ઠપ થવાને કારણે પશ્ચિમ રેલવેના તમામ ગીચ સ્ટેશન પર અસર થઈ હતી. સિગ્નલ ફેઈલ્યોરના સમયગાળા દરમિયાન બોરીવલી, દહીસર, ભાયંદર, નાલાસોપારા, વસઈ-વિરાર સહિતના સ્ટેશન પર પ્રવાસીઓની ભીડ રહી હતી, જ્યારે લોકલ ટ્રેનમાં પણ ભીડ રહેવાથી ટ્રેનમાં મુસાફરી કરવામાં હાલાકી પડી હતી,

(જુઓ પાનું ૪) ▶▶

### પ્રોજેક્ટની નાણાકીય બાબતોમાં શિસ્ત લાવવા મહારેરાનો નિર્ણય

## હવે બિલ્ડરો માટે ત્રણ સ્વતંત્ર બૅન્ક એકાઉન્ટ ફરજિયાત

મુંબઈ: મહારેરાએ હાઉસિંગ પ્રોજેક્ટ્સની નાણાકીય બાબતોમાં શિસ્ત લાવવા, ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા અને નાણાકીય વ્યવહારોને પારદર્શક બનાવવા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે વિકાસકર્તાઓએ પ્રોજેક્ટના નાણાકીય વ્યવહારો માટે ત્રણ અલગ-અલગ બૅન્ક ખાતા ખોલવા પડશે. જેમ કે વર્કિંગ એકાઉન્ટ, સેગ્રિગેટેડ એકાઉન્ટ અને ટ્રાન્ઝેક્શન એકાઉન્ટને એક જ શેડ્યૂલ બૅન્કમાં ખોલવાનો પ્રસ્તાવ છે . આ એકાઉન્ટ્સ ડેવલપર અને પ્રોજેક્ટના નામે હોવા જોઈએ. બૅન્કે આ ખાતા ખોલતી વખતે મહારેરાની વેબસાઈટ પરથી આ વિગતોની ચકાસણી કરવી પડશે. મહારેરા દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે

(જુઓ પાનું ૪) ▶▶

### પાલિકાનો રેઢિયાળ કારભાર

## માત્ર ૩૫ ટકા પ્રોપર્ટી ટૅક્સ વસૂલ

### રજાના દિવસે પણ અધિકારીઓ રહેશે કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પૂરું થવાની ગણતરીના દિવસ બાકી રહ્યા છે અને મુંબઈ મહાનગરપાલિકા પોતાના લક્ષ્યાંકના માત્ર ૩૫ ટકા પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરી શકી છે. પાલિકા માટે ૩૧ માર્ચ સુધીમાં ૨,૯૭૮ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાનું કામ પડકારજનક રહેવાનું છે. તેથી પાલિકાએ હવે જાણીજોઈને ટેક્સ ભરવામાં વિલંબ કરી રહ્યા છે, તેવા ડિફોલ્ટરોને પર નજર નાખી છે.

સુધરાઈ દ્વારા ડિસેમ્બર,

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

### શાહ અને રાજ ઠાકરે વચ્ચે સકારાત્મક ચર્ચા

## બે-ચાર દિવસમાં નિર્ણય લેવાશે: મનસે

મુંબઈ: રાજ ઠાકરે દિલ્હીથી મુંબઈ પાછા આવ્યા ત્યારબાદ તેમણે મનસેના મોટા નેતાઓ બાળા નંદગાંવકર અને અવિનાશ જાધવની મુલાકાત લીધી હતી. દિલ્હીમાં રાજ ઠાકરે અને અમિત શાહ વચ્ચે શું વાતચીત થઇ તે તો સ્પષ્ટ નથી પરંતુ મનસે મહાયુતિમાં જોડાય તેવી શક્યતા હોવાનું સ્પષ્ટ છે. જો આમ થાય તો મનસેને કેટલી બેઠકો આપવામાં આવશે તેવો પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે. આ પ્રશ્નનો જવાબ આપતા બાળા નંદગાંવકરે જણાવ્યું હતું કે બે ચાર દિવસમાં મનસે મહાયુતિમાં સામેલ થશે કે નહીં એ અંગે નિર્ણય લેવામાં આવશે. અમિત શાહ અને રાજ ઠાકરે વચ્ચે સકારાત્મક ચર્ચા થઇ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

### ભાજપ અને મનસે વચ્ચે હજી કેમ નથી સધાયો સાંધો?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાળાસાહેબ ઠાકરે જેવા જ તીખા ગણાતા રાજ ઠાકરે અને હિંદુત્ત્વના મુદ્દે પ્રખર રાજકારણ કરતા ભાજપ વચ્ચે જોડાણ થશે તેવી અટકળો તો જ્યારથી મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના(મનસે) બની ત્યારથી થઇ રહી છે. જોકે, પહેલાથી જ ભાજપ અને મનસે વચ્ચે જોડાણ થઇ શકે તેવા ઘણા અહેવાલો મળી રહ્યા હોવા છતાં અત્યાર સુધી બંને પક્ષો વચ્ચે કોઇ પ્રકારનું જોડાણ કરવામાં આવ્યું નથી, પરંતુ આ વખતે ભાજપ અને મનસે વચ્ચે આખરે મનામણા થાય અને મનસે

(જુઓ પાનું ૪) ▶▶

### આવા નેતાઓ મહારાષ્ટ્રના દ્રોહી :સંજય રાઉત

મુંબઈ: એમએનએસ પ્રમુખ સોમવારે મોડી રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ ઠાકરેની દિલ્હી મુલાકાતને મહત્વની માનવામાં આવી રહી છે. તેઓ અમિત શાહ સાથે ચર્ચા કરશે. લોકસભા ચૂંટણીને પગલે શું રાજ ઠાકરે મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકાર સાથે ગઠબંધનમાં આવશે ? આ પ્રશ્ન મહત્વનો બની રહેશે. સંજય રાઉતે હવે રાજ ઠાકરેનું નામ લીધા વિના આ અંગે ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે,લોકસભા ચૂંટણીમાં શિવસેનાની અશ્વગતિ ચાલુ રહેશે. ઉદ્ધવ

(જુઓ પાનું ૪) ▶▶

### કોઈ આશ્ચર્ય નથી: શરદ પવાર જૂથ

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના અધ્યક્ષ રાજ ઠાકરે ભારતીય જનતા પક્ષ સાથે ઘરોબો ધરાવતા હોવાથી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથેની રાજ ઠાકરેની મુલાકાતથી કોઈ આશ્ચર્ય નથી થતું એવી પ્રતિક્રિયા રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (શરદ પવાર) તરફથી વ્યક્ત કરવામાં આવી છે. એમએનએસના અધ્યક્ષ રાજ ઠાકરે પર કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ડોળો છે અને શ્રી ઠાકરે પોતાના પક્ષને ઉગારી લેવાની વેતરણમાં છે એમ એનસીપી (એસપી)ના પ્રવક્તા ક્લાઇડ ક્રાસ્ટોએ જણાવ્યું હતું. રાજ

(જુઓ પાનું ૪) ▶▶




### ડીઆરઆઈએ ઈન્ટરનૅશનલ ડ્રગ સિન્ડિકેટનો કર્યો પર્દાફાશ

## વિદેશી મહિલાઓ પાસેથી ₹ ૧૦૦ કરોડનું કોકેઈન જપ્ત: ચાર આરોપી પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડિરેક્ટોરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) ઈન્ટરનૅશનલ ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ કરી અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કર્યું હતું. મુંબઈના ઍરપોર્ટ પરથી પકડાયેલી બે વિદેશી મહિલાની પૂછપરછ પછી અધિકારીઓએ આ સિન્ડિકેટના માસ્ટરમાઈન્ડને દિલ્હીથી તેના સાથીદાર સાથે પકડી પાડ્યો હતો.

ડ્રગ્સ તસ્કરી સાથે સંકળાયેલી મહિલા ઈથિયોપિયન ઍરલાઈનની ફ્લાઈટથી મુંબઈ આવી રહી હોવાની માહિતી ડીઆરઆઈના અધિકારીને મળી હતી. માહિતીને આધારે અધિકારીઓએ શનિવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ ખાતે છટકું ગોઠવી અદિસ અબાબાથી આવેલી મહિલા ગિના જી. રહાયુને આંતરી હતી.

મહિલાના સામાનની તપાસમાં શંકાસ્પદ કોઈ વસ્તુ મળી નહોતી. જોકે તેની ટ્રોલી બૅગનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં તેમાં છૂપું ખાનું હોવાનું જણાયું હતું. આ ખાનામાંથી સફેદ પાઉડર મળી આવ્યો હતો, જે કોકેઈન હોવાનું તપાસમાં જણાયું હતું. મહિલા પાસેથી અંદાજે ૫૦ કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કરાયું હતું.

પકડાયેલી ગિનાની પૂછપરછ પછી અધિકારીઓએ રવિવારે અદિસ અબાબાથી જ આવેલી બીજી મહિલાને પણ તાબામાં લીધી હતી. બન્ને મહિલા ડ્રગ સિડિન્કેટ સાથે સંકળાયેલી હોવાનું તપાસમાં જણાયું હતું. બન્ને મહિલા પાસેથી ૧૦ કિલો કોકેઈન જપ્ત કરાયું હતું, જેની કિંમત અંદાજે ૧૦૦ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મહિલાઓની પૂછપરછમાં જાણવા મળ્યું

(જુઓ પાનું ૪) ▶▶




### ગડકરી અને મોદી વચ્ચે મતભેદ?

## હું ફક્ત મારા કામ ઉપર ધ્યાન આપું છું: ગડકરી

મુંબઈ: કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મતભેદો અંગે વારંવાર ચર્ચાઓ થતી રહે છે. આ બંનેએ ક્યારે કોઈ કાર્યક્રમમાં એકબીજાને શુભેચ્છા પાઠવી કે નહીં? અથવા જ્યારે મોદી સંસદમાં બોલતા હતા ત્યારે તમામ સભ્યોએ બેન્ચ થપથપાવી હતી, પરંતુ ગડકરીએ એમ ન કર્યું. આ સંદર્ભમાં ગડકરીએ પોતે તેમને કહ્યું હતું કે ''ભાજપમાં કોઈ માન નથી'' એવો દાવો ઉદ્ધવ ઠાકરેએ જાહેરમાં કર્યો હતો. આ તમામ દાવાઓ પાછળનું સાચું સત્ય શું છે? આ વાતનો ખુલાસો ખુદ નીતિન ગડકરીએ કર્યો છે.

નીતિન ગડકરીએ આપેલા એક ઈન્ટરવ્યુમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેના મતભેદોના દાવાઓને

(જુઓ પાનું ૪) ▶▶

પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w). Since 2003
PANKAJ CHHEDA
9869559938

### ઉનાળા માટે પહેલેથી જોગવાઈ

## મહાવિતરણે આગામી બે મહિના માટે ૧૫૦ મેગાવોટ પાવરની ખરીદી કરી

મુંબઈ: રાજ્ય સરકારની મહાવિતરણ કંપનીએ ઉનાળામાં વીજળીની વધતી માંગને પહોંચી વળવા તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ અંતર્ગત માર્ચ મહિના સહિત ઉનાળાના આગામી બે મહિના માટે વધારાની વીજળીની તાત્કાલિક ખરીદી કરવામાં આવી રહી છે. આ વર્ષે પણ વીજળીની માંગ ફરી વધે તેવી શક્યતા છે. તે સ્થિતિમાં કંપનીએ ખોટ ટાળવા માટે તૈયારી કરી લીધી છે.

મહાવિતરણ રાજ્યમાં મુંબઈ સિવાય અન્ય

(જુઓ પાનું ૪) ▶▶

## સુપ્રિયા અને સુનેત્રા વચ્ચે 'સામાન્ય' દેખાવાની સ્પર્ધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશમાં લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાં જ વાતાવરણ આખું પલટાઈ ગયું છે અને હવે મતદારોને આકર્ષવા માટે ઉમેદવારો નવા વેષ-વાઘા સજી રહ્યા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ પ્રતિષ્ઠાની બનેલી બારામતી બેઠક પર નણંદ-ભાભી સામ-સામે છે અને આ બેઠક પર વિજય મેળવવા માટે બંનેએ પૂરું જોર લગાવ્યું છે. આ બધામાં હવે બંને વચ્ચે 'સામાન્ય' દેખાવા માટે સ્પર્ધા થઈ રહી છે. આ જોઈને તો એવું જ લાગે છે કે ચુનાવ ક્યા ક્યા ખેલ કરાવાયે.

એનસીપીના સ્થાપક શરદ પવારનાં પુત્રી અને બારામતીના વર્તમાન સંસદસભ્ય સુપ્રિયા સુળેએ

(જુઓ પાનું ૪) ▶▶

Summer Holidays
પ્યોર જૈન - વેજ ટુર
બધા સમાવેશ સાથે
યુરોપ - ૧૯ દિવસ, ૧૪ દિવસ
અમેરિકા- ૨૧ દિવસ
દક્ષિણ આફ્રિકા સાથે મોરેશિયસ - ૧૪ દિવસ
ઓસ્ટ્રેલિયા- ૧૩ દિવસ
કેનેડા સાથે અલાસ્કા ક્રૂઝ - ૧૧ દિવસ, ૧૮ દિવસ,
વિયેતનામ - ૮ દિવસ
ફાર ઈસ્ટ સાથે ક્રૂઝ - ૧૫ દિવસ
રવિવારે ચાલુ રહેશે
વધુ વિગતો માટે સંપર્ક કરો
Guideline™ making travel an art !
HEAD OFFICE: 4062 2222 / 4062 2205
GHATKOPAR: 9820089928 KANDIVALI: 9619251138
E: sales@guidelinetravels.com

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.